૧૯૯૦ની તુલનામાં ભારતીયોનું આયુષ્ય ૮ વર્ષ વધ્યુ! ૧૬

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ફાગણ વદ-૧૧ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦   સ્થાપક : બાબુભાઈ શાહ   તા. ૫-૪-૨૦૨૪ - શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૧૯૨   RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT   તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ   sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT




### ૫ ન્યાય, ૨૫ ગેરેંટી : કોંગ્રેસે જાહેર કર્યો ચૂંટણી ઢંઢેરો 'ન્યાયપત્ર'

# રૂા.૨૫ લાખનો કેશલેશ સ્વાસ્થ્ય વીમો: મહિલાઓને રૂા.૧ લાખ: કોંગ્રેસની ગેરંટી

## મહિલા, શ્રમિકો, યુવાનો, ખેડૂતો અને લઘુમતિઓ માટે ન્યાયનો વાયદો: અનામતની ૫૦ ટકાની મર્યાદા દૂર કરવાનું વચન

નવી દિલ્હી, તા.૫

લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે હવે ગરીબ મહિલાઓને વર્ષે એક લાખ રુપિયાની સહાય તથા ખેડૂતો માટે દેવા માફી સહિતની ૨૫ ગેરેંટીઓ આપી છે. આજે દિલ્હીમાં પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકા ખડગે તથા પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસનો પાંચ ન્યાય, ૨૫ ગેરેંટી સંકલ્પ પત્ર જાહેર કર્યો હતો અને જણાવ્યું હતું કે દેશના રાજનીતિ ઈતિહાસના ન્યાયના દસ્તાવેજ તરીકે આ ચૂંટણી ઢંઢેરાને યાદ રખાશે. કોંગ્રેસ પક્ષે તેના ઢંઢેરામાં ૩૦ લાખ સરકારી નોકરીઓનું પણ વચન આપ્યું છે તો અનામતમાં હાલ જે રીતે સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન મુજબ ૫૦ ટકાની મર્યાદા છે તે પણ દુર કરવા બંધારણ સુધારાની ખાતરી આપી હતી અને મનરેગા હેઠળ ઓછામાં ઓછા રુા.૪૦૦ પ્રતિ દિન (અનુસંધાન ૧૨ મા પાને)




## મનરેગાનું વેતન રૂા.૪૦૦ કરવા, લઘુમતિઓને કપડા, ભોજન અને ધર્મની સ્વતંત્રતા આપવા ખાતરી: જમ્મુ કાશ્મીરને પુનઃ રાજ્યનો દરજ્જો અપાશે

### કોંગ્રેસની ગેરંટી: મોદી સરકારના ૧૦ વર્ષના ભ્રષ્ટાચારની તપાસ થશે

★ આર્થિક રૂપથી નબળા વર્ગને નોકરી, શિક્ષણ સંસ્થાઓમાં ૧૦ ટકા અનામત, કોઇપણ જાતના ભેદભાવ વગર.
★ દેશવ્યાપી આર્થિક-સામાજીક જાતિ જનગણના.
★ સાર્વભૌમિક સ્વાસ્થ્ય યોજનામાં પરિવાર માટે રૂા. ૨૫ લાખનો કેશલેશ વિમો.
★ ટેકાના ભાવની કાનૂની ગેરંટી
★ મહાલક્ષ્મી ગેરંટી યોજના હેઠળ ગરીબ મહિલાઓને રૂા.એક એક લાખ પ્રતિ વર્ષે.
★ મોદી સરકારના ૧૦ વર્ષના ભ્રષ્ટાચારની તપાસ
★ ન્યાયમૂર્તિઓની નિયુક્તિ માટે રાષ્ટ્રીય ન્યાય આયોગ રચાશે

### સતત સાતમી વખત રેપોરેટ ૬.૫% જ રાખતી રીઝર્વ બેન્ક

# વ્યાજદર યથાવત: ધિરાણ લેનારને કોઈ રાહત નહી

## ફુગાવા સામે સતત સાવચેતીનું વલણ દર્શાવતા શશીકાંતા દાસ: ૨૦૨૪/૨૫માં વિકાસદર ૭% રહેવાનો અંદાજ: ચોમાસા પર નજર




મુંબઈ: દેશમાં ફુગાવાની સ્થિતિ હળવી થઈ હોવા છતાં પણ હજું આગામી સમયના ચોમાસા તથા વૈશ્વિક પરિબળો- ક્રુડતેલના ભાવમાં ફરી વધારો સહિતના કારણોસર રીઝર્વ બેન્કે વ્યાજદર યથાવત રાખવા નિર્ણય લીધો છે. ત્રણ દિવસની રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની દ્વીમાસીક મોનેટરી પોલીસી કમીટીની બેઠક બાદ આજે રીઝર્વ બેન્કના ગવર્નર શ્રી શશીકાંતા દાસે પત્રકાર પરિષદમાં રેપોરેટ ૬.૫% યથાવત રાખવાની જાહેરાત કરી છે. શ્રી દાસે જાણાવ્યું હતું કે દેશના અર્થતંત્રની પરીસ્થિતિ પર રિઝર્વ બેન્કની નજીકની નજર છે અને ફુગાવાનો દર ૪% સુધી મર્યાદીત રાખવાનો બેન્કનો લક્ષ્યાંક છે. રીઝર્વ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૪/૨૫ માટે ૭%ના વિકાસ દરનો લક્ષ્ય રાખ્યો છે તથા જાણાવ્યું હતું કે રીઝર્વ બેન્ક જયાં સુધી ફુગાવાને લાગે વળગે છે તો તેના ૪%ના ટાર્ગેટની નજીક પહોંચી રહ્યો છે પણ છેલ્લા સમયે પડકારની સ્થિતિ પણ સર્જાવાની ધારણા છે અને ફુગાવો હજુ ૪.૫%ના દર સુધી રહી શકે છે. ખાસ કરીને ચોમાસાની સારી સ્થિતિના અનુમાનથી ખરીફ પાક પણ સારો હશે તેવો અંદાજ છે. આરબીઆઈના આ નિર્ણયથી બેન્ક ધિરાણ હવે વધુ સમય સસ્તા થશે નહી. અનેક બેન્કોએ હાલમાં જ તેના હોમલોન સહિતના વ્યાજદર અપાયો છે.




રિઝર્વ બેન્કે સતત સાતમી વખત વ્યાજદર જાળવી રાખ્યા છે. ખાસ કરીને જે રીતે વૈશ્વિક મોરચે યુક્રેન યુદ્ધ તથા ઈઝરાયેલ-હમાસ મોરચે હવે ગલ્ફના દેશોમાં તનાવ છે તે પણ એક ફેકટર હોવાનું માનવામાં આવે છે.

A Big Thank You
₹ 10,000 કરોડથી વધુ બિઝનેસ ધરાવતી
સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ અર્બન કો-ઓપરેટિવ બેંક
રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
સભાસદો - ખાતેદારો સહુનો હૃદયપૂર્વક આભાર...
સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટર્સ વતી
વિનોદ કુમાર શર્મા - સીઈઓ   જીમ્મી દક્ષીણી - કાર્યકારી ચેરમેન
નાના માણસની મોટી બેંક   PROUDLY CO-OPERATIVE   સહકારથી સમૃદ્ધિ





'મિતરોં, ભ્રષ્ટાચારીઓ સામે એક્શન લઈશ'
એકે-એકને જુમલા પાર્ટીમાં ભરી લઈશ



Issued in public interest by
All India Congress Committee.

# EVI : ઈમોશનલ ઈન્ટેલિજન્સ ધરાવતું વિશ્વનું પ્રથમ AI






**ઈમોશનલ ઈન્ટેલિજન્સ (EQ) એ એક જટિલ ખ્યાલ છે કે જેમાં વિવિધ ક્ષમતાઓનો સમાવેશ થાય છે. ઈમોશનલ ઈન્ટેલિજન્સમાં વ્યક્તિની પોતાની લાગણીઓ તેમજ અન્યની લાગણીઓને સમજવા, સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતાનો ઉલ્લેખ થાય છે. EQના મુખ્ય ઘટકોમાં સેલ્ફ અવેરનેસ એટલે કે વ્યક્તિની પોતાની લાગણીઓ અને વિચારો અને વર્તન પરની અસરને ઓળખવી, સ્વ-નિયમન એટલે કે લાગણીઓનું સંચાલન કરવું અને તેમના દ્રષ્ટિકોણને સમજવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.**

**એઆઈ એલ્ગોરિધમ્સ મનુષ્યો દ્વારા બનાવેલા ડેટા સેટ પર પ્રશિક્ષિત છે. જો આ ડેટા સેટમાં પૂર્વગ્રહો હોય, તો EVI તેની ક્રિયાપ્રતિક્રિયાઓમાં તે પૂર્વગ્રહોને કાયમી બનાવી શકે છે. જેમ જેમ AI વધુ ડેવલપ થાય છે તેમ તેમ નૈતિક બાબતો સર્વોપરી બની જાય છે. આથી આપણે કેવી રીતે સુનિશ્ચિત કરીશું કે EVIનો ઉપયોગ સારા કાર્ય માટે જ થાય છે અને તે માનવની અંગત લાગણીઓ સાથે છેડછાડ કરતું નથી? તે એક યક્ષ પ્રશ્ન છે.**

**ન્યુયોર્ક સ્થિત રિસર્ચ લેબ 'હ્યુમ AI' દ્વારા ઈમોશનલ ઈન્ટેલિજન્સ ધરાવતું વિશ્વનું પ્રથમ AI મોડલ EVI વિકસાવવામાં આવ્યું છે. EVIના નિર્માતાઓ દાવો કરે છે કે તે વિવિધ માધ્યમો દ્વારા માનવીય લાગણીઓને ઓળખી શકે છે, જેમાં વાતચીતની પેટર્ન, ચહેરાના હાવભાવ અને અવાજ પણ સામેલ છે. આ સંકેતોનું પૃથ્થકરણ કરીને, EVIનો ઉદ્દેશ્ય યુઝર્સની ભાવનાત્મક સ્થિતિને સમજવા અને તે મુજબ તેના પ્રતિભાવોને અનુરૂપ બનાવવાનો છે.**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર વધુને વધુ નિર્ભર બની રહેલા વિશ્વમાં, એક નવા વિકાસે સંશોધકો અને લોકોની કલ્પનાને એકસરખી રીતે પોતાના તરફ આકર્ષ્યા છે. હવે એક એવું એઆઈ ટૂલ આવ્યું છે કે જેનું નામ EVI છે કે જે ઈમોશનલ ઈન્ટેલિજન્સ સાથે વિશ્વના પ્રથમ ચેટબોટ AI તરીકે ઓળખવામાં આવે છે. ન્યુયોર્ક સ્થિત રિસર્ચ લેબ 'હ્યુમ AI' દ્વારા વિકસિત EVI એ માનવીય લાગણીઓનું અર્થઘટન કરવાની અને સહાનુભૂતિ સાથે પ્રતિસાદ આપવાની ક્ષમતા ધરાવે છે કે જે ભાવનાત્મક રીતે બુદ્ધિશાળી મશીનોથી ભરેલા ભવિષ્યના દરવાજા ખોલે છે. પરંતુ આપણે EVI ની સંભવિત એપ્લિકેશનોની તપાસ કરીએ તે પહેલાં, એક જટિલ ચિંતન જરૂરી છે કે ઈમોશનલ ઈન્ટેલિજન્સ હકીકતે છે શું અને મશીન તેને કેવી રીતે ધરાવી શકે? EVI એ વર્તમાન ચેટબોટ AI થી કેવી રીતે અલગ છે અને આ નવીન ટેકનિકની મર્યાદાઓ શું છે?

ઈમોશનલ ઈન્ટેલિજન્સ (AI) એ એક જટિલ ખ્યાલ છે કે જેમાં વિવિધ ક્ષમતાઓનો સમાવેશ થાય છે. ઈમોશનલ ઈન્ટેલિજન્સમાં વ્યકિતની પોતાની લાગણીઓ તેમજ અન્યની લાગણીઓને સમજવા, સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતાનો ઉલ્લેખ થાય છે. AI ના મુખ્ય ઘટકોમાં સેલ્ફ અવેરનેસ એટલે કે વ્યક્તિની પોતાની લાગણીઓ અને વિચારો અને વર્તન પરની અસરને ઓળખવી, સ્વ-નિયમન એટલે કે લાગણીઓનું સંચાલન કરવું, સામાજિક જાગૃતિ એટલે કે અન્યની લાગણીઓને સમજવી અને સહાનુભૂતિ એટલે કે અન્યની લાગણીઓને શેર કરવાની અને તેમના દ્રષ્ટિકોણને સમજવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.

પરંપરાગત રીતે, ભાવનાત્મક બુદ્ધિને અનન્ય માનવીય લક્ષણ માનવામાં આવે છે. જો કે, AI માં થયેલી પ્રગતિએ સંશોધકોને સમાન ક્ષમતાઓ સાથે ઇમબ્યુઇંગ મશીનોની શક્યતાનું સંશોધન કરવા માટે પ્રેર્યા છે. EVI ના નિર્માતાઓ દાવો કરે છે કે તે વિવિધ માધ્યમો દ્વારા માનવીય લાગણીઓને ઓળખી શકે છે, જેમાં વાતચીતની પેટર્ન, ચહેરાના હાવભાવ અને અવાજ પણ સામેલ છે. આ સંકેતોનું પૃથ્થકરણ કરીને, EVI નો ઉદ્દેશ્ય યુઝર્સની ભાવનાત્મક સ્થિતિને સમજવા અને તે મુજબ તેના પ્રતિભાવોને અનુરૂપ બનાવવાનો છે. દાખલા તરીકે, જો કોઈ યુઝર EVI સાથેની પોતાની વાતચીતમાં હતાશા વ્યક્ત કરે છે, તો EVI વધુ શાંત અને સહાનુભૂતિપૂર્ણ સ્વર અપનાવીને તે યુઝર સાથે વાતચીત કરશે.

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

આવા ભાવનાત્મક રીતે બુદ્ધિશાળી AI ની સંભવિત એપ્લિકેશનો વિશાળ છે. EVI વધુ માનવીય અનુભવ પ્રદાન કરીને કસ્ટમર સર્વિસ સેક્ટરમાં ક્રાંતિ લાવી શકે છે. હવે એક કસ્ટમર સર્વિસ એજન્ટની કલ્પના કરો કે જે ફક્ત તમારા પ્રશ્નોના જવાબ જ નહીં આપી શકે પણ સાથે સાથે તમારી ચિંતાઓ, લાગણીઓ અને તણાવને પણ સમજી શકે અને તમારી સમસ્યા દૂર કઈ રીતે થશે તેનો યોગ્ય ટોનમાં જવાબ પણ આપી શકે. EVI માનસિક સ્વાસ્થ્ય ઉપચારમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. યુઝર્સને તેમની લાગણીઓ વ્યક્ત કરવા માટે એક સુરક્ષિત અને બિન-નિર્ણયાત્મક જગ્યા પ્રદાન કરીને EVI પોતાના યુઝર્સને ભાવનાત્મક સમર્થન આપી શકે છે.

જયારે EVI ની ક્ષમતાઓ પ્રભાવશાળી છે ત્યારે આ ટેક્નોલોજીના પડકારો અને મર્યાદાઓને સ્વીકારવી પણ મહત્વપૂર્ણ છે. માનવીય લાગણીઓ જટિલ અને બહુપક્ષીય હોય છે. ત્યારે શું EVI માનવ લાગણીના વાવાઝોડાને સાચી રીતે સમજી શકે છે કે તે માત્ર કેટલાક સુપરફિસિયલ સંકેતોના આધારે પૂર્વ-પ્રોગ્રામ કરેલા પ્રતિસાદોની નકલ કરે છે? એક વ્યક્તિ કોઈ સ્થિતિમાં ઉદાસ છે અને એ જ સ્થિતિમાં બીજો વ્યક્તિ ગુસ્સામાં છે. તો આ બંને વ્યક્તિની લાગણીઓનું શું અલગ અલગ રીતે અર્થઘટન કરી શકાશે? EVI માનવ લાગણીઓની સહજ સબજેક્ટિવિટીને કેવી રીતે હેન્ડલ કરશે?

એઆઈ એલ્ગોરિધમ્સ મનુષ્યો દ્વારા બનાવેલા ડેટા સેટ પર પ્રશિક્ષિત છે. જો આ ડેટા સેટમાં પૂર્વગ્રહો હોય, તો EVI તેની ક્રિયાપ્રતિક્રિયાઓમાં તે પૂર્વગ્રહોને કાયમી બનાવી શકે છે.




જેમ જેમ AI વધુ ડેવલપ થાય છે તેમ તેમ નૈતિક બાબતો સર્વોપરી બની જાય છે. આપણે કેવી રીતે સુનિશ્ચિત કરીશું કે EVI નો ઉપયોગ સારા કાર્ય માટે જ થાય છે અને તે માનવની અંગત લાગણીઓ સાથે છેડછાડ કરતું નથી?

EVI નો વિકાસ એઆઈના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પગલું છે. જો કે, આ ટેક્નોલોજી પર યોગ્ય નિયંત્રણ અને સુપ્રવિઝન પણ જરૂરી છે. આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે EVIએ ઉપર ચર્ચા કરેલ પડકારો અને મર્યાદાઓને સંબોધીને જવાબદારીપૂર્વક વિકસિત અને અમલમાં મુકવામાં આવે છે.

EVI ને તાલીમ આપવા માટે ઉપયોગમાં લેવાતા ડેટા સેટ્સ પૂર્વગ્રહ ઘટાડવા અને ન્યાયી અને નિષ્પક્ષ ક્રિયાપ્રતિક્રિયાઓ સુનિશ્ચિત કરવા માટે કાળજીપૂર્વક ક્યુરેટેડ હોવા જોઈએ. માનવ દેખરેખ એ કોઈપણ AI સિસ્ટમનો આવશ્યક ભાગ રહેવો જોઈએ, ખાસ કરીને જેઓ માનસિક સ્વાસ્થ્ય જેવા સંવેદનશીલ ક્ષેત્રો સાથે કામ કરે છે. EVI માં માનવ-કમ્પ્યુટર ક્રિયાપ્રતિક્રિયાના નવા યુગની શરૂઆત કરવાની ક્ષમતા છે, પરંતુ જો આપણે તેના વિકાસ અને એકીકરણને જવાબદારીપૂર્વક નિયંત્રિત કરીએ તો જ.

EVI એ ભાવનાત્મક રીતે બુદ્ધિશાળી AI તરફના માર્ગ પરનું પ્રથમ પગલું છે. જેમ જેમ સંશોધન આગળ વધે છે તેમ તેમ આપણે હજુ પણ વધુ અત્યાધુનિક AI સિસ્ટમો ઉભરતી જોઈશું. આ ભાવિ AI માનવ લાગણીઓની ઊંડી સમજ ધરાવી શકે છે કે જે તેમને માત્ર લાગણીઓને ઓળખવા અને તેનો પ્રતિસાદ આપવા માટે જ નહીં પરંતુ સમય જતાં તેમના પ્રતિભાવોને શીખવા અને અનુકૂલિત કરવાની મંજૂરી પણ આપશે. કે જે વ્યક્તિગત જરૂરિયાતો અને પસંદગીઓને પૂરી કરતી વ્યક્તિગત ક્રિયાપ્રતિક્રિયાઓ તરફ દોરી શકે છે. અને આ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.

## સુવિચાર

પોતાની ઓળખાણ બતાવવામાં
સમય બરબાદ ના કરો
મહેનત કરો,
સમય ખુદ તમારી ઓળખાણ બીજાને બતાવશે.

### બટેટા, ટામેટાં, ડુંગળીના ભાવ વધતા શાકાહારી થાળી મોંઘી બની

# ડુંગળીમાં ૪૦ ટકા, ટમેટામાં ૩૬ ટકા અને બટેટામાં ૨૨ ટકાનો ભાવ વધારો

મુંબઈ, તા ૫

મોંઘવારીની અસર ઘરની થાળી પર પણ પડી રહી છે. માર્ચ મહિનામાં શાકાહારી થાળી વાર્ષિક ધોરણે સાત ટકા મોંઘી થઈ હતી અને તેનું મુખ્ય કારણ ડુંગળી, ટામેટા અને બટેટાના ભાવમાં વધારો છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિસિસે તેના માસિક 'રોટી રાઈસ રેટ' રિપોર્ટમાં જણાવ્યું હતું કે ઓછી આવક અને નીચા બેઝ રેટને કારણે ડુંગળીના ભાવમાં ૪૦ ટકા, ટામેટાના ભાવમાં ૩૬ ટકા અને બટાકાના ભાવમાં ૨૨ ટકાનો વધારો થયો છે.

**કિંમત વધીને ૨૭.૩ રૂપિયા પ્રતિ પ્લેટ થઈ**

શાકાહારી થાળી રોટલી, શાક, ભાત, દાળ, દહીં અને સલાડ સાથે આવે છે. માર્ચમાં આ થાળીની કિંમત વધીને ૨૭.૩ રૂપિયા પ્રતિ થાળી થઈ હતી, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૨૫.૫ રૂપિયા હતી. જોકે, શાકાહારી થાળીની કિંમત ફેબ્રુઆરીમાં ૨૭.૪ રૂપિયાની સરખામણીએ માર્ચમાં ઘટી છે.

**માંસાહારી થાળીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો**

મરઘાંના ભાવમાં ઘટાડાને કારણે ગયા મહિને માંસાહારી થાળીની કિંમતમાં સાત ટકાનો ઘટાડો થયો હતો. માંસાહારી થાળીનો ભાવ ગયા મહિને ઘટીને રૂ. ૫૪.૯ થયો હતો જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૫૯.૨ હતો. પરંતુ તેની કિંમત ફેબ્રુઆરીમાં ૫૪ રૂપિયા પ્રતિ પ્લેટ કરતા વધુ છે.



**બ્રોઈલરના ભાવમાં ૫ ટકાનો વધારો**

બ્રોઈલર ચિકનના ભાવમાં ૧૬ ટકાના ઘટાડાને કારણે માંસાહારી થાળીની કિંમત વાર્ષિક ધોરણે ઘટી છે. માંસાહારી થાળીમાં બ્રોઈલરનું વજન ૫૦ ટકા હોય છે. જો કે, માર્ચમાં પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત અને વધુ માંગને કારણે ફેબ્રુઆરીની સરખામણીએ બ્રોઈલરના ભાવમાં પાંચ ટકાનો વધારો થયો છે.

**થાળીની કિંમત કેવી રીતે નક્કી કરવામાં આવી?**

ઘરમાં રાંધેલી થાળીની સરેરાશ કિંમત ભારતના તમામ ભાગોમાં એટલે કે ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં ઇનપુટ કિંમતોના આધારે ગણવામાં આવે છે. ક્રિસિલના રોટી રાઈસ રેટ રિપોર્ટ અનુસાર, વાર્ષિક ધોરણે ડુંગળી, ટામેટા અને બટાકાના ભાવમાં વધારાને કારણે શાકાહારી થાળી મોંઘી થઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ગત નાણાકીય વર્ષ-૨૦૨૩માં બજારોમાં ડુંગળી અને બટાકાની ઓછી સપ્લાયને કારણે ટામેટાંના ભાવ પર અસર થઈ હતી.

## આજનું ચિંતન



### પ્રતિસ્પર્ધા જીવનમાં ઘણી ગૂંચ ઉભી કરે છે

ગુલાબનું પુષ્પ મોગરાના પુષ્પ સાથે પ્રતિસ્પર્ધા કરે તો સરવાળે એને દુઃખી થવાનું જ રહે ને ?

ચકલી ગરૂડ સાથે પ્રતિસ્પર્ધા કરતી રહે તો સરવાળે એને એટેકના જ શિકાર બનવું પડે ને ?

બે ફુટની જ ઉંચાઇ ધરાવતો યુવક સાત ફુટની ઉંચાઇ ધરાવતા યુવક સાથે પ્રતિસ્પર્ધામાં ઉતરે તો એનાં લમણે પરાજય જ ઝીકાય ને?

યાદ રાખજે,

અતૃપ્તિ અને અસંતોષ આ બે એવા દોષો છે કે જે તમને શાંતિથી બેસવા જ નથી દેતા, દોડાવ્યા જ કરે છે અને આ આંધળી દોટની મોટી તકલીફ એ છે કે એમાં તમને કોઇનીય હુંફ તો નથી જ મળતી, તમારે સતત હાંફતા જ રહેવું પડે છે.

હા, પ્રતિસ્પર્ધા વિના મનને ચેન ન જ પડતું હોય તો એક કામ કરવા જેવું છે.

મારી પ્રતિસ્પર્ધા મારી જ સાથે, મારી ગઇકાલે સાથે મારી આજની પ્રતિસ્પર્ધા, મારા ગઇકાલના વિકાસ સાથે મારા આજના વિકાસની સ્પર્ધા.

પરિણામ ?

સ્વસ્થતા-પ્રસન્નતા-શાંતિ અને મસ્તીની અનુભૂતિ પાકી.

- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)

## એપ્રિલ ફૂલ(શીતળ) ડે-૫ (સર્વ કર્મેન્દ્રિયાજીત બનીએ)

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

ક્રમશઃ મન, બુધ્ધિ,સંસ્કાર સહિત બધી કર્મેન્દ્રિયોને શીતલ બનાવીએ. એપ્રિલ માસની ગર્મી સૂર્યના તાપને કારણે અસહ્ય બને છે ત્યારે લોકો કોઈને કોઈ યુક્તિથી પોતાના કોઠાને, શરીરના તાપમાનને ઠંડક કે શીતળ પદાર્થો દ્વારા સામાન્ય રાખે છે. બહારની એ ગર્મીની અસર સ્વયંના મન પર અને દરેક કર્મેન્દ્રિયો પર પણ થાય છે પરંતુ સ્વ-પરનું નિયંત્રણ અને અનુશાસન દ્વારા આપણે સ્વસ્થિતિને કાબૂમાં રાખીશું. ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગ દ્વારા આત્માને તૃપ્તિ મળે છે તેને આ ગીતની પંક્તિઓ દ્વારા જાણીએ-

તપતે મન કો મેરે આત્મ તૃપ્તિ મિલી, બૂઝ રહે દીપપ કો જૈસે દીપ્તિ મિલી;
જબ પડી આપકી દ્રષ્ટિ હમ પર પ્રભુ, જૈસે જીવન મિલા, જયોતી જગતી મિલી...
તપતે મન કો મેરે.
રાત અંધિયારી થી,
રાહ ભટકન ભરી,
નન્હી સી નાઁવ થી,
વો ભી ટૂટી હુઈ;
પાર કરના આગમ કો, સુગમ થા નહી, પતવાર મેરી, મુઝસે છૂટી હુઈ...
પાર સાગર હૂયે, ઐસી શક્તિ મિલી, બૂઝ રહે દીપ કો જૈસે દીપ્તિ મિલી...તપતે મન કો મેરે.

પ્રભુના સથવારે તૃપ્ત મન શીતળતા પ્રદાન કરે છે. 'હું કર્મેન્દ્રિય જીત આત્મા છું' એ નશો રહે છે. વાણીમાં મધુરતા, હોઠો પર મુસ્કાન અને ચહેરો હસતો રાખીએ. કટૂ વચન છોડીએ. કોઈને દુઃખ આપનારી ભાષા પ્રયોગ ન કરીએ. ઉંચો અવાજ, વ્યર્થ બોલ, અશુભ બોલ ન બોલીએ. દુવાઓ અને વરદાની શુભ બોલ બોલીએ. ઓછા, ધીરે અને મધુર બોલ સર્વને પ્રિય લાગે છે. જેનાથી સંબંધમાં સૌની નજીક અવાય છે. આત્મિયતા અને કાર્ય સફળતા વધે છે. જીવન સરળ, સુખમયી બની જાય છે. આવા શીતલયોગીનું મુખ પણ કમલપુષ્પ સમાન સુકોમલ બને છે. જીભને અનાસક્ત રાખીશું. આ ખાધુ, તે ખાધુ... અને પછી પેટને માફક ન આવ્યુ. આવી જીભ-મોંની આસક્ત વૃતિ અન્ય તરફ પણ આકર્ષિત થતી રહેશે આથી સાવધાન!... સ્વયંની આંતરિક વૃતિને અનાસક્ત બનાવીએ. સ્વાદનો ચસ્કો છોડીએ અને સાત્વિક ભોજન ગ્રહણ કરીએ. પ્રકૃતિ દાસી ત્યારે બને છે જ્યારે તેમને જીતીએ. હાથો દ્વારા શ્રેષ્ઠ કર્મો થાય અને દાન-પુણ્યના કાર્યો થાય. હાથ કોઈને મારવા માટે કદી ન ઉઠે કે ન તેનાથી કોઈની ખામી શોધી તેમની તરફ આંગળી ઉઠે! ના. તે સ્વયંના કર્મ બંધનને બાંધવારૂપ છે. આથી દરેક વાત પર ધ્યાન આપીએ. હાથ-પગને પુરૂષાર્થની વિધિ દ્વારા સારા કર્મોને કરવામાં, લોકકલ્યાણની સેવામાં લગાવીએ.

સ્વમાનભર્યુ ઉચ્ચ જીવન જીવવું અર્થાત આત્માના સાતો ગુણના નશામાં સ્વયંને સ્થિત કરવું. સ્વમાનના અભ્યાસ દ્વારા મન, બુધ્ધિને એવા સુંદર, શ્રેષ્ઠ સંકલ્પો આપીએ અને તેમનું સકારાત્મક્તામાં પરિવર્તન કરીએ. બુધ્ધિ દિવ્ય બનાવીએ. જેનાથી કર્મો પણ દિવ્ય, શ્રેષ્ઠ અને ઉંચા થાય છે. રોજ સવારથી જ મનોમન એવા સ્વમાનનો અભ્યાસ કરીએ -

હું આત્મા માસ્ટર સર્વશક્તિવાન છું.
હું આત્મા પરમપિતા પરમાત્માની શ્રેષ્ઠ રચના છું.
હું આત્મા રાજા સર્વ કર્મેન્દ્રિયોની અધિકારી છું.
સફળતા મારો જન્મ સિધ્ધ અધિકાર છે.
આમ હું આત્મા શાંત ચિત્ત છું, સુખદેવ છું, પ્રેમ સ્વરૂપ છું, આનંદ સ્વરૂપ છું વગેરે સ્વમાન દ્વારા સ્વયંના ગુણોને જાગૃત કરીએ અને તેના સ્વરૂપ બનીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ફાગણ વદ-૧૨, તા.૬/૪/૨૪, શનિવાર

સૂર્યોદય : ૬-૩૭, સૂર્યાસ્ત : ૭-૦૧, જૈન નવકારશી : ૭.૨૫
રાશિ : કુંભ (ગ.સ.શ.ષ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મકર, મંગળ-ધન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-ધન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-વૃશ્ચિક, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મીન


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** બીજાની જવાબદારી લેવામાં સાવધાની રાખજો, નોકરીમાં પ્રગતિ પ્રમોશનના ચાન્સ, પ્રવાસ થાય.
**વૃષભ :** આરોગ્યના પ્રશ્નોમાં બેદરકારી ન રાખવી, આવકનું પ્રમાણ જળવાઈ રહે, માતાનો સહકાર રહે.
**મિથુન :** નોકરીમાં ઉપરી વર્ગનો સહકાર રહે, કર્જમાં રાહત થવાની, ભાઈ બહેનોથી લાભ રહેશે.
**કર્ક :** પુરૂષાર્થનું ફળ મળવાનું, અંધશ્રધ્ધાથી દુર રહેજો, વિદેશ જવાની કોઈ સારી તક ઉભી થાય.
**સિંહ :** વ્યર્થ દલીલબાજી ટાળજો, પરિવારના વડીલ વર્ગનો સહકાર રહેવાનો, નવી એજન્સી મળે.
**કન્યા :** વિજાતીય મિત્રતા વધુ ગાઢ બને, આવક વધારવાના પ્રયત્નો મહદ અંશે સફળ થાય.
**તુલા :** ભાગ્યોદય માટે સારો દિવસ રહેવાનો, વિજાતીય મિત્રતા ગાઢ બને, આર્થિક લાભ, લગ્નની ઈચ્છા ફળવાની.
**વૃશ્ચિક :** દિવસ ટેન્શનવાળો રહે, કોઈ મહત્વના કાર્યો આજે ન કરવા, નોકરીમાં ચીવટપૂર્વક કાર્ય કરવું જરૂરી.
**ધન :** મનગમતી વ્યકિતની મુલાકાત થાય, ભાગીદારી યોજના સફળ થાય, હરીફોથી જાળવવું, મિલકતથી લાભ.
**મકર :** દિવસ દરમ્યાન સુસ્તી રહે, વિદેશથી લાભ મળવાનો, નોકરીમાં ઉપરી વર્ગને સહકાર દેવો, માતુશ્રીનો સાથ સહકાર રહે.
**કુંભ :** શેરસટામાં અનુકુળતા રહે, સીઝનલ ધંધાથી લાભ, વ્યવસાયમાં ઉધારી ન કરવી, પરિવારના પ્રશ્નો હલ થાય.
**મીન :** સ્થળાંતરની ઈચ્છા ફળે, નોકરીમાં કાર્યભાર રહે, બચતની ઈચ્છા ફળે, ભાઈ બહેનો સાથે ગેરસમજોથી જાળવવું.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. 'સાંજ સમાચાર' આયોજીત સંગીત સંધ્યા (૬)
૬. પર્યટન (૩)
૮. હુંફાળી ચાદર (૩)
૯. ગળુ પકડવું (૩)
૧૦. કારવા ગુઝર ગયા, ... દેખતે રહે (૩)
૧૧. ગીત : ... હૈ મુજે ... કે લીએ (૩)
૧૩. ...દી ફતેહ, ... દા ખાલસા (૪)
૧૭. પતિના મામા (૩)
૧૮. દલાઇ ... (૨)
૧૯. ગેસ્ટ (૪)
૨૦. સવાલ (૨)
૨૧. બગલ-ઉંધુ લખો (૩)
૨૨. સુરતની એક વાનગી (૨)
૨૩. તુજ કો પુકારે મેરા પ્યાર, આજા ... ફિલ્મ (૫)
૨૬. ..., ... તેરે કારે કારે નૈના (૪)
૨૯. ત્રણ વત્તા ત્રણ (૧)
૩૦. રમત ... (૬)
૩૧. વીસ કિલો (૨)

### ઉભી ચાવી

૧. દ્રષ્ટિહિન (૪)
૨. છુટ્ટી (૨)
૩. શરાબનું ઠેકાણું-ઉર્દુ (૪)
૪. રાજકોટ નજીકનું ગામ, જયાં હિન્દી ફિલ્મનું શુટીંગ થયેલું (૪)
૫. પાણી (૨)
૭. સરખા રસ ધરાવતું (૪)
૧૦. શિક્ષક માટેનું આદરણીય સંબોધન (૩)
૧૨. જુનાગઢના ચાર રસ્તા (૬)
૧૪. હિન્દી ફિલ્મોની ડ્રીમગર્લ (૫)
૧૫. અહંકાર, અહમનો ભાઇ (૩)
૧૬. અમિતાભ-વિજય આનંદની ફિલ્મ (૬)
૨૦. નમસ્તે (૩)
૨૪. વાસ મારે પણ ગુણકારી (૩)
૨૫. લાક્ષણિકતા (૩)
૨૭. પાણી ભરવાનું વાસણ (૨)
૨૮. રેતી-હિન્દી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | દ | ન | પુ | રી | | હ | લ | વા | ઈ |
| ર | વ | | લ | ત | | | ગ | | |
| હૂ | | હ | વા | | શ | હે | ન | શા | હ |
| મ | કા | ન | મા | લિ | ક | | | પ | ગ |
| | મા | ન | | ખિ | લ | | ઢો | ર | |
| જં | તુ | | | તં | | કા | | | સ |
| જી | ર | ણ | | ગ | લ | ત | ફ | હે | મી |
| ર | | | જા | | | ર | ર | ર | ર |
| | સે | વ | મ | મ | રા | | સા | ત | |
| કો | લ | ન | | ઘ | ડ | પ | ણ | | છ |

# સાંજ સમાચાર ...કી ગેરેન્ટી

રાજકોટ શહેર આવૃત્તિ


## બમ્પર લવાજમ યોજના 2024-25

## યોજના નં.૧

**₹ ૧૧૦૦**

આખું વર્ષ **સાંજ સમાચાર** સાથે ૨ કિલો **ખાંડ**



**અથવા**





U&i BORN TO WIN

કંપનીનું વાયરલેસ **નેકબેન્ડ હેન્ડ્સફ્રી**

22 Hours Back Up*
Wireless Neckband

- Smart Chip
- Type-C Input

## યોજના નં.૨

**₹ ૧૩૦૦**

આખું વર્ષ **સાંજ સમાચાર** સાથે

IPL ક્રિકેટ ટીમના કીટ સ્પોન્સર TYKA કંપનીનો **થેલો**



**અથવા**



U&i BORN TO WIN

કંપનીનું **7 વોટનું લાઇટ સાથેનું બ્લુટુથ સ્પીકર**

- FREQUENCY HORN
- TF CARD
- MEGA BASS
- HI-FI SOUND QUALITY

**ઓનલાઈન લવાજમ ભરવા માટે QR કોડ સ્કેન કરો**

તમારા સ્માર્ટ ફોનના કેમેરામાં ઉપરોક્ત QR કોડ સ્કેન કરી ઓનલાઈન પેમેન્ટ કરી શકાશે અથવા https://lavajam.sanjsamachar.net વેબસાઈટ પર તમે વાર્ષિક લવાજમ ભરી શકશો

Pay Digitally Pay Safe

આ ઉપરાંત **ઈનામી ડ્રો** કુલ ઈનામો **૧૫૧૫**

| ઈનામ | વિગત | ગ્રાહકો |
|---|---|---|
| પહેલું ઈનામ | ₹55555 રોકડા | ૨ ગ્રાહકોને |
| બીજું ઈનામ | ₹11111 રોકડા | ૨ ગ્રાહકોને |
| ત્રીજું ઈનામ | ₹5555 રોકડા | ૨ ગ્રાહકોને |
| ચોથુ ઈનામ | ₹2555 રોકડા | ૬ ગ્રાહકોને |
| પાંચમું ઈનામ | U&i સ્માર્ટ વોચ | ૨૦ ગ્રાહકોને |
| છઠ્ઠું ઈનામ | ૫૦૦ ગ્રામ ચા | ૫૦૦ ગ્રાહકોને |
| સાતમું ઈનામ | સરપ્રાઈઝ ગીફ્ટ | ૯૮૩ ગ્રાહકોને |

ઈનામી ડ્રો માં તમામ ઈનામો ૧-રાજકોટ શહેર આવૃત્તિ તથા ૧-જામનગર-સૌરાષ્ટ્ર આવૃત્તિમાં અપાશે

**સાંજ સમાચાર લવાજમની મુદત તા. ૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫**

લવાજમ સ્વીકારવાની છેલ્લી તારીખ : 30/0૪/૨૦૨૪, લવાજમનો સમય ૧/૪/૨૦૨૪ થી ૩૧/3/૨૦૨૫
વધુ વિગત માટે આપના ગામના/શહેરના/વિસ્તારના સ્થાનિક એજન્ટ ભાઈઓ અથવા વિતરક બંધુઓનો સંપર્ક સાધો: સાંજ એડવર્ટાઈઝર્સ, સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસ, બીજા માળે, કસ્તુરબા રોડ, શારદાબાગની બાજુમાં, રાજકોટ-૧. મો. ૯૬૬૨૨ ૯૬૬૫૫

વિશેષ નોંધ : લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ધારકોને લાગુ પડશે નહિં. • ઈનામની રકમ અથવા વસ્તુ પર કોઈપણ પ્રકારનો સરકારી ટેકસ અથવા ઈન્કમટેકસ ઈનામ વિજેતા ગ્રાહકોએ જ ભરવાનો રહેશે. લવાજમ ભરનાર ગ્રાહકોએ 'સાંજ સમાચાર'ની 'સાંજ એડવર્ટાઈઝર્સ'ની છાપેલ કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો. અનઅધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી 'સાંજ સમાચાર'ની રહેશે નહિં. • આ ઉપરાંત 'સાંજ સમાચાર'ની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.










# ડિસ્ટ્રીક્ટ જજની કોર્ટથી અળગા રહેતા વકીલો : કાળી રીબીન બાંધી વિરોધ દર્શાવ્યો

**બાર રૂમમાં વર્ષોથી કાર્યરત ઝેરોક્ષ મશીન જપ્ત કરાવી લેતા વકીલોમાં નારાજગી : સૂત્રોચ્ચાર સાથે દેખાવો કરાયા : હાઈકોર્ટમાં જાણ કરાઈ**

**રવિવારે યુનિટ જજ અને હાઈકોર્ટના જસ્ટિસ બીરેન વૈષ્ણવ રાજકોટની મુલાકાતે આવતા હોય, બાર એસો.ના હોદ્દેદારોએ રજુઆત માટે સમય માંગ્યો**

**અગાઉ તત્કાલીન ડિસ્ટ્રીકટ જજે બાર રૂમમાં ઝેરોક્ષ મશીન માટે રૂમ ફાળવવા હુકમ કર્યો હતો, તે રદ કર્યા વગર જ હાલના પીડીજીએ ઝેરોક્ષ મશીન જપ્ત કરાવી લીધું હોવાનું વકીલોએ જણાવ્યું**

રાજકોટ, તા.૫

આજે રાજકોટ ડિસ્ટ્રીકટ જજની કોર્ટથી વકીલો અળગા રહ્યા હતા. કાળી રીબીન બાંધી વિરોધ દર્શાવ્યો હતો. રાજકોટ બાર રૂમમાં વર્ષોથી કાર્યરત ઝેરોક્ષ મશીન જપ્ત કરાવી લેતા વકીલોમાં નારાજગી વ્યાપી ગઈ છે. સૂત્રોચ્ચાર સાથે દેખાવો કરાયા હતા. આ અંગે હાઈકોર્ટમાં જાણ કરાઈ છે.

આવતીકાલે યુનિટ જજ અને હાઈકોર્ટના જસ્ટિસ બીરેન વૈષ્ણવ રાજકોટની મુલાકાતે આવતા હોય, બાર એસો.ના હોદ્દેદારોએ રજુઆત માટે તેઓનો સમય માંગ્યો છે. અગાઉ તત્કાલીન ડિસ્ટ્રીકટ જજે બાર રૂમમાં ઝેરોક્ષ મશીન માટે રૂમ ફાળવવા હુકમ કર્યો હતો, તે રદ કર્યા વગર જ હાલના પીડીજીએ ઝેરોક્ષ મશીન જપ્ત કરાવી લીધું હોવાનું વકીલોએ જણાવ્યું છે. રાજકોટબારની યાદીમાં આજે જણાવાયું હતું કે, રાજકોટ બાર એશોસીએશનના બાર રૂમમાં છેલ્લા ૪૦ વર્ષથી આવેલા ઝેરોક્ષ મશીનનો રાજકોટના પી.ડી.જે.ના હુકમથી રાજકોટના ડીસ્ટ્રીકટ કોર્ટના રજીસ્ટ્રાર દ્વારા કોઈપણ જાતની પોસીઝર અનુસર્યા વગર કે સ્થળ ઉપર પંચનામુ/રોજકામ કર્યા વગર તથા રાજકોટના વર્તમાન હોદેદારોને જાણ કર્યા વગર કે કોઈ હુકમની બજવણી કર્યા વગર ગેરકાયદેર મનસ્વી રીતે ઝેરોક્ષ મશીન જપ્ત કરવામાં આવેલ અને આ ઝેરોક્ષ મશીન પરત કરવા માટે રાજકોટ બારના સીનીયર જુનીયર વકીલ મિત્રોની રજુઆતને નજર અંદાજ કરી ઝેરોક્ષ મશીન પરત કરેલ ન હતું. અને આ કારણે રાજકોટ બાર ના હોદ્દેદારો દ્વારા તાકીદે કારોબારીની મીટીંગ બોલાવવામાં આવેલ અને રાજકોટના સિનીયર વકીલોને પણ હાજર રાખવામાં આવેલ આ મીટીંગમાં નવી કોર્ટ બીલ્ડીંગમાં સીફટ થયા ત્યારથી અત્યાર સુધીની જુદી-જુદી મુશ્કેલીઓ અગવડતાઓ તેમજ વિવિધ પ્રશ્નો સંબંધે ચર્ચા કરવામાં આવેલ બારના સભ્યો તરફથી આવેલ લેખીત રજુઆતો પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ ને મોકલવા છતા તે વિવિધ પ્રશ્નો સંબધે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ટેન્ડરથી ફાળવેલ ઝેરોક્ષ મશીનમાં વકીલોને પક્ષકારની જેમ લાઈનમાં ઉભું રહેવું પડતું હોય છતા ઝેરોક્ષ થતી ન હોય, કેન્ટીનમાં હાયજેનીક તથા ગુણવત્તા યુકત ફુડ મળતુ ન હોય, ફોર વ્હીલર પાર્કીંગની જગ્યાએ ટુ વ્હીલર પાર્ક થતા હોય, ટોયલેટમાં પાણી આવતુ ન હોય, કોર્ટ પાછળના ગેઈટથી સીડી ચડતા ડીમાર્કેશન ન હોય વકીલ ભવન માટે ફાળવેલ જગ્યામાં આજ દિવસ સુધી કામ શરૂ કરવામાં આવેલ ન હોય કે વકીલોને શુ સગવડતાઓ આપવાની છે તેનાથી બારને અગવત કરવામાં આવેલ ન હોય, આજ દિવસ સુધી ટેબલો પેન્ડીંગ પ્રશ્નોનું નીરાકરણ લાવવામાં આવેલ ન હોય અને પીડીજે દ્વારા કોઈપણ રજૂઆતો અન્વયે યોગ્ય નીરાકરણ લાવવામાં આવેલ ન હોય વિગેરે સંબંધે મળેલ મીટીંગમાં રાજકોટ બારની કારોબારીએ મુજબના પ્રતિકાત્મક કાર્યક્રમો જાહેર કરેલ હતાં.જેમાં રાજકોટના ડીસ્ટ્રીકટ જજ વછાણીની કોર્ટ કાર્યવાહીથી આજરોજ તા.૫/૪/૨૦૨૪ના તમામ વકીલઓએ અલીપ્ત રહેવુ અને સવારે ૧૧ કલાકે ડીસ્ટ્રીકટ કોર્ટના મુખ્ય ગેઈટ પાસે બહોળી સંખ્યામાં હાજર રહી કાળી રીબીન ધારણ કરી સુત્રોચ્ચાર કરી આજરોજ દેખાવ કરવો તથા આ ઘટનાની જાણ ચીફ જસ્ટીસ ઓફ ગુજરાત તથા રાજકોટના યુનીટ જજ તથા બાર કાઉન્સીલના ચેરમેનને કરવી તથા રાજકોટની નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં પ્રથમ થીજ અસુવિધાઓ સંદર્ભ રજુઆત કરવાનું અને યોગ્ય નીરાકરણ ન આવ્યે રોજે રોજ અવનવા કાર્યક્રમો આગળ ધરવાનું અને જરૂર પડયે ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયાનો સમય માંગી લેખીત તથા મૌખીક રજુઆત કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આજરોજ નક્કી થયા મુજબ રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટના મુખ્ય ગેઈટ પાસે રાજકોટબારના હોદેદારો તથા ધારાશાસ્ત્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ અને કાળી પટી ધારણ કરી સુત્રોચ્ચાર કરી વકીલ એકતાના દર્શન કરાવેલ હતાં. આ કાર્યક્રમમાં રાજકોટ બાર એશોસીએશનના પ્રમુખ બકુલભાઈ વી.રાજાણી, ઉપ્રપ્રમુખ સુરેશભાઈ આર ફળદુ સેક્રેટરી પી.ી વ્યાસ જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રભાઈ ગોંડલીયા ટ્રેઝરર આર.ડી.ઝાલા.લાયબ્રેરી સેક્રેટરી મેહુલભાઈ મહેતા તથા કારોબારી સભ્યો અજયભાઈ પીપળીયા,અજયસિંહ ચૌહાણ, રણજીત મકવાણા, મહીલા કારોબારી સભ્ય રેખાબેન લીંબાસીયા અને કારોબારી સભ્યો કૌશલભાઈ વ્યાસ, ભાવેશભાઈ રંગાણી, અમીતભાઈ વેકરીયા, નિકુંજ શુકલ, પીયુષભાઈ સખીયા, હીરલબેન જોષી હાજર હતા. તથા રાજકોટના સિનીયર એડવોકેટ અને લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ, હરેશભાઈ દવે, દિલીપભાઈ જોષી, કેતનભાઈ ડી.શાહ, શ્યામલભાઈ સોનપાલ જયકુષ્ણભાઈ માંકડીયા, પરેશભાઈ મારૂ, લેબર બારના ગીરીશભાઈ ભટ્ટ, ક્રિમીનલ બારના પ્રમુખ તુષાર બસલાણી, એન.ડી.આવડા, પી.વી.સોલંકી, અશ્વીન મહાલીયા, દિવ્યેશ મહેતા, બીમલ જાની,ચૈતન્ય સાયાણી, ભરત હીરાણી, ભૌતીક કાલરીયા, સાગર હાપાણી, રાજેશ પૂર્ણવૈરાગી, જગદીશભાઈ પડીયા, જયેશ ચૌહાણ, કેતન દવે સહીતનાઓ બહોળી સંખ્યામાં ધારાશાસ્ત્રીઓ હાજર રહેલ હતાં.

## કાયદાના મંદિરમાં જ કેન્ટીન સંચાલક દ્વારા કાયદાનો ભંગ: વકીલોની રજુઆત

**નવા કોર્ટ બિલ્ડીંગમાં કાર્યરત કેન્ટીનના સંચાલકો દ્વારા ગ્રાહક કાયદાઓ, તોલમાપ કાયદાઓ, નિયત ભાવ કાયદાઓ, ફુડ કાયદાઓ વગેરેનો સરેઆમ ભંગ થતો હોય તાત્કાલીક કાર્યવાહી કરવા માંગ**

**રાજકોટ, તા.૫**

રાજકોટ જિલ્લા ન્યાયાલયમાં પ્રેક્ટિસ કરતા વકીલોએ ડિસ્ટ્રીક્ટ જજને રજુઆત કરી છે. કાયદાના મંદિરમાં જ કેન્ટીન સંચાલક દ્વારા કાયદાનો ભંગ થતો હોવાનું વકીલોએ જણાવ્યું છે. નવા કોર્ટ બિલ્ડીંગમાં કાર્યરત કેન્ટીનના સંચાલકો દ્વારા ગ્રાહક કાયદાઓ, તોલમાપ કાયદાઓ, નિયત ભાવ કાયદાઓ, ફુડ કાયદાઓ વગેરેનો સરેઆમ ભંગ થતો હોય તાત્કાલીક કાર્યવાહી કરવા માંગ કરાઈ છે.

રજુઆતમાં જણાવ્યું કે, વકીલોના નવી કોર્ટ બિલ્ડીંગમાં નવી ફાળવવામાં આવેલ કેન્ટીન અંગે ઘણા પ્રશ્નો રહેલા છે. વકીલોએ માંગ કરી છે કે, કેન્ટીનમાં ચા ની કવોલીટી સુધારવી તેમજ કયા ભાવમાં કેટલી કવોન્ટીટીમાં ચા મળશે તે નીયત કરવું. ગુજરાતી થાળીના ભાવ ટેન્ડર તેમજ રીયલ ભાવ નીયત કરવા તેમજ કઈ આઈટમ કેટલી કવોન્ટીટીમાં આવશે તે નીયત કરવુ. ભોજન તથા નાસ્તો (ખમણ, સેવખમણી, સમોસા વિગેરે) બહારથી તૈયાર લઈને આવવામાં આવે છે અને કવોલીટી જરા પણ ખાવાલાયક નથી. તૈયાર નાસ્તાના પડીકા (વેફર્સ, ભુંગળા, ફરસાણ) વિગેરેનું વેચાણ બંધ કરી દેવામાં આવેલ છે જે તાત્કાલીક શરૂ કરવું. કેન્ટીનમાં સાફ-સફાઈની યોગ્ય વ્યવસ્થા કરવી બપોરે જમવા ટાઈમે ખુબ જ અવ્યવસ્થા થઈ રહેલ છે. કેન્ટીન દ્વારા પીવાના પાણીની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોય ફરજીયાત મોંઘાભાવનું પીવાનું પાણી લેવું પડે છે . તમામ વસ્તુઓનું ભાવ પત્રક દેખાય તેમ રાખવું અને તે મુજબ ભાવ લેવામાં આવે લચ્છીમાં બોર્ડમાં લખેલ ભાવ કરતા અલગ અલગ ભાવ લેવામાં આવે છે. ફુડ લાયસન્સ રાખવામાં આવેલ નથી. કોઈપણ ખરીદી ઉપર બીલ આપવામાં આવી રહેલ નથી. ધ્યાનમાં આવેલ માહીતી મુજબ કેન્ટીન દ્વારા કોઈ યોગ્ય નીતી નીયમ મુજબ ગેરકાયદેસર રીતે ચા અંગે પેટા કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે અને તેનું કાઉન્ટર પણ અલગ રીતે મુકવામાં આવેલ છે. કેન્ટીનમાં ઉપલબ્ધ વસ્તુઓના ભાવ બજાર કરતાં ખુબ જ વધુ રહેલ છે અને આ જ સખી મંડળની અન્ય કેન્ટીનમાં આ ભાવો ઓછા રહેલ છે. કેન્ટીન સંચાલકો અને તેમના સ્ટાફ દ્વારા વકીલો સાથે ખુબ જ ઉધ્ધત વર્તન કરવામાં આવી રહેલ છે યોગ્ય સર્વીસ આપવામાં આવતી નથી. અને જાણે ઉપકાર કરતા હોય તે પ્રકારનું વર્તન કરવામાં આવી રહેલ છે. સંચાલકો દ્વારા સરેઆમ અદાલતમાં જ ગ્રાહક કાયદાઓ, તોલમાપ કાયદાઓ, નીયતભાવ કાયદાઓ, ફુડ કાયદાઓ વિગેરેનો સરેઆમ ભંગ થઈ રહેલો હોય તાત્કાલીક કાર્યવાહી કરવા વિનંતી કરાઈ છે.

### અગાઉનો હુકમ રદ કર્યા વગર કઈ રીતે ઝેરોક્ષ મશીન જપ્ત કરાયું?

વકીલોએ દલીલો સાથે સવાલો ઉઠાવ્યા છે. અગાઉ વર્ષ ૨૦૦૮માં બારના તત્કાલીન બાર સેક્રેટરી સંજયભાઈ વ્યાસે ઝેરોક્ષ મશીન રાખવા દેવા માટે રૂમની માંગ કરતી અને સાથે એર કંડીશનર કોમ્યુટર રૂમમાં માટે ફાળવવા માંગ કરતી અરજી તત્કાલીન ડીલ્ટ્રીકટ જજને કરી હતી.જે અંગે વર્ષ ૨૦૦૪માં ડીસ્ટ્રીકટ જજ તરીકે જવાબદારી વહન કરતા પીડીજેએમ.જે.ઠકકરનો હુકમ દર્શાવતા વકીલોએ જણાવ્યું કે, તા.૨૧/૭/૨૦૦૮ના રોજ પત્ર ડીસ્ટ્રીકટ જજે લખાયો હતો.જેમાં બારની લાયબ્રેરી કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલ છે. જેમાં ચેમ્બર બનાવવામાં આવે છે.તેમાં એસી ફાળવવા તથા ઝેરોક્ષ રૂમ માટે પહેલા માળે તે સમયની કોર્ટમાં રૂમ નં.૧૦૯ માટે સોંપવા બાબતે હુકમ કરતા જણાવેલ કે, રૂમ માત્ર ઝેરોક્ષ મસીન રાખવાનું છે અને એસીનો કોમ્પ્યુટર રૂમ પુરતો ઉપયોગ કરવો. હુકમ હોવા છતા તેને રદ કર્યા વગર કઈ રીતે ઝેરોક્ષ મશીન જપ્ત કરાયું? તે સવાલ વકીલો ઉઠાવી રહ્યા છે. રવિવારે યુનિટ જજ બીરેન વૈશ્ણવ રાજકોટની એક કોલેજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે તેને વકીલો રજૂઆત કરી શકે છે.

## પ્રતિબંધિત પ્લાસ્ટીક વેંચતા અને ગંદકી કરતા ૧૦૧ ધંધાર્થીઓને ૨૯ હજારનો દંડ ફટકારાયો

**જુદા જુદા વિસ્તારોમાંથી સાડા આઠ કિલો માલ જપ્ત : કચરો ફેંકવા બદલ પણ કડક પગલા**






રાજકોટ, તા. ૫

મનપાની સોલીડ વેસ્ટ શાખા દ્વારા પૂરા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક અને ઝબલા જપ્ત કરવા કાર્યવાહી આગળ વધી રહી છે જેમાં આજે ત્રણે ઝોનમાં વધુ ૧૦૧ આસામી પાસેથી સાડા આઠ કિલો પ્લાસ્ટીક જપ્ત કરાયું હતું.

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અન્વયે ત્રણેય ઝોનમાં વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે કુલ ૧૦૧ આસામીઓ પાસેથી ૮.૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૯૮૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો.

સેન્ટ્રલ ઝોનમાં પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૮ આસામીઓ પાસેથી ૩ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૩૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનમાં ૬૧ આસામીઓ પાસેથી ૪.૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૮૭૫૦નો વહીવટી ચાર્જ તથા ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ૧૨ આસામીઓ પાસેથી ૯૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૮૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો.

કમિશ્નર આનંદ પટેલની સૂચનાથી પર્યાવરણ વિભાગની ટીમ આ કાર્યવાહી કરી રહી છે.

## રાજકોટમાં બપોરે વાદળા વચ્ચે ૩૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાયો

**ભેજવાળા પવનથી તાપમાન ઘટ્યુઃ ૩૭.૪ ડિગ્રી**

રાજકોટ તા.૫

રાજકોટ શહેરમાં આજરોજ પણ સવારથી બપોર સુધીમાં આંશિક વાદળીયા વાતાવરણ વચ્ચે ઝડપી ભેજવાળા દરિયાઈ પવનો ફુંકાતા ગરમીમાં સામાન્ય રાહત રહેવા પામી હતી.

સ્થાનિક હવામાન કચેરીનાં જણાવ્યા મુજબ આજરોજ બપોર સુધીમાં સૌથી વધુ ૩૦ કી.મી.ની ઝડપે શહેરમાં પવન ફુંકાયો હતો. બપોરે ૨.૪૫ કલાકે પણ ઝડપી પવન અને આંશિક વાદળો વચ્ચે તાપમાન સામાન્ય રહ્યુ હતું.

હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૭.૪ ડિગ્રી નોંધાયુ હતું અને હવામાં ભેજ ૨૦ ટકા રહ્યો હતો. જયારે પવનની ઝડપ ૨૨ કી.મી. પ્રતિકલાક રહેવા પામી હતી.

આ ઉપરાંત આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૨૬.૨ ડીગ્રી તથા લઘુતમ તાપમાન ૨૨ ડીગ્રી નોંધાવા પામ્યુ હતું. જયારે, હવામાં ભેજ ૬૯ ટકા રહેવા પામ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી. રહેવા પામી હતી.

## ગાયકવાડીમાં પોલીસમાં અરજી કરવા મામલે પડોશીઓ વચ્ચે બઘડાટીઃ ત્રણ મહિલા સહિત પાંચ શખ્સો સામે ગુનો નોંધાયો

**બાજુ-બાજુમાં રહેતા પડોશીઓ અવારનવાર પોલીસમાં અરજી કર્યા બાદ ઝઘડતા હોય જેનો ખાર રાખી ગઈકાલે લાકડાના ધોકા વડે સામસામે હુમલો કર્યોઃ પ્ર.નગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી**

રાજકોટ તા.૫

ગાયકવાડી શેરીમાં પોલીસમાં અરજી કરવા મામલે બે પડોશી પરીવાર વચ્ચે જાહેરમાં ધોકાથી મારામારી થતા ત્રણ મહિલા સહિત પાંચ શખ્સો સામે પ્ર.નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ગાયકવાડી શેરી નં.૧/૧૦ના ખૂણે રહેતા રીટાબેન પ્રેસલી રોડ્રીગ્સ (ઉ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હાજી અને તેની પત્ની હીનાનું નામ આપી જણાવ્યું હતું કે તેણી તેના પિતા રીચર્ડભાઈ તેમજ ભાઈ-ભાભી અને બહેન સાથે તેમના પુત્ર સાથે રહે છે. જયારેથી તેઓએ મકાન લીધેલ છે ત્યારથી પડોશમાં રહેતો હાજી સાથે અવારનવાર ઝઘડા થતા હોય જેથી અગાઉ તેઓએ જંકશન ચોકીમાં ત્રણથી ચાર અરજીઓ કરેલ હતી. ગઈકાલે રાત્રીના સાડા દસ વાગ્યાની આસપાસ તેણી ઘર પાસે ચાલવા નીકળેલ ત્યારે પડોશમાં રહેતો હાજી અને તેની પત્ની હીના સામેથી પોતાનું બાઈક લઈ ધસી આવેલ અને તેની હેડલાઈટ તેણીના મોઢા પર પડતા તેણી ત્યાંથી નીકળી પોતાના ઘરે ચાલી ગઈ હતી. બાદમાં હીના રાડો પાડી કહેવા લાગેલ કે મા-બાપના ઘરે આવીને બેસી ગઈ છો કહી ચપ્પલ લઈને મારવા માટે આવતા બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. દરમ્યાન તેના ભાભી આરતીબેન પણ આવતા ત્રણેય વચ્ચે ઝપાઝપી થતા આરોપી હાજી લાકડાનો ધોકો લઈ ધસી આવી તેણીના ભાભીને ફટકારવા લાગેલ હતો. દરમ્યાન તેણીનો ભાઈ આવી જતા હાજી પાસેથી ધોકો આંચકી તેને સામે ફટકાર્યો હતો. પરંતુ આરોપીએ તેણીના ભાઈને પણ ધોકાથી માર માર્યો હતો. બનાવ સ્થળે લોકો એકઠા થઈ જતા આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છુટયા હતા. બાદમાં ઈજાગ્રસ્ત ભાઈ બહેનને સારવારમાં સીવીલ હોસ્પીટલે ખસેડયા હતા.

જયારે સામા પક્ષે ગાયકવાડી શેરી નં.૧૦માં રહેતા હીનાબેન હાજીભાઈ કાંટેલીયા (ઉ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રોની, આરતી અને રીટાબેનનું નામ આપી જણાવ્યું હતું કે આરોપી રોની અને તેનો પરીવાર જયારથી તેણીની બાજુમાં રહેવા આવેલ ત્યારથી તેમની વિરૂધ્ધ પોલીસમાં ખોટી અરજી કરતા હોય જે બાબતે તેમને અવારનવાર સમજાવવા છતા અરજીઓ કર્યે રાખતા અવારનવાર ઝઘડાઓ પણ થતા હતા. જે બાબતનો ખાર રાખી તેણી અને તેના પતિ સાથે આરોપીઓએ બોલાચાલી કરી લાકડાના ધોકાથી હુમલો કરી ધમકી આપી હતી.

બનાવ અંગેની સામસામી ફરીયાદ પરથી પ્ર.નગર પોલીસ મથકે મારામારીની કલમ હેઠળ ત્રણ મહિલા સહિત પાંચ શખ્સો સામે ગુનો નોંધી એએસઆઈ એ.આર. વરૂએ તપાસ હાથ ધરી હતી.

## ગાયત્રી ઉપાસક, ગૌભકત, જાણીતા લેખક-વિચારક ઘનશ્યામભાઈ ઠકકરનો જન્મદિન : ૭૭માં વર્ષમાં મંગલ પ્રવેશ

**સેવાકીય પ્રવૃતિઓ કરીને જન્મદિનની પ્રેરક ઉજવણી કરાશે**

રાજકોટઃતા ૫

સૌરાષ્ટ્ર મેડીકલ ચેરીટેબલ ટ્રસ્ટ, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, વિકલાંગ પ્રેરણા ટ્રસ્ટ, અંધ અપંગ સેવા ટ્રસ્ટ (જયાં અભ્યાસ કરતાં અંધ વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવા-જમવાની વિગેરે તમામ સુવિધા છે.), શ્રી સતુઆ બાબા આશ્રમ (વારાણસી) સહિતની સેવા સંસ્થાઓના ટ્રસ્ટી, તેમજ અંધ-અપંગ ગૌશાળા (વાંકાનેર), માં ગૌરી ગૌશાળા સહિતની અનેક ગૌશાળા સાથે તન, મન, ધનથી સંકળાયેલા રઘુવંશી શ્રેષ્ઠી ઘનશ્યામભાઈ ઠકકર પોતાની ઝળહળતી વનયાત્રાના ૭૭ માં વર્ષમાં પ્રવેશ કરી રહયાં છે.



માં ગાયત્રીની ઉપાસના થકી જયોતિર્વિદ તરીકે ગાયત્રી ઉપાસક ઘનશ્યામભાઈએ નામના મેળવી છે. તેમના પ્રાસંગિક લેખો અખબારો, મેગેઝિનોમાં સતત પ્રકાશિત થતા રહે છે. પ્રકાશિત થયેલા પુસ્તકો સ્વર સિધ્ધિના ચમત્કારો, સરળ ગાયત્રી સાધના, ગાયત્રી જ્ઞાન-વિજ્ઞાન, મહામાયા મોમાઈ, ટહુકે ટહુકે, સંગ સંગ પતંગ સંગે લોકચાહના પ્રાપ્ત કરી રહયા છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનના જીવદયા અભિયાન અંતર્ગત પશુ-પક્ષીઓ માટેનું રોજીંદુ હરતુ ફરતુ અન્નક્ષેત્રમાં ચબૂતરાઓમાં પક્ષીઓને ચણ, કુતરાઓને દુધ અને લોટની રોટલીનું ભોજન, ખીસકોલીઓને મકાઈનાં ડોડા, કિડીઓને કીડીયારૂ, કાગડા-કાબર ને અનુકુળ ફરસાણ તથા માછલીને લોટની ગોળી એમ એક દિવસનો સંપૂર્ણ ખર્ચ આપવામાં આવશે.

## કટકી કરતાં ઝડપાયેલા રાજકોટનાં બે એસ.ટી. કંડકટરોને સસ્પેન્ડ કરાયા

**લાઇન ચેકીંગ સ્કવોડએ મફતમાં મુસાફરી કરતા ૨૧ મુસાફરોને પણ દંડ ફટકાર્યો**

રાજકોટ, તા.૫

રાજકોટ એસ.ટી. વિભાગની લાઇન ચેકીંગ સ્કવોડ દ્વારા ગત માસ દરમ્યાન ડ્રાઇવર-કંડકટરોની ગેરરીતિ અંગે હાઇવે ઉપર જુદા-જુદા રૂટોની બસોનું ચેકીંગ કરવામાં આવેલ હતું. આ ચેકીંગ દરમ્યાન બે કંડકટરો કટકી કરતા ઝડપાઇ ગયા હતા. આ કંડકટરોએ ટિકિટના પૈસા લઇ અને મુસાફરોને ટીકીટ નહીં આપ્યાનું બહાર આવેલ હતું. કટકી કરતા ઝડપાયેલા આ બન્ને કંડકટરોને એસ.ટી. વિભાગના વિભાગીય નિયામકે તાત્કાલીક અસરથી સસ્પેન્ડ પણ કરી દીધા છે.



આ ઉપરાંત આ ચેકીંગ દરમ્યાન જુદા-જુદા રૂટોની બસોમાંથી ૨૧ ખુદાબલ મુસાફરો ઝડપાયા હતાં.

મફતમાં મુસાફરી કરનાર આ મુસાફરોને રૂા.૬૭૭૦નો દંડ ફટકારવામાં આવેલ હતો. આ ઉપરાંત આ ચેકીંગ દરમ્યાન લાઇન ચેકીંગ સ્કવોડએ રુટ બોર્ડ, યુનિફોર્મ સહિતના ૪૩ અન્ય કેસો પણ કર્યા હતા. ગત માસ દરમ્યાન લાઇન ચેકીંગની ટીમોએ કુલ ૧૧૦૦ બસો




તસવીરઃ દેવેન અમરેલીયા




# પરસોતમ રૂપાલાએ આશાપુરા મંદિરે દર્શન કર્યા

રાજકોટ તા.૫ : આપતીજનક ટિપ્પણી બાદ વિવાદમાં ફસાયેલા લોકસભાના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ આજે સવારે ક્ષત્રિય સમાજની આસ્થાનું કેન્દ્ર પેલેસ રોડ પરના આશાપુરા મંદિરની મુલાકાત લીધી હતી, મંદિરે પહોંચ્યા બાદ તેઓએ માતાજીની આરતી કરી હતી અને ચુંદડી ચડાવી માતા સમક્ષ શીશ ઝુકાવ્યુ હતું. માતાના આશિર્વાદ મેળવ્યા હતા. ભારે વિવાદ વચ્ચે પરસોતમ રૂપાલાએ મા આશાપુરાના દર્શન કર્યા હતા. એક આપતીજનક ટિપ્પણીના કારણે તેઓ એક સપ્તાહથી વિવાદમાં ફસાયા છે. ક્ષત્રિય સમાજે તેમનો ઠેર ઠેર વિરોધ કર્યો છે અને પરસોતમ રૂપાલાની ટિકીટ રદ કરવા માંગણી કરી છે. આ વિરોધ પર ક્ષત્રિય સમાજ અડગ છે ત્યારે પરસોતમ રૂપાલાએ આ ટિપ્પણી બદલ જાહેરમાં માફી પણ માંગી હતી પરંતુ ક્ષત્રિય સમાજ માફીનો સ્વીકાર ન કરી ટિકીટ રદ કરવાની માંગ કરી છે. ભાજપ ડેમેજ કંટ્રોલ કરવા અનેક પ્રયાસો કરી રહ્યું છે છતાં વિવાદ શાંત પડી નથી રહ્યો. ત્યારે આજે પરસોતમ રૂપાલાએ આશાપુરા માતાજીના દર્શન કરી ફરી એકવાર ક્ષત્રિય સમાજને મનાવવાનો પ્રયાસ કર્યો હતો.

# 'હું ભાજપ-મોદી-રૂપાલાની સાથે છું'! મોદી-રૂપાલાના 'ગળે મળતા' 'પોસ્ટરો' લાગ્યા







રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનોથી સર્જાયેલુ ધમાસાણ એકાએક શાંત થઈ ગયુ છે. ક્ષત્રિય સમાજ, પાટીદારોના વિરોધ-સમર્થનના કાર્યક્રમો મોકુફ રહ્યા છે. ભાજપ પણ કોઈ કોમેન્ટ કરતો નથી. રૂપાલાએ પ્રચાર ચાલુ કરી દીધો છે. આ સ્થિતિ વચ્ચે ગઈરાત્રે અંબિકા ટાઉનશીપમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પરસોતમ રૂપાલાને 'ગળે મળતા' દર્શાવતા પોસ્ટર બેનર લગાવવામાં આવ્યા હતા. પાટીદાર અનામત આંદોલન સમીતીના યુવાનો દ્વારા આ બેનર-પોસ્ટરો લગાવવામાં આવ્યાની ચર્ચા હતી. આ બેનરોમાં હું સનાતનની સાથે છુ, હું હિન્દુત્વની સાથે છુ, હું ભાજપની સાથે છુ, હું નરેન્દ્ર મોદીની સાથે છુ, હુ પરસોતમ રૂપાલાની સાથે છું'. રાજકીય વર્તુળોમાં આ બેનરોના આધારે એવી ચર્ચા હતી કે ભાજપ દ્વારા પરસોતમ રૂપાલાની ટિકીટ રદ નહી કરવા અને ઉમેદવાર તરીકે યથાવત રાખવાનુ નકકી કરી લીધાનો આ બેનર પરથી અર્થ નીકળી શકે છે. જો કે, વહીવટીતંત્ર દ્વારા આ બેનરો 'આચારસંહિતા'ના ભંગરૂપ ગણાવીને ઉતરાવી લેવામાં આવ્યા હતા છતાં બેનરોએ ઘણી રાજકીય ચર્ચા સર્જી છે. **(તસ્વીર: દેવેન અમરેલીયા)**

# ઉત્તરપ્રદેશમાં વાંદરાઓના ટોળા હુમલો કરવાના જ હતા ત્યાં એલેકસાએ માસૂમ બાળકીઓનો જીવ બચાવ્યો!

દુનિયામાં જે રીતે ટેક્નોલોજીનો વ્યાપ ઝડપથી વિસ્તરી રહ્યો છે, લોકો પણ પોતપોતાની રીતે તેનો ફાયદો ઉઠાવી રહ્યા છે. અમે આ એટલા માટે કહી રહ્યા છીએ કારણ કે આ ટેક્નોલોજીના ઉપયોગથી એક માસૂમ બાળકીનો જીવ બચી ગયો. આ મામલો યુપીના બસ્તી જિલ્લાના આવાસ વિકાસ કોલોનીમાંથી સામે આવ્યો છે. અહીં ૧૩ વર્ષની નિકિતાએ એવું કારનામું કર્યું કે દરેક તેના વખાણ કરી રહ્યા છે.




પોતાની બુદ્ધિમત્તાને કારણે નિકિતાએ માત્ર તેનો જ નહીં પરંતુ ૧૫ મહિનાની માસૂમ બાળકીનો પણ જીવ બચાવ્યો. આવું એટલા માટે થયું કારણ કે આધુનિક ઉપકરણોનો સચોટ ઉપયોગ કરીને નિકિતાએ પરિવારને એક અપ્રિય ઘટનાથી બચાવ્યો હતો.

ખરેખર, નિકિતા તેની ૧૫ મહિનાની ભત્રીજી વામિકા સાથે ઘરે રમી રહી હતી. પછી વાંદરાઓનું એક જૂથ ઘરમાં ઘૂસી ગયું અને તેમના પર હુમલો કરવાનું શરૂ કર્યું પરંતુ નિકિતાએ ત્યાં રાખેલા એલેક્સા (ડિવાઈસ)ને કૂતરાનો અવાજ કરવા કહ્યું. એલેક્સાને વોઇસ કમાન્ડ મળતાની સાથે જ તેણે કૂતરાની જેમ જોરથી ભસવાનો અવાજ શરૂ કર્યો. કૂતરાના ભસવાનો અવાજ સાંભળતા જ વાંદરાઓમાં ગભરાટ ફેલાયો હતો અને વાંદરાઓ ત્યાંથી ભાગી ગયા હતા.

### વોટ ખરીદવા રાજકારણીઓનો અનોખો તોડ!

# કર્ણાટકમાં વોટ ખરીદવા ઉમેદવારો ટીવી, મિક્સર, રાશન કિટ તો ઠીક તમાકુ, ગુટખા પણ વહેંચી રહ્યા છે!

## અનેક જિલ્લામાં કાર્યવાહી દરમિયાન જપ્ત થતી સામગ્રી મામલે ચૂંટણી અધિકારીનો ચોંકાવનારો ખુલાસો

બેંગલુરૂ તા.૫

દેશમાં ચૂંટણી દરમિયાન મત માટે રાજકારણીઓ દ્વારા જાત જાતની લાલચો આપવામાં આવે છે. તેમને ચીજવસ્તુઓથી માંડીને રોકડા રૂપિયા પણ આપવામાં આવે છે. કર્ણાટકમાં મતદારોને ટીવી, મિકસર, સાડી, ખાદ્ય સામગ્રી તો ઠીક ગુટખા, તમાકુ, ચટણી અને મીઠુ પણ વહેંચવામાં આવતું હોવાનો પર્દાફાશ થયો છે. કર્ણાટકના ખાસ મુખ્ય ચૂંટણી અધિકારી વેંકટેશકુમારે જણાવ્યુ હતું કે મતદારાને ખાદ્ય સામગ્રી, મિકસર, સાડી, ચૂડીદાર, દુપટ્ટા પેન્ટ પણ આપવામાં આવે છે. બીદર, શિવમોગા, ચિકકમગલુરુ અને કલ બુર્ગી જિલ્લો આ યાદીમાં સૌથી ઉપર છે. વેંકટેશકુમારે કહ્યું હતું કે આ વખતે જપ્ત થતી સામગ્રીમાં કરિયાણાનો સામાન મોટો છે જે એક ડબ્બામાં પેક કરવામાં આવે છે.





ડેટામાં બહાર આવ્યું હતું કે શિવમાંગામાં મફત ભેટમાં ટમેટાની ચટણી ગુગલ ટીવી બોકસ, ચાનું પેકેટ, સુગંધીત તમાકુ સામેલ છે. બિદરમાં ૪ હજાર કિલો અને રૂા.૧૦ લાખના પાન-મસાલાના પેકેટ મોટી માત્રામાં મળી આવ્યા હતા. ચિકકબલ્લાપુરાના પોલીસ અધિકારીએ જણાવ્યુ હતું કે ૨૪ લાખ રૂપિયાની ૯૬ મોંઘી ઘડિયાળો પણ જપ્ત કરાઈ છે.

# હિમાચલમાં ૫.૩ની તીવ્રતાના ભૂકંપના ઝટકાઃ જાનહાની નહીં

## સીમલા, કુલુ, કાંગડા સહિત ૬ જિલ્લામાં ધરા કંપીઃ ડરના માર્યા લોકો ઘરની બહાર નીકળ્યા

સીમલા (હિમાચલ પ્રદેશ) તા.૫

હિમાચલ પ્રદેશના સીમલા, ચંબા, કાંગડા, મંડી, કુલુ અને હમીરપુર જિલ્લામાં ગુરૂવારે રાત્રે ૯-૩૫ વાગ્યે ભૂકંપના હળવા ઝટકા આવ્યા હતા. રિકટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૩ની રહી હતી. આ ભૂકંપથી જાનમાલને નુકસાનીના અહેવાલ નથી.



આ અંગેની વિગત મુજબ હિમાચલ પ્રદેશના સીમલા, ચંબા, કાંગડા, મંડી, કુલુ અને હમીરપુર જિલ્લામાં ગઈકાલે રાત્રે ૯-૩૫ વાગ્યે ભૂકંપના ઝટકા આવ્યા હતા. રિકટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૩ આંકવામાં આવી હતી. જોકે આ ભૂકંપથી જાનહાનીના અહેવાલ નથી.

ભૂકંપથી ડરના માર્યા લોકો ઘરની બહાર આવી ગયા હતા. કેલાંગમાં તો કડકડતી ઠંડી વચ્ચે લોકો બાળકોની સાથે બહાર નીકળ્યા હતા.

# બદલોઃ ઈઝરાયેલના પાટનગર તેલઅવીવ પર અનેક મિસાઈલ દાગતુ ઈરાન

## હાલમાં જ સીરીયામાં ઈરાની દૂતાવાસમાં થયેલા હુમલા અને ટોચના ઈરાની કમાન્ડર સહિત ૧૩ના મોત સામે વળતી કાર્યવાહી



## એર ડિફેન્સ સીસ્ટમ એલર્ટ કરતુ ઈઝરાયેલઃ મિસાઈલ તોડી પડાયાનો દાવોઃ મધ્ય-પુર્વમાં નવો તનાવ

તેલઅવીવ તા.૫

ઈઝરાયેલ દ્વારા હાલમાં જ સીરીયામાં ઈરાનના દૂતાવાસ પર કરવામાં આવેલા હુમલા બાદ ઈરાને હવે વળતો બદલો લેવાનો પ્રારંભ કર્યો છે અને આજે ઈરાને ઈઝરાયેલના પાટનગર તેલઅવીવ સહિતના સ્થળોએ ભારે મિસાઈલ દાગતા બંને દેશો વચ્ચે હવે ખુલ્લુ યુદ્ધ છેડાવાની શકયતા છે. હાલમાં જ ઈઝરાયેલે રમઝાન માસમાં સીરીયામાં ઈરાની દૂતાવાસ પર હુમલો કરતા ઈરાની સૈન્યના ટોચના કમાન્ડર મહમ્મદ રઝા જાવેદી સહિતના અનેક લોકોના મોત થયા હતા અને ઈરાને વળતો હુમલો કરવાની ચેતવણી આપી હતી જેના કારણે ઈઝરાયેલે પણ હાઈએલર્ટ જાહેર કર્યુ હતું. આજે સવારે ઈરાને ઈઝરાયેલ પર અનેક મિસાઈલો દાગ્યા હોવાના અહેવાલ છે. જોકે આ પ્રકારના હુમલા માટે ઈઝરાયેલ પહેલેથી જ એલર્ટ પર હતું અને તેની એર ડિફેન્સ સીસ્ટમને પણ તૈયાર રાખી હતી અને ઈરાન તરફથી આવેલા મિસાઈલને તોડી પાડવામાં પણ સફળતા મેળવી હોવાનું માનવામાં આવે છે. જો કે આ હુમલો ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ સમર્થીત સીરીયા સ્થિત આતંકી જૂથોએ કર્યુ હોવાનું માનવામાં આવે છે. ઈઝરાયેલે તેના દેશમાં જીપીએસ સીસ્ટમને બ્લોક કરી દીધી છે. જેના કારણે ડ્રોન અને મિસાઈલ હુમલાને ખાળવામાં સરળતા રહે છે. ઈઝરાયેલે કરેલા હુમલામાં ઈરાનના સીનીયર જર્નલ સહિત ૧૩ લોકોના મોત થયા છે અને અનેક ઘાયલ થયા હતા અને હવે આ હુમલાના પગલે મધ્ય પુર્વમાં નવો તનાવ સર્જાવાની ધારણા છે.

### આ પ્રકારના હુમલાથી હવે ઈઝરાયેલનો બચાવ કરવો મુશ્કેલઃ બાઈડનનું સૂચક વિધાન

# ઈઝરાયેલના હુમલાથી અમેરિકા અને બ્રિટન પણ ખફા

## મધ્ય પુર્વમાં પશ્ચિમી દેશોના હિત સામે જોખમઃ સીરીયા પરના હુમલામાં ત્રણ બ્રિટીશ નાગરિકોના પણ મોત થયા હતાઃ સુનક પર ઈઝરાયેલને શસ્ત્ર પુરવઠો બંધ કરવા દબાણ

લંડન તા.૫

ઈઝરાયેલ દ્વારા હાલમાં જ સીરીયામાં ઈરાની દૂતાવાસ પર કરાયેલા હુમલાના પગલે હવે અમેરિકા અને બ્રિટન પર પણ જોખમ સર્જાઈ ગયું છે. ગાઝાપટ્ટીમાં હમાસ સામેની કાર્યવાહી સમયે ઈઝરાયેલ પર ઈરાન સમર્થીત અનેક આતંકી જૂથોએ મિસાઈલ દાગ્યા હતા. જેના પગલે ઈઝરાયેલ આ પ્રકારના હુમલા કરી રહ્યું છે પરંતુ જે રીતે ઈઝરાયેલના હુમલાને પગલે સીરીયામાં ત્રણ બ્રિટીશ નાગરિકોના પણ મોત થયા છે તેના કારણે બ્રિટન પણ ખફા છે તો અમેરિકા પણ ગાઝાપટ્ટીમાં મોટાપાયે હુમલા કરવાને બદલે યુદ્ધ વિરામ માટે ઈઝરાયેલ પર દબાણ લાવી રહ્યું છે. આમ ઈઝરાયેલની આક્રમક નીતિ હવે અમેરિકા અને બ્રિટન પર પણ ભારે પડી રહી છે. બ્રિટન સરકાર પર ઈઝરાયેલને સૈન્ય મદદ બંધ કરવા દબાણ છે તો બાઈડને પણ જાહેર કર્યુ છે કે જો આ પ્રકારે જ હુમલા થતા રહેશે તો ઈઝરાયેલનો બચાવ કરવો મુશ્કેલ બની જશે.

# આતિષીની મુશ્કેલી વધીઃ ભાજપમાં જોડાવવાની ઓફર અંગે ચુંટણીપંચની નોટીસ

## કેજરીવાલની ધરપકડ બાદ મારી અને ભારદ્વાજની ધરપકડ થઈ શકે છે તેવી બુમરાણ કરનાર દિલ્હીના કેબીનેટમંત્રી ખુદના વિધાનમાં ફસાયા

નવી દિલ્હી તા.૫

આમ આદમી પાર્ટીના મહિલા નેતા અને કેજરીવાલ સરકારના કેબીનેટ મંત્રી આતિષીની મુશ્કેલી વધી છે. હાલમાં જ તેમને એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપ તરફથી તેમને ૨૫ કરોડની ઓફર મળી છે અથવા તેમને જેલમાં જવા તૈયાર રહેવા પણ ધમકી મળી હતી. તે મુદ્દે હવે ભાજપે કરેલી ફરિયાદ પરથી ચુંટણી પંચે આતિષીને નોટીસ પાઠવી છે અને તેમનો ખુલાસો કરવા જણાવ્યું છે. અગાઉ પણ આતિષીએ આ પ્રકારના આક્ષેપો કર્યા હતા જેમાં હાલમાં જ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ જે રીતે શરાબકાંડમાં આતિષી અને બીજા કેબીનેટ મંત્રી સૌરભ ભારદ્વાજનું નામ બહાર આવ્યું હતું તે પછી એક પત્રકાર પરિષદમાં આતિષીએ આરોપ મુકયો કે મોદી સરકાર હવે તેને જેલમાં નાંખવા માંગે છે. તેણે એવો પણ ઘટ્ટસ્ફોટ કર્યો કે તેમને ભાજપમાં જોડાઈ જવાની પણ ઓફર મળી છે અને સાથોસાથ ધમકી પણ અપાઈ છે કે જો તે ભાજપમાં જોડાશે નહી તો જેલમાં જવું પડશે.



આતિષીએ એવો પણ દાવો કર્યો કે અગાઉ તેમણે ભાજપમાં જોડાવા માટે રૂા.૨૫ કરોડ ઓફર થઈ હતી. હવે આ મુદ્દે ચુંટણીપંચે આતિષીને નોટીસ પાઠવી છે અને તેમના વિધાનોને ચુંટણી આચારસંહિતાના ભંગ તરીકે ગણાવ્યા હતા. ભાજપે કરેલી ફરિયાદ પરથી આ નોટીસ પાઠવાઈ છે.

# ટોચની IITની શાનને ઝાંખપ ! ૪૦ ટકા વિદ્યાર્થીને જોબ ન મળી : પેકેજ પણ ઘટીને માત્ર ૩ લાખ

## સૌથી વધુ ડીમાંડમાં રહેલા કોમ્પ્યુટર સાયન્સ જેવી બ્રાંચોના વિદ્યાર્થીઓને પણ પ્લેસમેન્ટ નથી મળ્યા

નવી દિલ્હી :

ભારતમાં આઈઆઈટીને સૌથી પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ સંસ્થાઓ માનવામાં આવે છે અને તેમાં ભણનારા સ્ટુડન્ટને તગડા પગાર મળતા હોય છે. પરંતુ તાજેતરમાં આ સંસ્થાઓની શાન ઝાંખી પડી હોય તેમ લાગે છે. એક રિપોર્ટ પ્રમાણે આઈઆઈટીમાંથી ગ્રેજ્યુએટ થયા પછી પણ લગભગ ૪૦ ટકા વિદ્યાર્થીઓને જોબ નથી મળી શકતી. એટલું જ નહીં, આઈઆઈટી પાસ કર્યા પછી સ્ટાર્ટિંગ પેકેજ પણ અમુક કિસ્સામાં વાર્ષિક ત્રણ લાખ સુધી પહોંચી ગયા છે.ગ્લોબલ આઈઆઈટી એલ્યુમની સપોર્ટ ગ્રૂપના ધીરજ સિંહે IITમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વિશે મહત્વનો ડેટા રિલિઝ કર્યો છે. તેમાં જણાવ્યા મુજબ વિવિધ આઈઆઈટીઓમાં પ્લેસમેન્ટનો પ્રથમ તબક્કો સમાપ્ત થઈ ગયો છે, પરંતુ ચિત્ર એકદમ નિરાશાજનક છે. હજુ સુધી ૩૫થી ૪૦ ટકા વિદ્યાર્થીઓને નોકરી મળી શકી નથી. આ ઉપરાંત પેકેજ પણ એટલા બધા નીચા છે કે સ્ટુડન્ટ ઓફર સ્વીકારવાની ના પાડી દે છે.

ડેટામાં એમ જણાવાયું છે કે, વિવિધ આઈઆઈટીમાં આ વર્ષે ચાલતા પ્લેસમેન્ટ હેઠળ વિદ્યાર્થીઓને વાર્ષિક માત્ર ત્રણથી ચાર લાખનું પેકેજ મળી રહ્યું છે. ભારતમાં એક તરફ અબજોપતિઓની સંખ્યા વધી રહી છે, તો બીજી તરફ પેકેજ ઘટતા જાય છે. તેના કારણે આઈઆઈટીના વિદ્યાર્થીઓ




નિરાશ થયા છે. આ ઉપરાંત દેશના ટોચના યુવા પ્રતિભાઓ માટે પણ આ ખૂબ જ નિરાશાજનક સ્થિતિ છે.

ભારતમાં બોમ્બે, કાનપુર, મદ્રાસ, દિલ્હી વગેરે આઈઆઈટી છે. આ ઉપરાંત પટણા, ઈન્દોર, ગાંધીનગર જેવા શહેરોમાં પણ પ્રતિષ્ઠિત સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે. દેશની નંબર ૧ ગણાતી આઈઆઈટી મદ્રાસમાં હાલમાં ૯૦૦ વિદ્યાર્થીઓ જોબની રાહ જોઈ રહ્યા છે, જયારે બીજા નંબરની આઈઆઈટી દિલ્હીમાં પ્લેસમેન્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલા ૨૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૯૦૦ વેઈટિંગમાં છે, ત્રીજા નંબરની આઈઆઈટી બોમ્બેમાં રજીસ્ટર્ડ થયેલા ૨૪૦૦માંથી ૧૩૦૦ વિદ્યાર્થીઓ હજુ પણ જોબ શોધી રહ્યા છે. આ ડેટા મુજબ દેશમાં ચોથા ક્રમાંકની આઈઆઈટી કાનપુરમાં ૫૦૦ વિદ્યાર્થીઓ બેરોજગાર છે અને પાંચમાં ક્રમાંકની આઈઆઈટી ખડગપુરમાં ૧૩૮૫ વિદ્યાર્થીઓ હાલમાં નોકરીની રાહ જોઈ રહ્યા છે. આઈઆઈટી ઈન્દોરના ૪૯ ટકા વિદ્યાર્થીઓ, આઈઆઈટી પટણાના ૪૧ ટકા અને આઈઆઈટી ભિલાઈના ૬૩ ટકા વિદ્યાર્થીઓ હજુ પણ બેરોજગાર છે. તેમને જોઈએ તેવી જોબ નથી મળી અને પેકેજ પણ નથી મળતા.

આઈઆઈટી બોમ્બેમાં હાલમાં કોમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં સૌથી વધુ માંગ છે. તેમાં દર વર્ષે આ બ્રાન્ચના વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ મળે છે, જોકે આ વર્ષે ૩૬ ટકા વિદ્યાર્થીઓને પણ પ્લેસમેન્ટ મળ્યું નથી. આઈઆઈટી બોમ્બેમાં ગયા વર્ષે કુલ ૨૨૦૯ વિદ્યાર્થીઓ રજિસ્ટર થયા હતા, જેમાંથી ૧૪૮૫ વિદ્યાર્થીઓનો જોબ મળી શકી હતી. અત્યારે આઈઆઈટી હેઠળની ઘણી સંસ્થાઓમાં પ્લેસમેન્ટની પ્રક્રિયા ચાલે છે, જેમાં દેશ-વિદેશની જાણીતી કંપનીઓ ભાગ લઈ રહી છે.

# પાકિસ્તાન સહિતના દેશોમાં ભારત વિરોધી ત્રાસવાદીઓની હત્યામાં 'રો'નું સ્લીપર સેલ જવાબદારઃ ધ ગાર્ડીયનનો રીપોર્ટ

## છેલ્લા ચાર વર્ષમાં ૨૦ હત્યામાં સાઉદી અરેબીયા સ્થિત 'રો'ના સ્લીપર સેલની ભૂમિકા મહત્વની છેઃ સ્થાનિક શૂટરોને સોપારી અપાય છેઃ જો કે ભારતે રિપોર્ટ નકાર્યો

નવી દિલ્હી, તા.૫

ભારતમાં આતંકી પ્રવૃત્તિ અને હુમલા માટે જવાબદાર ૨૦ જેટલા ત્રાસવાદીઓ અને અલગતાવાદીઓની પાકિસ્તાનમાં થયેલી હત્યા માટે ભારતએ મોસાદ સ્ટાઇલની વિરોધીઓને ખત્મ કરવાની રણનીતિ અપનાવી છે. તેવા અહેવાલને મોદી સરકારે ફગાવી દીધી છે. બ્રિટીશ અખબાર ધ ગાર્ડીયન દ્વારા ભારત અને પાકિસ્તાનના ગુપ્તચર સુત્રોને ટાંકીને આપેલા અહેવાલને જણાવ્યું હતું કે વિદેશી ધરતી પર જે ભારત વિરોધી ખાલીસ્તાની અલગતાવાદીઓ અને ભારતમાં આતંકી પ્રવૃત્તિ કરનાર ત્રાસવાદીઓના સરગનાના એક બાદ એક મોત થઇ રહ્યા છે તેના માટે ભારતે ઇઝરાયેલની જાસુસી એજન્સી મોસાદ જેવી રણનીતિ અપનાવી છે. ઇઝરાયેલ તેના વિરોધી પેલેસ્ટાઇન સહિતના આતંકીઓને વિશ્વભરમાં શોધી શોધીને ઠાર મારે છે. ખાસ કરીને મ્યુનીચ ઓલિમ્પિકમાં જે રીતે ઇઝરાયેલી રમતવીરોની હત્યા કરાઇ તેનો બદલો લેવા ઇઝરાયેલ દ્વારા ખાસ મિશન તૈયાર કર્યુ હતું અને હાલમાં જ ઇરાનમાં પણ રીવોલ્યુશનરી ગાર્ડના વડાની તહેરનમાં થયેલી હત્યામાં પણ ઇઝરાયેલ જવાબદાર ગણાય છે અને ભારતે પણ આ જ નીતિ અપનાવી છે અને ભારતના ઇન્ટેલીજન્સ સ્લીપર સેલ પાકિસ્તાન અને અન્ય દેશોમાં એકશનમાં છે તેવો રીપોર્ટ ધ ગાર્ડીયને આપ્યો હતો અને જણાવ્યું હતું કે ૨૦૨૦થી અત્યાર સુધીમાં આ પ્રકારે ૨૦ હત્યા કરાઇ છે. ભારતની આ ઇન્ટેલીજન્સ સ્લીપર સેલની કામગીરી યુએઇમાં ચાલે છે અને તે સ્થાનિક અપરાધીઓને મારફત આ પ્રકારની હત્યા કરાવે છે. ગાર્ડીયનના રીપોર્ટમાં જણાવ્યા મુજબ એર ઇન્ડીયાના અપહરણકાંડમાં સંડોવાયેલા જાહીદ અખુંદની હત્યાના જે પુરાવા મળ્યા તેના પરથી આ સાબિત થાય છે અને પાકિસ્તાનના ભારતીય જાસુસી એજન્સી 'રો'ના અધિકારીઓ દ્વારા આ અંગે એક બાદ એક પ્લોટ રચાયા છે. છેલ્લા બે વર્ષથી આ પ્રકારે થયેલી હત્યા અંગેના તમામ આક્ષેપો ભારતે નકાર્યા હતા.



# પાક્કી ગેરંટી : આવતા સપ્તાહે એડવાન્સ વેરામાં ૧૦ થી ૨૨% વળતરનો પ્રારંભ

## મહિલાઓ, દિવ્યાંગોને વધુ લાભ : ઓનલાઇન અને લોયલ્ટીમાં વધુ ૨%નો લાભ : મંગળવારે સ્કીમ શરૂ કરવા ટેક્સ વિભાગમાં ધમધમાટ : પ્રમાણિક કરદાતાઓ ઉમટી પડશે

રાજકોટ, તા. ૫

૨૦૨૪-૨૫ના નવા નાણાંકીય વર્ષની શરૂઆત થઇ ગઇ છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતા સપ્તાહના પ્રારંભથી એટલે કે તા.૮ અથવા તા.૯ના રોજ પ્રમાણિક કરદાતાઓ માટે એડવાન્સ વેરામાં વળતરની યોજના શરૂ થશે. દર વર્ષે મનપા ગેરંટીથી પ્રમાણિક મિલ્કતધારકોને વળતર યોજનાનો લાભ આપે છે. જેના ઠરાવ ચૂંટણી જાહેરાત પૂર્વે થઇ ગયા હોય તેની અમલવારી માટે ટેક્સ શાખાએ સિસ્ટમમાં જરૂરી વ્યવસ્થાઓની ટ્રાયલ શરૂ કરી દીધી છે.

કોઇ વચન નહીં પરંતુ પાકી ગેરંટી જેવી આ કાયમી વ્યવસ્થા મનપામાં રહેલી છે. લોકોને મોટુ વળતર મળે છે અને મનપાની તિજોરી બે મહિનામાં છલકાય જાય છે. સોમ અથવા મંગળવારથી આ યોજના શરૂ થવાની શકયતા ટેક્સ વિભાગે દર્શાવી છે. એપ્રિલ અને મે મહિનામાં પુરૂષ મિલ્કતધારકને ૧૦% અને મહિલાને ૧૫%, દિવ્યાંગોને વધારાના ૫%, ૧% વળતર ઓનલાઇન પ્રોત્સાહન અને ૧% લોયલ્ટી બોનસ (સતત ત્રણ વર્ષથી નિયમિત વેરો ભરનારા માટે) મળી ૧૦ થી ૨૨%નું વળતર વધુમાં વધુ મળી શકે છે. જુન મહિનામાં આ વળતર ૫ થી ૧૭% જેટલું રહે છે. સિવિક સેન્ટર, વોર્ડ ઓફિસે પૂરતી વ્યવસ્થા સાથે મનપાને હવે સૌથી વધુ આવક ઓનલાઇન થાય છે તે ઉલ્લેખનીય છે.

૨૦૨૩-૨૪નાં પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમ્યાન રૂ. ૩૬૫.૪૯ કરોડની વસૂલાત કરી ૯૭.૪૬%ની ઐતિહાસિક ટેક્સ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં નાગરિકોએ ઓનલાઈન રૂ. ૧૭૫ કરોડ જેવી ટેક્સની રકમ ભરપાઈ કરી હતી.

આ વર્ષ દરમ્યાન ૨૧૫૧ મિલ્કતને સીલ, ૧૯૩માં નળ જોડાણ કાપવાની કાપવાની કાર્યવાહી થઇ હતી. અગાઉના વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૩૨૧.૬૨ કરોડની વસૂલાત સામે ૨૦૨૩-૨૪માં રૂ.૩૬૫.૪૯ કરોડ જેવી વિક્રમી અને આગલા વર્ષ કરતા ૪૩.૮૦ કરોડ વધુ વસૂલાત કરવામાં આવેલ હતી. પૂર્ણ થયેલ વર્ષમાં ૩,૯૫,૫૩૧ કરદાતાઓએ ટેક્સ ચૂકવેલ છે. જ્યારે તેના આગલા વર્ષે ૩,૭૯,૨૭૦ કરદાતાઓએ ટેક્સ ચુકવ્યો હતો. જે ૧૬,૨૬૧ કરદાતાનો વધારો સૂચવે છે. વર્ષ ૨૦૧૫૮-૧૯માં રૂ.૨૪૭.૨૨ કરોડ, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૧૮૯.૫૮ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૮૯.૨૩ કરોડ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૬૨.૬૭ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૨૧.૬૩ કરોડની વસૂલાત કરવામાં આવી હતી.

નવા નાણાકીય વર્ષમાં એપ્રિલના બીજા સપ્તાહથી ૧૦થી ૧૫ ટકા વળતરની યોજના એડવાન્સ ટેક્સ ભરતા લોકો માટે શરૂ થશે. ઓનલાઇન વેરો ભરતા નાગરિકોને એક ટકા પ્રોત્સાહન વળતર પણ આપવામાં આવે છે. આવતા સપ્તાહે આ યોજના શરૂ થશે. આ વર્ષે બે મહિનાની વેરા વળતર યોજનામાં સવાસો કરોડ જેટલી આવક થવા મનપાને ધારણા છે. આ વર્ષનો વેરાની આવકનો લક્ષ્યાંક ૪૧૦ કરોડ બજેટમાં રાખવામાં આવ્યો તે ઉલ્લેખનીય છે.

# ઘઉંમાં પોણા બે લાખ-ચણાની ૧ લાખ મણની રેકોર્ડ આવક: માર્કેટ યાર્ડમાં ૯ કીમી લાંબી લાઇન

### ચારેકોર ઘઉં-ચણાના ઢગલા: ધાણા-જીરૂ-મેથી-લસણની પણ ચિક્કાર આવક







રાજકોટ, તા.૫

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં કૃષિ સીઝન બરાબર જામી છે અને શિયાળુ પાકના ઢગલા થઇ રહ્યા છે. રાજકોટનું યાર્ડ પણ વિવિધ કૃષિ જણસીઓથી ઉભરાયું હતું. ઘઉં જેવી જણસીમાં તો વિક્રમી પ્રમાણમાં માલ ઠલવાયો હતો.

માર્કેટ યાર્ડમાં આજે માત્ર ઘઉંની જ પોણા બે લાખ મગ (૩૫૦૦૦ કવીંટલ)ની આવક થઇ હતી. વિશાળ યાર્ડમાં ચારે તરફ ઘઉંના ઢગલા જોવા મળતા હતા. તમામ માલનું વેચાણ પણ શક્ય બન્યું હતું અને અર્ધાથી વધુ માલ પડતર રહેતા હવે નવી આવક અટકાવી દેવામાં આવી છે. હરરાજીમાં ઘઉં લોકવન ૪૭૪થી ૫૩૮ તથા ઘઉં ટુકડા ૫૦૨ થી ૫૮૦ના ભાવે વેચાયા હતાં.

ઘઉં ઉપરાંત એક લાખ મણ ચણા ઠલવાયા હતા. ચણાની પણ ચિક્કાર આવક હતી. સફેદ ચણામાં ૧૬૦૦ થી ૨૨૫૦ના ભાવે હરરાજી થઇ હતી. જંગી આવક થતી હોવાને કારણે ચણા પીળા તથા ચણા સફેદની વારાફરતી એકાંતરે હરરાજી કરવામાં આવી રહી છે.

માર્કેટ યાર્ડના સુત્રોએ કહ્યું કે વિવિધ જણસીઓની ચિક્કાર આવકો હોવાથી માલ ભરેલા વાહનોના પણ થપ્પા થઇ રહ્યા છે. ગઇરાત્રે ૮ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીમાં ૨૦૫૦ વાહનો ખડકાયા હતા. ૯ કિ.મી. લાંબી લાઇન લાગી હતી. ચેરમેન જયેશ બોઘરા ઉપરાંત સ્ટાફ દ્વારા વારાફરતી વાહનોને સંકુલમાં લેવડાવવામાં આવ્યા હતાં.

ઘઉં-ચણા ઉપરાંત ૨૪૦૦ કવીંટલ મગફળીની આવક હતી. ભાવ જીણીના ૧૦૯૫ થી ૧૨૪૫ તથા જાડીના ૧૧૧૦ થી ૧૩૫૦ હતા. એરંડામાં ૯૦૦ કવીંટલની આવક ભાવ ૧૦૫૦ થી ૧૧૩૮ હતા. લસણમાં ૧૩૫૦ કવીંટલની આવકે ભાવ ૧૧૫૦ થી ૨૮૦૦, ધાણામાં ૧૫૫૦ કવીંટલની આવક ભાવ ૧૩૪૦ થી ૧૯૧૧, ધાણીમાં ૧૦૦૦ કવીંટલની આવકે ભાવ ૧૫૬૦ થી ૨૩૯૦, જીરૂમાં ૧૩૦૦ કવીંટલથી આવકે ભાવ ૩૯૨૫ થી ૪૦૬૦, મેથીમાં ૩૫૦૦ કવીંટલની આવકે ભાવ ૯૮૦ થી ૧૩૫૦ના પડયા હતાં.

# હજુ બે વખત સ્ટે.કમીટી 'પેન્ડીંગ' રાખવી પડશે!

## એકટ મુજબ દર મહિને બોલાવવાની મીટીંગ લોકસભા ચૂંટણી પરિણામ પહેલા બે વખત મળવા ધારણા : મત ગણતરી બાદ જ નવા નિર્ણયો શરૂ થશે



મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે.કમીટીની ઔપચારિક મીટીંગ આજે સમિતિના હોલમાં મળી હતી. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા. ૫

રાજકોટ મહાપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલી મીટીંગમાં ચેરમેન જયમીન ઠાકરે તમામ દરખાસ્તો ચૂંટણી આચારસંહિતા ધ્યાને લઇને મુલત્વી રાખી હતી. દર મહિને સ્થાયી સમિતિની ઓછામાં ઓછી એક મીટીંગ બોલાવવાની જોગવાઇ એકટમાં રહેલી છે. આજની મીટીંગના એજન્ડા પર કુલ ૨૦ દરખાસ્તો હતી. આચારસંહિતા અમલી બન્યા બાદ કોઇ નવા નિર્ણયો લઇ શકાતા નથી અને કોઇ નવા કામ શરૂ પણ કરી શકાતા નથી. પદાધિકારીઓ સરકારી સુવિધાઓનો ઉપયોગ કરતા નથી અને કમિશનર પણ કોઇ નવી જાહેરાતો સાથેની દરખાસ્ત મોકલતા નથી. છતાં નિયમ મુજબ આજે મીટીંગ બોલાવીને દરખાસ્તો મોકુફ રાખવામાં આવી હતી. અધિકારીઓ અને સભ્યોએ બેઠકમાં હાજરી પૂરી હતી.

દર મહિને ઓછામાં ઓછી એક મીટીંગની જોગવાઇ અનુસાર હજુ આવતી તા.૫ મે અને તે બાદ લોકસભા ચૂંટણીની મત ગણતરી પૂર્વે તા. ૫ જુન આસપાસ ઓછામાં ઓછી બે બેઠક બોલાવવી પડશે. પરંતુ તેમાં કોઇ કાર્યવાહી કે નિર્ણયો થઇ શકશે નહીં. હવે બે મહિના બાદ જ મનપામાં નવા વિકાસ કામો અંગે નિર્ણયો લઇ શકાશે. આજે પણ પદાધિકારીઓ વતી સેક્રેટરી હરેશ રૂપારેલીયાએ બેઠકની કાર્યવાહી મુલત્વી રાખ્યાનું જાહેર કર્યુ હતું.

# રાજકોટ સહિત જિલ્લાના પુરવઠા વિભાગના ૩૪ કોમ્પ્યુટર ઓપરેટરોને બે માસથી પગાર ન ચૂકવાતા દેકારો

## અગાઉ કલેકટરની ટકોર છતાં એજન્સી દ્વારા ચલાવાતી લાલીયાવાડી સામે રોષ

રાજકોટ તા.૫

રાજકોટ સહિત જીલ્લાના પુરવઠા વિભાગના કોન્ટ્રાકટ બેઈઝ ૩૪ જેટલા કોમ્પ્યુટર ઓપરેટરોને છેલ્લા બે માસથી પગાર નહીં ચૂકવાતા આ કર્મચારીઓમાં દેકારો બોલી જવા પામેલ છે.

પગારના અભાવે આ કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓ કફોડી હાલતમાં મુકાઈ જવા પામેલ છે. અગાઉ જનસેવા કેન્દ્રના કર્મચારીઓને પણ પગારના ચૂકવણામાં ડીંડવાણા થતા આ મુદ્દે જીલ્લા કલેકટરને રજુઆત કરાતા જીલ્લા કલેકટર દ્વારા એજન્સીને કર્મચારીઓને નિયમિત પગાર ચૂકવવા તાકીદ કરવામાં આવી હતી.

જે બાદ પણ કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓને પગારના ચૂકવણામાં હજુ શરૂ જ રહ્યા છે. જેમાં રાજકોટ સહિત જીલ્લાના પુરવઠા વિભાગના ૩૪ કર્મચારીઓને છેલ્લા માસનો પગાર નહીં ચૂકવાતા આ કર્મચારીઓને તેમના પરીવારજનોનું જીવન ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. માર્ચ એન્ડીંગ જવા છતા આ કર્મચારીઓને બે માસનો પગાર હજુ ચુકવવામાં આવેલ નથી.

આ મામલે એવું ચર્ચાઈ રહ્યું છે કે પુરવઠા વિભાગના એક નાયબ મામલતદારના ભત્રીજાની કંપની પાસે આ એજન્સીનો કોન્ટ્રાકટ છે. જેને કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓને છેલ્લા બે માસનો પગાર નહીં ચૂકવતા આ અંગે કલેકટર કચેરીમાં ખાસ્સી ચર્ચા જાગી છે.

ભાજપ ટીકીટ રદ કરવા સંકેત આપતો નથી:ક્ષત્રિય સમાજે નવા કાર્યક્રમો ટાળ્યા

# રૂપાલા વિવાદમાં ભાજપ અને ક્ષત્રિય સમાજ બન્નેનું 'વેઈટ એન્ડ વોચ'

## રૂપાલાએ રાજકોટમાં સવારથી પ્રચાર શરૂ કરી દીધો:આશાપુરા માતાજીના મંદિરે દર્શન કર્યા: પાટીદાર સમાજના સમર્થનના બેનરો હટાવાયા-સભા પણ સ્થગિત

## ક્ષત્રિય સમાજનું રાજકોટમાં પ્રસ્તાવિત મહાસંમેલન પાછુ ઠેલાયું: નવા આંદોલનાત્મક કાર્યક્રમોની પણ જાહેરાત નહિં.

## રાજકારણને કારણે સમર્થન કે વિરૂદ્ધમાં આખા સમાજ મેદાને પડે તો વાતાવરણ ડહોળાવવાના ખતરાથી ખાસ તકેદારી હોવાનો સંકેત

રાજકોટ તા.૫

રાજકોટની લોકસભા બેઠકનાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના સમાજ સામેનાં વિધાનોના વિવાદમાં રાજકીય સામાજીક રીતે 'વેઈટ એન્ડ વોચ'ની સ્ટ્રેટેજી શરૂ થયાના સંકેતો છે. ઉમેદવાર બદલવાની માંગ કરી રહેલા ક્ષત્રિય સમાજની માંગણી સ્વીકારવા વિશે ભાજપ દ્વારા કોઈ સ્પષ્ટ નિર્દેશ કરાયો નથી. વિપરીત પણે સુચક રીતે રૂપાલાએ દિલ્હીથી પરત આવીને આજે સવારથી પ્રચાર પણ શરૂ કરી દીધો છે.બીજી તરફ ગુરૂવારે સાંજે પાંચ વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપનાર ક્ષત્રીય સમાજ દ્વારા પણ કોઈ આંદોલનાત્મક કાર્યક્રમ જાહેર કરાયા નથી. ઉલટાનું રાજકોટમાં યોજાનારૂ મહાસંમેલન પણ પાછુ ઠેલ્યુ છે.

રાજકોટની બેઠકનાં ભાજપનાં ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદે સમગ્ર ગુજરાતમાં પ્રત્યાઘાતો સર્જ્યા છે. ત્યારે આ મામલે ભાજપ નેતાગીરીના વલણ પર મીટ માંડવામાં આવી રહી હતી.પરંતુ હાઈ કમાંડ દ્વારા કોઈ સ્પષ્ટ જાહેરાત ન થતા સસ્પેન્સ અટકળો યથાવત રહ્યા છે. વિવાદાસ્પદ વિધાનો બદલ સજારૂપે રૂપાલાની ટીકીટ રદ કરવા ક્ષત્રિય સમાજની માંગ રહી છે. ૧૨-૧૩ દિવસથી ક્ષત્રિય સમાજ રૂપાલા વિરૂદ્ધ અભિયાન ચલાવી રહ્યો છે. પરંતુ ભાજપ દ્વારા માંગ સ્વીકારવાની દિશામાં કોઈ સંકેત આપ્યો નથી.દિલ્હી ગયેલા રૂપાલા ગઈકાલે ગુજરાત પરત આવ્યા હતા.અમદાવાદમાં સંગઠન મહામંત્રી રત્નાકરજી સાથે પોણો કલાક બેઠક કરી હતી. મીડીયા સાથે વાતચીતમાં તમામ સમાજનું સમર્થન અકબંધ હોવાનો રૂપાલાએ દાવો કર્યો હતો. આજે સવારથી ફરી પ્રચાર શરૂ કરી દીધો છે. આશાપુરા માતાજીનાં મંદિરે જઈને આજે સવારે દર્શન કર્યા હતા.

આ સિવાય તેમનાં સમર્થનમાં પાટીદાર સમાજે પણ સભા સહીતનાં કાર્યક્રમો સ્થગીત કરી દીધા છે. રૂપાલાના સમર્થનમાં લગાવાયેલા બેનરો આચાર સંહીતાનો ભંગ ગણીને ઉતારી લેવાયા છે.રૂપાલાનો પ્રચાર સૂચક ગણવામાં આવે છે.જયારે ભાજપનું વલણ વેઈટ એન્ડ વોચ હોવાનું ગણવામાં આવે છે.

બીજી તરફ ક્ષત્રિય સમાજ દ્વારા કોઈ પણ કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા નથી.રૂપાલાની ટીકીટ રદ કરવાની એકમાત્ર માંગ સાથે નિર્ણય લેવા ગુરૂવાર સાંજ સુધીનું લ્ટીમેટમ આપનાર ક્ષત્રિય સમાજે કોઈ નવા કાર્યક્રમ જાહેર કર્યા નથી. રાજકોટમાં ૬-૭ એપ્રિલે પ્રસ્તાપિત મહાસંમેલન મુલત્વી રાખી દેવામાં આવ્યું છે અને જરૂર પડયે માસાંતે યોજવાનું સક્રિય અગ્રણી પી.ટી.જાડેજાએ જાહેર કર્યું છે.


રાજકીય સુત્રોના કહેવા પ્રમાણે ભાજપ તથા ક્ષત્રિય સમાજ બન્નેનું વલણ વેઈટ એન્ડ વોચનુ હોવાનું સુચક છે.

ભાજપના વર્તુળોના કહેવા પ્રમાણે નેતાગીરી કોઈપણ ભોગે વિવાદ ઉકેલવાના મૂડમાં છે. રાજકારણને કારણે કોઈપણ સમાજ સામસામા ન આવે તેની તૈયારી રાખવા પણ કહેવાયુ છે. રૂપાલાને લાગે વળગે છે ત્યાં સુધી તેમના વિરૂદ્ધમાં કે સમર્થનમાં સમાજ સંગઠીત થાય કે સામસામા આવે તેવી સ્થિતિ નિવારણની ભાજપની રણનીતી છે આ સંજોગોમાં હવે કોઈ આ ઘટનાક્રમો આકાર પામે છે કે કેમ તેના પર નજર રાખવામાં આવી રહી છે માન્ય નેતાગીરીનો એવો મત છે કે રૂપાલાને બદલાવાય તો અન્ય બેઠકો પરનો વિરોધ-અસંતોષ તીવ્ર બને અને નેતાગીરીએ પડકારનો સામનો કરવો પડે તેમ છે.

### બિહારમાં મોદીએ લાલુ પર વાર કરતા...

# લાલુનો મોદી પર કવિતાથી પલટવાર!: જૂઠ કા અંબાર મોદી સરકાર, જૂઠ કા ભંડાર મોદી સરકાર!

### જનતાને ઠાના હૈ, મોદી સરકાર કા જૂઠ મિટાના હૈ...



પટણા (બિહાર) તા.૫=થ

ગઈકાલે વડાપ્રધાન મોદીએ જમુઈમાં પુર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ, તેમની પાર્ટી અને કોંગ્રેસ પર જોરદાર પ્રહાર કર્યા હતા ત્યારે સામે પક્ષે લાલુ પ્રસાદ યાદવે કવિતાના હથિયારથી વડાપ્રધાન મોદી પર પલટવાર કર્યો હતો.

લાલુએ કવિ અવતારમાં મોદી પર મારો ચલાવ્યો હતો- ક્યોં હૈ ઈતના જૂઠ? કૌન બોલતા હૈ ઈતના જૂઠ? લાલુએ આગળ કહ્યું- જનતાને ઠાના હૈ મોદી સરકાર જૂઠ મિટાના હૈ, નૌકરી પર જૂઠ વિકાસ પર જૂઠ- લાલુ આગળ કવિતાનો મારો ચલાવતા કહે છે- નોકરી પર જૂઠ, ઈતિહાસ પર જૂઠ, પરિવારવાદ પર જૂઠ, ભ્રષ્ટાચાર પર જૂઠ, ભ્રષ્ટાચાર પર જૂઠ બોલ રહે વો લોગ. લાલુએ આગળ ચલાવ્યું હતું- અગર કોઈ બંદા ભાજપા મેં આપે તો રાજનીતિક ધંધા ઔર વિપક્ષ મેં હૈ તો ગંદા.

### લાલુએ આ કાવ્ય પંક્તિઓથી વડાપ્રધાન મોદી પર વાર કર્યા હતા.

જૂઠ કા અંબાર- મોદી સરકાર,
જૂઠ કા ભંડાર- મોદી સરકાર,
જૂઠ કા વ્યાપાર- મોદી સરકાર,
જૂઠ કી બયાર- મોદી સરકાર,
જૂઠ કી બહાર- મોદી સરકાર,
જૂઠ કી કતાર- મોદી સરકાર,
જૂઠ શાનદાર- મોદી સરકાર,
જૂઠ જાનદાર- મોદી સરકાર,
જૂઠ જોરદાર- મોદી સરકાર,
જૂઠ લગાતાર- મોદી સરકાર,
જૂઠ વજનદાર- મોદી સરકાર,
જૂઠ બાર બાર- મોદી સરકાર,
જૂઠ સે સરાબોર- મોદી સરકાર,
જૂઠ કા કારોબાર- મોદી સરકાર.

# રૂપાલાને સમર્થન આપવા લાગેલા બોર્ડ તત્કાલ જપ્ત કરાવતું જિલ્લા ચૂંટણી તંત્ર

### જીવરાજપાર્ક સહિતના વિસ્તારમાં મનપા દબાણ હટાવ વિભાગની કાર્યવાહી



તસ્વીર: પંકજ શીશાંગીયા

રાજકોટ, તા. ૫

મ્યુનિ. કોર્પોરેશનની દબાણ હટાવ શાખા દ્વારા રોજિંદી કરવામાં આવતી કાર્યવાહીમાં છેલ્લા પખવાડીયાથી જાહેરમાં મંજૂરી વગર મૂકવામાં આવતા રાજકીય પક્ષોના બોર્ડ-બેનર ઉતારવાની કામગીરી વધી ગઇ છે. તેમાં ગઇકાલે મારવામાં આવેલા બોર્ડથી આચારસંહિતાનો ભંગ થતો હોય, કલેકટરની સૂચનાથી મનપા તંત્રએ ઘણા બોર્ડ-બેનર ઉતાર્યા છે.

રાજકોટમાં લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધની સ્થિતિ વચ્ચે ગઇકાલે પાટીદાર સમાજના ઘણા લોકોએ ન્યુ રાજકોટના જુદા જુદા વિસ્તારમાં તેમને સમર્થન આપતા બોર્ડ મૂકયા છે. થાંભલા પર અને ટ્રાફિક સર્કલ ઉપર પણ પરસોતમભાઇને ટેકો આપતા સુત્ર સાથેના બોર્ડ ઘણા લોકોએ મૂકયા હતા જે બાબત ચૂંટણી તંત્રના ધ્યાને આવતા તુરંત કાર્યવાહી કરવા મનપાને સૂચના આપી હતી. સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે જીવરાજ પાર્ક રોડ, અમીન માર્ગ, યુનિ. રોડ જેવા ઘણા વિસ્તારમાં આવા બોર્ડ લાગતા તેનું લખાણ આચારસંહિતા ભંગ કરે તેવું દેખાયું છે. આથી ચૂંટણી તંત્રની સૂચનાથી દબાણ હટાવ વિભાગે આ કાર્યવાહી કરી હતી.

# બિહારમાં શબયાત્રાની વાનને ટ્રકે ટકકર મારી: ત્રણ લોકોના મોત, ૬ ઘાયલ

## અકસ્માતમાં મહિલાનું શબ, અંતિમ સંસ્કારનો સામાન વેરવિખેર પડયો: ઘાયલોને હોસ્પિટલે ખસેડાયા



ભોજપુર (બિહાર) તા.૫

અત્રે મહિલાના શબને અંતિમ સંસ્કાર માટે લઈ જતી અંતિમ યાત્રા વાનને એક ટ્રકે ટકકર મારતા અંતિમ યાત્રા વાનમાં બેઠેલા મૃતકના પતિ સહિત ત્રણ લોકોના મોત થયા હતા, જયારે ૬ જેટલા લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા હતા. ઘાયલમાં મૃતક મહિલાના પુત્રનો સમાવેશ થાય છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ પડરિયા ગામના રામલાલસિંહની ૫૫ વર્ષીય પત્ની ગુંજા દેવીને હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું. તેમના શબને અંતિમ સંસ્કાર માટે વાનમાં બકસર લઈ જવાતો હતો ત્યારે આ દર્દનાક દુર્ઘટના બની હતી. આ અકસ્માતમાં શબ અને દાહ સંસ્કારનો સામાન વેરવિખેર પડયો હતો. ગ્રામીણોએ ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી.

# સદરની સર્જીકલ પેઢીમાં આગ ભભૂકી : ૫૦ લાખનો સામાન બળીને ખાખ

### બપોરે ૨ વાગ્યા આસપાસ આગ લાગ્યાની ખબર મળતા જ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સહિતનો કાફલો દોડી ગયો હતો

### અંબિકા કોમ્પ્લેક્સ નામના બિલ્ડિંગના ત્રીજા માળે આવેલી જી. એમ. એન્ટરપ્રાઇઝ નામની ઓફિસમાં આગ લાગી હતી






મેડિકલ સર્જીકલ સાધનો વેચતી પેઢીની ઓફિસમાં આગ લાગતા ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ હતી. છએક ફાયર ટેન્કર જેટલા પાણીનો મારો ચલાવ્યા બાદ કલાકોની જહેમત પછી આગ કાબુમાં આવી હતી. (તસવીર:પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા.૫

સદર બજારમાં જુના જનસત્તા પ્રેસ પાસે અંબિકા કોમ્પ્લેકસમાં આવેલી મેડિકલ સર્જીકલ સાધનો વેચતી પેઢીની ઓફિસમાં આગ લાગતા ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ હતી. છએક ફાયર ટેન્કર જેટલા પાણીનો મારો ચલાવ્યા બાદ કલાકોની જહેમત પછી આગ કાબુમાં આવી હતી. પેઢીમાં આગ ભભૂકી ઉઠતા આશરે ૫૦ લાખથી વધુનો સમાન બળીને ખાખ થયો હતો. બપોરે ૨ વાગ્યા આસપાસ આગ લાગ્યાની ખબર મળતા જ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સહિતનો કાફલો દોડી ગયો હતો. અંબિકા કોમ્પ્લેક્સ નામના બિલ્ડિંગના ત્રીજા માળે આ જી. એમ. એન્ટરપ્રાઇઝ નામની ઓફિસમાં આવેલી છે.

મળતી વિગત મુજબ આજે બપોરે બે વાગ્યા આસપાસ રાજકોટ મનપાના ફાયર બ્રિગેડના કંટ્રોલ રૂમમાં કોઈએ ફોન કરી જાણ કરી હતી કે, સદર બજારમાં ફુલછાબ ચોક નજીક જુના જનસતા પ્રેસ પાસે આવેલ અંબિકા કોમ્પ્લેક્ષના ત્રીજા માળે આવેલી મેડીકલ સર્જીકલ સાધનોની ઓફિસમાં આગ લાગી છે. ખબર મળતા જ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સહીતનો કાફલો તત્કાલ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પાણીનો મારો ચલાવી આગ બુઝાવવા પ્રયત્નો શરૂ કર્યા હતા. અઢી વાગ્યા સુધીમાં પાંચ ફાયર ટેન્કરની મદદ લેવાઈ હતી. બીજા ટેન્કરો પણ તૈયાર રખાયા હતા.

આ મેડીકલ સર્જીકલ પેઢીના મેનેજર મયુરાઈ દવેએ 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ પેઢીનું નામ જી.એમ. એન્ટરપ્રાઈઝ છે. જેના માલિકનું નામ નિલેશભાઈ પટણી છે. અંબિકા કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ૩૦૪ નંબરની ઓફિસમાં આ પેઢી કાર્યરત છે. પેઢી મેડીકલ સર્જીકલ સાધનો સૌરાષ્ટ્રભરમાં ડીસ્ટ્રીબ્યુટ કરે છે.

આગ કઈ રીતે લાગી તેની જાણકારી મળી નથી પરંતુ આગ લાગી ત્યારે ઓફિસમાં ૫૦થી૬૦ લાખના સર્જીકલ સાધનો હતા. જે આગમાં ખાખ થયા છે. બનાવના પગલે અફડાતફડીનો માહોલ જોવા મળેલો. ભારે જહેમતના અંતે ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો હતો.

# સ્વાવલંબી મહિલા સુખી પરિવારઃ સ્વરોજગાર મહિલાઓ સાથે ભોજન લેતા પરસોતમ રૂપાલા

### જાણીતા મહિલા અગ્રણી અને પુર્વ મેયર ભાવનાબેન જોષીપુરા દ્વારા સંઘર્ષ કરતા મહિલાઓને સ્વાવલંબી બનાવવાના પ્રયાસોને કેન્દ્રીયમંત્રીએ બિરદાવ્યા






રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર તથા કેન્દ્રીયમંત્રી પરસોતમ રૂપાલાએ આજે સવારે જામટાવર નજીક સ્વાવલંબી આત્મનિર્ભર મહિલા મિલન કાર્યક્રમમાં હાજરી આપી હતી અને તેમાં ૪૦૦ બહેનો જે સામાન્ય પરિવારના છે અને સંઘર્ષ કરે છે. તેઓ પરિવારના સહાયતા માટે વિવિધ સ્વાવલંબી કામગીરીની કમાણી કરે છે. તેઓને મળ્યા હતા અને તેમની વિવિધ પ્રવૃતિઓની માહિતી મેળવી સ્વરોજગાર મારફત તેઓ કુટુંબ માટે કેવા ઉપયોગી બને છે તે માહિતી મેળવી ખૂબજ પ્રભાવિત થયા હતા. સંસ્થાના ચેરપર્સન ડો. ભાવનાબેન જોષીપુરાએ કઈ રીતે આ બહેનો ઘર સંભાળવા ઉપરાંત અર્થ ઉપાર્જનથી પરિવારને સહાયતા કરે છે તે માહિતી આપી હતી. બાદમાં પરસોતમ રૂપાલા અને તેની સાથે આવેલા ભાજપના અગ્રણીઓએ મહિલાઓ સાથે ટિફીનમાં ભોજન લીધુ હતું. મહિલાઓ તેમને આર્શિદ આપ્યા હતા. આ તકે ડો. ભાવનાબેન જોષીપુરાએ પોતે લખેલા કાનૂની પુસ્તકની ભેટ પરસોતમભાઈ રૂપાલાને આપી હતી. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

# હવે શાળાઓમાં બાબરી ધ્વંસનો પાઠ વિદ્યાર્થીઓ નહીં ભણે

### કેન્દ્ર સરકાર દ્વારા અભ્યાસક્રમ સુધારાયોઃ ફકત શ્રી રામના ભવ્ય મંદિરના નિર્માણની જ ગાથા હશે

નવી દિલ્હી, તા.૫

અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના નિર્માણ સાથે હવે ઈતિહાસ પણ બદલાઇ રહ્યો છે. અત્યાર સુધી અયોધ્યામાં બાબરી મસ્જીદ ધ્વંસ અને તેના સ્થાને ભગવાન શ્રી રામનું મંદિર બનાવાયું તેવો જે અભ્યાસક્રમ ચાલતો હતો તેને સ્થાને હવે ફકત ભગવાન શ્રી રામના મંદિરના નિર્માણની કથા વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે. સુપ્રિમ કોર્ટે જે રીતે અયોધ્યામાં મંદિર નિર્માણ માટે ચુકાદો આપ્યો તે પછી બાબરી ધ્વંસ એ ભૂલી જવા જેવી ઘટના છે અને તેથી જ રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં પણ તે મુજબ બદલાવ કરવામાં આવશે. કેન્દ્ર સરકારને શાળાઓમાં અભ્યાસક્રમ અંગે સલાહ આપતી એનસીઇઆરટી મારફત હવે આ સુધારો થશે અને તેમાં ભારતમાં આઝાદી બાદ રાજનીતિ નામનું



ચેપ્ટર સામેલ કરવામાં આવશે. પરંતુ તેમાંથી બાબરી ધ્વંસનો ઉલ્લેખ દુર કરાશે. અને ફકત ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરનો જ ઉલ્લેખ હશે.

# શરાબ કૌભાંડમાં ભાજપના અનેક મોટા નેતાઓ સામેલઃ સંજયસિંહનો સનસનીખેજ આક્ષેપ

### જામીન પર છુટયા બાદ 'આપ' નેતાનો પત્રકારો સમક્ષ ખુલાસોઃ કેજરીવાલની ધરપકડ મોટું કાવતરુંઃ સંજયસિંહ

નવી દિલ્હી તા.૫

આમ આદમી પાર્ટીના રાજયસભા સાંસદ સંજયસિંહ જામીન પર છુટયા બાદ આજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જેમાં તેમણે દિલ્હી શરાબ એકસાઈઝ ડયુટી કૌભાંડ મામલે સનસનીખેજ આક્ષેપ કર્યો હતો કે આ શરાબ કૌભાંડમાં ભાજપના અનેક મોટા નેતાઓ સંડોવાયેલા છે.

તેમણે દાવો કર્યો હતો કે કેજરીવાલની ધરપકડ કાવતરાના ભાગરૂપે થઈ છે. તેમણે જણાવ્યું હતું કે દિલ્હી શરાબ કૌભાંડમાં જે લોકોને આરોપીઓ તરીકે પકડવામાં આવ્યા હતા. તેમણે જયાં સુધી કેજરીવાલનું નામ ન લીધું, ત્યાં સુધી ઈડીએ તેમના નિવેદનને ભરોસાલાયક નહોતું માન્યું પણ જેવું તેમણે અરવિંદ કેજરીવાલનું




નામ લીધું કે તેમના તે નિવેદનને માની લીધું.

સંજયસિંહે શરત રેડ્ડીનો ઉલ્લેખ કરીને કહ્યું હતુ કે તેમના ૧૨ નિવેદન લેવાયા. શરૂઆતી નિવેદનોમાં તે કહેતા રહ્યા કે તે કેજરીવાલને ઓળખતા નથી. ૬ મહિના જેલમાં રહ્યા તો તૂટી ગયા. શરત રેડ્ડીએ કેજરીવાલની વિરુદ્ધ નિવેદન આપી દીધું અને તેના જામીન પણ થઈ ગયા. ભાજપ શરત રેડ્ડીને શરાબ કૌભાંડકાર કહે છે પણ તેની પાસેથી ભાજપે ૫૫ કરોહ રૂપિયાનું દાન મેળવેલું. સંજયસિંહે જેલથી છુટયા બાદ રાજઘાય પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલી આપી હતી. તેમણે પત્રકારોને કહ્યું હતું કે જે રીતે દિલ્હી અને ઝારખંડના મુખ્યમંત્રીઓને જેલમાં મોકલ્યા, આ દેશમાં 'તાનાશાહી'ની શરૂઆત છે.

# યોગી સરકારને સુપ્રિમનો આંચકોઃ ઉત્તર પ્રદેશમાં મદ્રેસા શિક્ષણ ચાલુ રહેશે

### મદ્રેસાઓમાં અભ્યાસ કરતાં લાખો વિદ્યાર્થીઓને નિયમિત પ્રવેશના રાજ્ય સરકારના કાનુની સુધારાને ગેરબંધારણીય ગણાવ્યોઃ હાઈકોર્ટના આદેશને પણ સ્ટે કર્યો

લખનૌ, તા.૫

ઉત્તર પ્રદેશમાં યોગી સરકારે અમલમાં મુકેલા મદ્રેસા એજ્યુકેશન એક્ટ ૨૦૦૪માં જે સુધારા કર્યા છે તેને ગેરબંધારણીય ગણાતા સુપ્રિમ કોર્ટે રાજ્યમાં મદ્રેસા મારફત અભ્યાસ ચાલુ રાખવા આદેશ આપ્યો છે. આ અગાઉ અલ્લાહબાદ હાઈકોર્ટે જે આદેશ આપ્યો હતો તેના પર સર્વોચ્ચ અદાલતે હાલ સ્ટે આપી દીધો છે. હાઈકોર્ટે એવું તારણ આપ્યું હતું કે મદ્રેસા બોર્ડ મારફત શિક્ષણ એ દેશના ધર્મનિરપેક્ષ એટલે કે સેક્યુલર સિધ્ધાંતોનું ઉલ્લંઘન છે જેની સામે મદ્રેસા સંચાલકોએ સુપ્રિમમાં રીટ કરી હતી. અને સર્વોચ્ચ અદાલતે હાલ રાજ્ય સરકારને નોટીસ ફટકારીને મદ્રેસાઓમાં શિક્ષણ અગાઉની જેમ જ યથાવત રાખવા આદેશ આપ્યો છે. ગત તા.૨૨ માર્ચના રોજ અલ્લાહબાદ હાઈકોર્ટે યુપી બોર્ડ ઓફ મદ્રેસા એજ્યુકેશન એક્ટ ૨૦૦૪માં જે સુધારા રાજ્ય સરકારે કર્યા હતા તેને માન્ય રાખ્યા હતા અને મદ્રેસાઓમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેને રેગ્યુલર શાળાઓમાં પ્રવેશ મેળવી લેવા જણાવાયું હતું. જેની સામે સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિની ખંડપીઠ હાલ સ્ટે આપ્યો છે. યોગી સરકારના આદેશ બાદ ઉત્તર પ્રદેશની ૧૬ હજાર મદ્રેસાઓમાં અભ્યાસ કરતાં ૧૩.૫૭ લાખ વિદ્યાર્થીઓ માટે પ્રશ્ન ઉભો થયો હતો અને ૯૫૦૦ શિક્ષકોની રોજગારી સામે પણ સંકટ સર્જાયું હતું. પણ હાલ તેમાં રાહત મળી છે.




(સાગર સોલંકી-ધર્મેન્દ્ર બાબરીયા)

# પરસોતમ રૂપાલા સામે કાયદાકીય પગલા લેવાની માંગ સાથે ધોરાજીમાં ક્ષત્રિય સમાજ દ્વારા ડે. કલેકટરને આવેદનપત્ર

### તાલુકાભરમાંથી આગેવાનો ઉમટી પડયાઃ ઉગ્ર રજૂઆત

ધોરાજી, તા.૫

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રુપાલા સામે કાયદાકીય પગલા લેવાની માંગણી ઉઠાવી ધોરાજીમાં આજે રાજપૂત-ક્ષત્રિય સમાજ દ્વારા ડે. કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

પરસોતમ રુપાલાએ રાજપુત સમાજ અંગે કરેલી ટીપ્પણીથી રાજપુત-ક્ષત્રિય સમાજમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠચો છે. રાજકોટની લોકસભાની બેઠક પરથી રુપાલાને હટાવવાની માંગણી હવે પ્રબળ બની રહી છે.

રાજકોટ લોકસભા બેઠક ઉમેદવાર પરસોતમ રુપાલા દ્વારા એક કાર્યક્રમમાં સમસ્ત રાજા રજવાડા વિશે લાગણી દુભાય અને સુલેહ શાંતિનો ભંગ થાય તે પ્રકારના કરાયેલા ઉચ્ચારણોનો વીડીયો સોશ્યલ મીડીયામાં ફરી રહ્યો છે જેમાં રાજપુત ક્ષત્રિય સમાજ વિશે અપમાનજનક ટિપ્પણી કરાયેલ છે જેના લીધે સમગ્ર ક્ષત્રિય સમાજમાં પરસોતમ રુપાલા વિરુધ્ધ રોષની લાગણી ભભુકી ઉઠી છે.

આ અંગે ધોરાજી શહેર તાલુકામાં રાજપુત ક્ષત્રિય સમાજ કાઠી સમાજ, વિવિધ સંસ્થાઓ સહિતનાઓએ બહોળી સંખ્યામાં હાજર રહી પરસોતમ રુપાલાના અપમાનજનક ભાષાને સખ્ત શબ્દોમાં વખોડી કાઠી છે.

આગેવાનોએ એક સૂરમાં જણાવેલ છે કે રાજકોટ લોકસભાની બેઠક પરથી પરસોતમ રુપાલાને હટાવવામાં આવે તે તેઓની માંગણી છે.

# હવે બેંકોના કેશ ડીપોઝીટ મશીનમાં યુપીઆઇ મારફત નાણાં જમા કરાવી શકાશે

### રીઝર્વ બેન્ક દ્વારા વધુ એક ગ્રાહકલક્ષી સુવિધાની જાહેરાત કરતા ગવર્નર શક્તિકાંતાદાસ

મુંબઇ, તા.૫

આગામી સમયમાં તમે તમારા યુપીઆઇ મારફત પણ બેંકોના કેશ ડીપોઝીટ મશીનમાં નાણાં જમાવી કરાવી શકશો. આજે રીઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંતા દાસે નવી ધિરાણનીતિની જાહેરાત કરતાં સમયે આ માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે અત્યાર સુધી કેશ ડીપોઝીટ મશીનમાં નાણાં જમા કરાવવા માટે તમારે તમારું ડેબીટ કાર્ડ ઈન્સર્ટ કરવું પડે છે પરંતુ હવે તમે યુપીઆઇ મારફત પણ એટીએમમાં જેમ ઉપાડ કરી શકો છો તેમ કેશ ડીપોઝીટ મશીનમાં નાણાં પણ જમા કરાવી શકાશે. તેમણે કહ્યું કે આ વ્યવસ્થાથી તબકકાવાર ડીજીટલ વ્યવહારોમાં કાર્ડની ભૂમિકા ઘટશે અને કાર્ડ મારફત જે ફ્રોડ થાય છે તે પણ અટકશે અને કેશ ડીપોઝીટ મશીનની કામગીરીથી ગ્રાહકોની સાથોસાથ બેંકોને પણ રોકડ હેન્ડલ કરવાની સરળતા મળશે. આરબીઆઇએ આજે તેની પોલીસીમાં એ પણ જાહેર કર્યું હતું કે હાલ યુપીઆઇ પેમેન્ટ કે જે પ્રીપેઇડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટમાં થર્ડ પાર્ટી એપ એટલે કે પેટીએમ કે ફોન-પે જેવી વ્યવસ્થા મારફત થાય છે. એજ રીતે થર્ડ પાર્ટી યુપીઆઇ એપ મારફત વેલેટમાં પણ નાણાં ટ્રાન્સફર કરી શકાશે. જેને કારણે નાની રકમના વ્યવહારોને પણ સરળતા મળશે.


# હવે એપલે પણ છટણી ચાલુ કરીઃ ૬૦૦ની નોકરી જશે

કેલીફોર્નીયા, તા.૫

દુનિયાની સૌથી મોટી ફોન નિર્માતા કંપની એપલે અમેરિકાના કેલીફોનીયામાં સ્માર્ટ વોચ અને ડિસ્પ્લે પ્રોજેક્ટ સાથે કામ કરતાં ૬૦૦ કર્મચારીઓને નોકરીમાંથી બાય..બાય કહેવા તૈયારી કરી છે. તેમને ૬૦ દિવસની નોટીસ આપવામાં આવી છે. એપલ દ્વારા આ રીતે કર્મચારીઓની છટણીની પ્રથમ ઘટના છે. અને તા.૨૭ મેથી આ કર્મચારીઓની નોકરીનો અંત આવશે. એપલ દ્વારા જે રીતે એઆઇ સહિતની ટેકનોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે તેને કારણે આ જોબ કટ આવી હોવાનું મનાય છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
| --- | --- |
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૬૦-૨૬૧૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૧૦-૨૫૬૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૪૫-૧૭૭૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૯૫-૧૭૨૫ |
| પામોલીયન તેલ | ૧૬૨૫-૧૬૩૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૬૦-૧૫૮૦ |
| મકાઇ તેલ | ૧૫૮૦-૧૫૮૫ |
| વનસ્પતિ ઘી | ૧૬૪૦-૧૬૮૦ |
| કોપરેલ | ૨૨૩૦-૨૨૫૦ |
| દિવેલ | ૨૦૭૦-૨૦૯૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
| --- |
| ૭૨૧૫૦(-) |

| ચાંદી |
| --- |
| ૮૧૪૦૦(-૨૫૦) |

# સોમનાથ સોસાયટીના મહાદેવ મંદિરના નવનિર્માણ અર્થે ભવ્ય લોક ડાયરાનું આયોજન

## ખ્યાતનામ કલાકારો વિશાલભાઈ વરૂ લોકગાયક, અલ્પાબેન પરમાર લોક ગાયીકા, જયુભા સિંધવ જમાવટ કરશે

રાજકોટ:તા ૫

રાજકોટ શહેરનાં આજી ડેમ ચોકડી પાસે, એટીવી હોટલ પાછળ, ભાવનગર રોડ ખાતે આવેલ સોમનાથ સોસાયટીમા આવેલ શ્રી સોમનાથ મહાદેવ મંદિરનું નવનિર્માણ કરવાનું સમસ્ત સોમનાથ સોસાયટી દ્વારા નક્કી કરવામા આવેલ છે. જેથી મંદિર નવનિર્માણના લાભાર્થે ભવ્ય લોક ડાયરો તા. ૦૭-૦૪-૨૦૨૪ રવિવારે રાત્રે ૮-૦૦ કલાકે યોજવામા આવેલ છે. જેમા ખ્યાતનામ કલાકારો વિશાલભાઇ વરૂ લોકગાયક, અલ્પાબેન પરમાર લોક ગાયીકા, જયુભા સિંધવ લોક સાહિત્યકાર અને વાલાભા ગઢવી લોક સાહિત્યકાર પોતાના કંઠે લોક સાહિત્ય અને મહાદેવના ભજન, ગીતો, સ્તુતી વિગેરેનું રસપાન કરાવશે.

સોમનાથ સોસાયટી, ભાવનગર રોડ ની સ્થાપનાને ૧૦ વર્ષ થયા છે અને આ સોસાયટીમાં ૧૦૦ થી વધુ મકાનો આવેલા છે સોસાયટીના તમામ જ્ઞાતિના લોકો નાત જાતના ભેદભાવ ભુલીને હળીમળીને પારિવારીક વાતાવરણમા રહે છે અને સોએ સાથે મળીને સોસાયટીમા મહાદેવજીના મંદિરનું નિર્માણ કરવાનું સંકલ્પ કરેલ હોય જેથી મંદિર નવનિર્માણ



લાભાર્થે આ લોક ડાયરાનું આયોજન કરેલ છે.

આ લોક ડાયરામા મહંતશ્રી રઘુવિરદાસ બાપુ - સનાતન ધર્મ પરિષદ રાષ્ટ્રીય સચિવ શ્રી શ્રી ૧૦૦૮,મહંત વિરજી ભગત - દેવાબાપાની જગ્યા, ઠીકરીયાળા ,મહંત વાલજી ભગત ઠાકોરજી મંદિર -કાળાસરની જગ્યા,મહંત મોહનદાસ બાપા - ત્રંબા ,આઇશ્રી લક્ષ્મી માં - મોગલધામ-ખોડલધામ આજીડેમ, રાજકોટ સહિત ગુજરાતભરમાંથી સંતો મહંતો અને પરસોતમભાઈ સોલંકી - રાજયમંત્રી, પરસોતમભાઈ રૂપાલા - કેન્દ્રિય મંત્રી, ભરતભાઈ બોઘરા -




ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ બીજેપી, અરવિંદભાઇ રૈયાણી - પૂર્વ મંત્રી, શક્તિસિંહ ગોહિલ - રાજય સભાના સાંસદ, ઇન્દ્રનીલ રાજયગુરૂ - પૂર્વ ધારાસભ્ય, રાજકોટ,વિક્રમભાઈ સોરાણી - અધ્યક્ષ શિવાજી સેના,ઉદયભાઈ કાનગડ- ધારાસભ્ય,નયનાબેન પેઢડીયા - મેયર ,મુકેશભાઈ દોશી - રાજકોટ શહેર પ્રમુખ સહિતના રાજકીય મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, અગ્રણી ડોકટર, વકીલ, બિલ્ડરો તેમજ આજી ડેમ ચોકડી વિસ્તારમા આવેલ તમામ સોસાયટીના આગેવાનો ઉપસ્થિત રહેશે.

આ આયોજન અંતર્ગત પ્રવિણભાઈ રોજાસરા - પ્રમુખ સાગરભાઈ ડાભી -ઉપપ્રમુખ , મહેશ જાદવ, વિમલ હદાણી ,રશિક ચાવડા, મહેશ સરિયા, રોહિત મકવાણા જહેમત ઉઠાવી રહ્યા છે.

# મોઢ વણિક મહાજન - રાજકોટ દ્વારા યુવીએમસી પાર્ટીલોન્સનું કરાયું ધમાકેદાર લોકાર્પણ

## પ. પૂ.દ્વારકેશલાલ મહોદય, હર્ષદભાઈ શાહ, મુકેશભાઈ દોશી, રાજુભાઈ ધારૈયા, ડી. વી. મહેતા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

રાજકોટ:તા ૫

રાજકોટ - સૌરાષ્ટ્ર ની મોઢવણીક જ્ઞાતિ ની ૧૫૦ વર્ષ જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી મોઢવણીક મહાજન રાજકોટ દ્વારા રાજકોટ શહેરના અતિ પોશ વિસ્તાર એવા કાલાવડ રોડ પરના ન્યારી ડેમ મેઇન રોડ ખાતે ભવ્ય અને અતિઆધુનિક સુવિધા ઓથી સજ્જ આશરે ૪૦૦૦ વારમાં ભવન અને પાર્ટીલોન્સ નું નિર્માણ કરવામાં આવેલ છે. જેમને સંસ્થાનાં સ્થાપક તેમજ મૂળદાતા '' ઉજમશીભાઈ વિરચંદભાઈ વોરા મોઢવણીક કેમ્પસ એન્ડ પાર્ટીલોન્સ (યૂવીએમસી પાર્ટીલોન્સ)'' નામકરણ સાથે તાજેતર માજ હજારોની સંખ્યામાં મોઢવણીક જ્ઞાતિજનોની ઉપસ્થિતિ માં જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠાધીસ્વર સોમયાજી દીક્ષિત, અનંત વિભૂષિત પૂ. પા. ગો. ૧૦૮ દ્વારકેશલાલજી મહોદય, ચંપારણ્ય નાં કરકમલો દ્વારા સમાજાપર્ણ કરવામાં આવેલ હતું.

મોઢવણીક મહાજન રાજકોટ દ્વારા અંદાજે ૩૦,૦૦૦/- સ્કવેર ફૂટ લોન એરીયા તથા ૬૦૦૦ સ્કવેરફૂટમાં અલ્ટ્રા મોર્ડન કોન્ફરન્સ હોલ, ૫ એરકન્ડિશન્ડ રૂમ, કિચન સહિત નાં આધુનિક સંકૂલ નું નિર્માણ કરવામાં આવેલ છે. આ પાર્ટી લોન્સના નિર્માણ માટે છેલ્લા ૭ વર્ષ થી સમગ્ર ટ્રસ્ટી મંડળ ની ટીમ નો અથાગ પરિશ્રમ અને વેઠેલી મુશ્કેલી ઓ અંગે પ્રમુખ ભાગ્યેશ વોરા એ વક્તવ્ય દરમ્યાન જ્ઞાતિજનો ને વાકેફ કરેલ હતા. પ. પૂ. દ્વારકેશલાલજી મહોદય તેમજ કાર્યક્રમનાં



### શ્રી નાથજી સંગીત સંધ્યા, દાતાઓનું સન્માન તેમજ વિરાટ જ્ઞાતિભોજન સહિતના યોજાયા કાર્યક્રમો

અધ્યક્ષ અને મોઢ મહોદય ના અધ્યક્ષ હર્ષદભાઈ શાહ અને મોઢવણીક અગ્રણી, શહેર ભાજપ નાં અધ્યક્ષ મુકેશભાઈ દોશી દ્વારા પણ મોઢવણીક મહાજન રાજકોટ ની ટીમ ને આ ઐતિહાસિક કામગીરી ની પોતાના વક્તવ્યો દરમ્યાન સરાહના કરેલ હતી, પાર્ટી પ્લોટ નિર્માણ નાં ટ્રસ્ટી મંડળ નાં વિઝન ને બિરદાવ્યું હતું.

લોકાર્પણ સમારોહ નાં અધ્યક્ષ તરીકે મોઢ મહોદય નાં પ્રમુખ હર્ષદભાઈ શાહ તેમજ મુખ્ય મહેમાન તરીકે મુકેશભાઇ દોશી, ડી. વી. મહેતા, રાજેન્દ્રભાઈ ધારૈયા, કલ્પનાબેન વડોદરિયા, ભારતીબેન શાહ, અંજનાબેન વડોદરીયા, અજયભાઈ પરીખ, શારદાબેન પારેખ, રક્ષિતભાઈ કામદાર,સુરેન્દ્રભાઈ ગાંધી, ભાવેશભાઈ પારેખ, મગનભાઇ દોશી, કિરીટભાઈ બખાઈ, પરિનભાઈ શાહ, મિલનભાઈ વોરા, જીરેન્દ્રભાઈ છાપીયા, પંકજભાઈ રાઠોડ, ડો. યોગેશભાઈ મહેતા, જયોતિન્દ્રભાઈ પારેખ, દેવેન્દ્રભાઈ મણિયાર, યશભાઈ રાઠોડ, કેતનભાઈ મેસ્વાણી, ડો. અતુલભાઈ રાઠોડ, ભાવનાબેન બખાઈ, કૃણાલભાઈ મણિયાર, સુનિલભાઈ બખાઈ ની ઉપસ્થિતિ રહી હતી.

# વિહિપ પ્રેરિત રામનવમી શોભાયાત્રાની પૂર્વ તૈયારીના ભાગ રૂપે વિવિધ સંસ્થા-મંડળો તથા કાર્યકર્તાઓની બેઠક યોજાઈ

રાજકોટ,તા.૫

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરીત રામનવમી શોભાયાત્રાની પૂર્વ તૈયારીના ભાગ રૂપે ગત તા. ૦૩ ના રોજ વિ.હિ.પ. કાર્યાલય ખાતે વિવિધ સંસ્થા-મંડળો તથા વિ.હિ.પ.- બજરંગદળ-દુર્ગાવાહીનીના કાર્યકર્તાઓની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિ.હિ.પ., બજરંગદળ, દુર્ગાવાહીનીના કાર્યકર્તાઓ, રાજકોટની નામાંક્તિ સામાજીક, સેવાકીય સંસ્થા, મંડળોના અગ્રણીઓ વિ. બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા તથા રાધેશ્યામ ગૌશાળાના રાધેશ્યામ બાપુ ખાસ ઉપસ્થિત રહયા હતા અને વિ.હિ.પ. ના હોદેદારોએ માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. આ બેઠકમાં અગત્યની જાહેરાત કરતા જણાવવામાં આવ્યુ હતું કે અગામી તા. ૯ એપ્રિલને મંગળવાર થી તા.૧૬ એપ્રિલને મંગળવાર સુધી શ્રીરામ કથાનું આયોજન થવા જઈ રહયું છે તેમજ રામનવમીના પાવન દિવસે એટલે કે તા.૧૭ એપ્રિલ બુધવારના રોજ પરંપરા મુજબ દર્શનીય શોભાયાત્રાનું આયોજન વિ.હિ.પ. તથા રાધેશ્યામ ગૌશાળાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

### વિહિપ તથા રાધેશ્યામ ગૌશાળાના સંયુકત ઉપક્રમે શ્રીરામકથા તથા શ્રી રામ શોભાયાત્રાનું દિવ્ય આયોજન

**શ્રીરામ શોભાયાત્રા :-**

વિ.હિ.પ. દ્વારા અનેક દાયકાઓથી યોજાતી જન્માષ્ટમી શોભાયાત્રા જે રીતે લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે એ જ રીતે છેલ્લા ઘણા વર્ષોથી યોજાતી રામનવમી શોભાયાત્રા પણ લોકોના હૃદયમાં એક આગવું સ્થાન બનાવી રહી છે. આ વખતની શોભાયાત્રા પણ નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતેથી ધર્મસભા બાદ શરૂ થઈને રાજકોટના જાણિતા રાજમાર્ગોના રૂટ ફરીને સતયુગશ્રી રામજી ભગવાન મંદિર હળ: શ્રી ન્યાલ ભગત અન્નક્ષેત્ર ૐ હિં રામ જય રામ જય જય રામ ખાતે પૂર્ણાહુતી પામશે.

**શોભાયાત્રાનો રૂટ:-**

આ બેઠકમાં શોભાયાત્રાનો રૂટ જાહેર કરવામાં આવેલ હતો. જેમાં શોભાયાત્રનો રૂટ નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ થી શરૂ થઈ (ધર્મસભા બાદ પ્રસ્થાન), રૈયા ચોકડી, કનૈયા ચોક, હનુમાનમઢી ચોક, કિશાનપરા ચોક, જીલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, રોકડીયા હનુમાન મંદિર ચોક, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, એ.સી.બી. ઓફીસ, ત્રિકોણબાગ, લાખાજીરાજ રોડ, કરણસિંહજી બાલાજી મંદિર રોડ, સ્વામીનારાયણ મંદિર ભુપેન્દ્ર રોડ, આશાપુરા મંદિર પેલેસ રોડ, કેનાલ રોડ, ભુતખાના ચોક, લોધાવડ ચોક, ગોંડલ રોડ સૂર્યકાંત હોટલ, બોમ્બે ગેરેજ ચોક, સતયુગશ્રી રામજી ભગવાન મંદિર હળ: શ્રી ન્યાલ ભગત અન્નક્ષોત્ર ખાતે મહાઆરતિ બાદ પૂર્ણાહુતી થશે તથા રૂટનો સમય આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે.

તેમજ રાજકોટ ખાતેના રામ ઉત્સવ કાર્યક્રમ નિમિતે માર્ગદર્શક મંડળ જાહેર કરવામાં આવેલ હતું જેમાં રાધેશ્યામ બાપુ, શાંતુભાઈ રૂપારેલીયા, નરેન્દ્રભાઈ દવે, ભુપતભાઈ ગોવાણી, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, નિતેશભાઈ કથીરીયા, વિનુભાઈ ટીલાવતની જાહેરાત કરવામાં



આવી હતી અને રાજકોટ શહેરમાં આ વખતે ચૈત્ર સુદ-૧ થી ચૈત્ર સુદ-૯ સુધી રામઉત્સવ નિમિતેના કાર્યક્રમો ઉજવવા માટે જરૂરી માર્ગદર્શન પુરુ પાડશે તે માટે માર્ગદર્શક મંડળ જાહેર કરવામાં આવેલ. તેમજ આ કાર્યક્રમના અનુસંધાને વિવિધ સમિતિ હવે પછી જાહેર કરવામાં આવશે.

## વિનામૂલ્યે અનાજની કીટનું વિતરણ

રાજકોટ,તા.૫

બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા રવિવારે તા.૭ના રોજ બપોરે ૩:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધી ટ્રસ્ટના કાર્યાલય, ૯ રઘુવીરપરા, ગરેડીયા કુવા પાસે, સાંગણવા ચોક, રાજકોટ ખાતે બજરંગ મિત્ર મંડળના ટ્રસ્ટના કાર્ડ હોલ્ડરો માટે વિનામૂલ્યે સેવ, ખાંડ, ગોળ, કાચી ખીચડી, મમરા, પૌવા, રવાનો લોટ, પાપડ, ગોપાલ છાસ તથા નિમકના પેકેટ સહીતની અનાજની કીટનું વિતરણ કરવામાં આવશે.

### જિન શાસન પ્રભાવક આ.ભ.શ્રી જયશેખરસૂરિજી મ. પ્રેરિત

# વિમલનાથ જિનાલયમાં વિવિધ અનુષ્ઠાનોના આયોજનો

રાજકોટ તા.૫

જિન શાસન પ્રભાવક આ.ભ.પૂ.શ્રી જયશેખરસૂરિશ્વરજી મહારાજ પ્રેરિત શ્રી વિમલનાથ જિનાલયમાં આગામી તા.૭મીના રવિવારે સવારે ૮-૧૦ કલાકે શ્રી ઘંટાકર્ણ વીરનું અનુષ્ઠાન જેનો લાભ નિશાંત શેઠ પરિવારે લીધો છે. જયારે રવિવારે પૂજા કરવા આવતા બાળકોની પ્રભાવનાના લાભાર્થી નવલબેન મનસુખભાઈ શાહ (વાંકાનેર) પરિવાર છે.

તા.૯ના મંગળવારે બેસતા મહિને સવારે ૬-૩૦ કલાકે શ્રી ગૌતમ સ્વામીનો પક્ષાલ, સવારે ૮-૧૦ કલાકે શ્રી માણિભદ્ર વીરના અનુષ્ઠાનનો લાભ જૈનેતર પરિવાર નયનાબેન પ્રવીણભાઈ જાની પરિવારે લીધો છે. સુખડી પ્રભાવના ઘેર લઈ જઈ શકાશે.

તા.૧૦ના બુધવારે સુશ્રાવક પ્રવીણભાઈના જન્મદિન નિમિત્તે ખેમચંદ લલ્લુભાઈ સંઘવી (સજાવટ) પરિવાર તરફથી ભાતી, સવારે ૧૦ વાગે બહેનોના જાપ, લાભર્થી નર્મદાબેન વૃજલાલ ઠોસાણી પરિવાર છે. રાત્રે ૮-૩૦ કલાકે આંગી, સમૂહ આરતી, પ્રભાવના-લાભાર્થી યશ દોશી પરિવાર છે.



તા.૧૩ના શ્રી માણિભદ્ર વીરનું અનુષ્ઠાન સવારે ૮-૧૦ કલાક, સુખડીના લાભાર્થી સરોજબેન બકુલભાઈ મહેતા (હ. દિલીપભાઈ મસ્કત વાળા) પરિવાર છે. સુખડી પ્રભાવના રૂપે ઘેર લઈ જઈ શકાશે. તેમ વિમલનાથ જિનાલયના કન્વીનર વિપુલભાઈ દોશીએ જણાવેલ છે.

## દરિયાલાલ ઝુલેલાલ જયંતિ નિમિત્તે ઓશો સત્યપ્રકાશ ધ્યાન મંદિરે નિઃશુલ્ક ધ્યાન શિબિર, સન્યાસ ઉત્સવનું આયોજન

રાજકોટ, તા.૫



તા.૧૦ને બુધવારના રોજ ચેટીચાંદ દરિયાલાલ ઝુલેલાલ જયંતિ નિમિત્તે ઓસો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે સાંજના ૪ થી ૮ દરમ્યાન ઓશોના વિવિધ ધ્યાન પ્રયોગો, સ્વામી દેવ રાહુલ દ્વારા હસીબા ખેલીબા ધરીબા વ્યાયમ, ઓશો કિર્તન, સંધ્યા ધ્યાન, સન્યાસ ઉત્સવ, દરિયાલાલ ઝુલેલાલ જયંતિ નિમિત્તે આયોલાલ ઝુલેલાલ કિર્તન સાથે હિનામા તથા દિલીપ સ્વામી દ્વારા હરસાલની માફક જમ્બો કેક કટીંગ કરવામાં આવશે. રાત્રે ૮ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

મહાપ્રસાદ બાદ રાત્રે ૮-૩૦ કલાકે રાધિકા મ્યુઝીક ઓરકેસ્ટ્રાના ઓર્ગેનાઇઝર રક્ષા જોષી તથા સાથી કલાકારો એચ.કે. લીયા, દિપા ચાવડા તથા હર્ષિલ દ્વારા નવા-જુના ગીતો-ગઝલોનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## બારડોલીમાં જૈનાચાર્ય શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સહિત ૨૩ સાધુ ભગવંતોનું ભવ્ય સામૈયું થયું

રાજકોટ,તા.૫

દીક્ષાદાનેશ્વરી આચાર્ય શ્રી ગુણરત્ન સુરીશ્વરજી મહારાજ ના શિષ્યરત્ન ૪૬૦ શ્રમણી ગણનાયક આચાર્ય શ્રી રશ્મિરત્ન સૂરિજી વગેરે ૨૩ સાધુભગવંતો નુ બારડોલી નગર મા સરદાર બાગ મૂર્તિપૂજક જૈન સંઘ હીરાચંદ નગર મા બેન્ડ-બાજા સાથે ૪૭ શુકનો સાથે ભવ્ય સામૈયું કર્યું. નાની-નાની દિકરીયો અને બેનો માથે કળશ ધારણ કરી અને ઠેર - ઠેર ગહુંલી કાઢી સ્વાગત કર્યું સ્વાગત યાત્રા - સામૈયું મુદીત પેલેસ થી મેરુ શિખર એપાર્ટમેન્ટ પહોંચી સભા રૂપે થઈ.

ઉપસ્થિત જૈન સમાજ ના શ્રાવક-શ્રાવિકાઓને જૈનાચાર્ય શ્રી રશ્મિરત્ન સૂરીજી એ, સંબોધિત કરતા જણાવ્યું કે ભગવાન મહાવીરે અહિંસા, સંયમ અને તપ નો ધર્મ બતાવ્યો છે. જેમ દૂધ નો સાર મલાઈ છે, એમ જીવનનો સાર ભલાઈ છે, એમને વધુ મા જણાવ્યું તનનું સાર તપ, ધનનું સાર દાન, મનનું સાર ધ્યાન છે. તપસ્યા કરવાથી આત્મા શુદ્ધ બને છે. રવિવારે સવારે ૯:૦૦ કલાકે જાહેર પ્રવચન થશે. સુરતમાં મહાવિદેહ ધામ (વેસુ) માં ૨૦ મેથી ૨૬ મે વેકેશનમાં થનારી યુવા શિબિર અને ઉપધાન ના પ્રવેશ પત્ર વિતરણ કરાશે.

## ચોટીલા તાલુકાના તાજપર ગામે આગામી તા.૯થી ૧૫ શ્રીમદ્ ભાગવત કથાનું આયોજનઃ વિવિધ પ્રસંગો ઉજવાશે

રાજકોટ તા.૫

ચોટીલા તાલુકાના ભાડલા-આણંદપરની બાજુમાં આવેલ તાજપર ગામે આગામી તા.૯થી ૧૫ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. વ્યાસાસને બ્ર.કુ. ચેતના દીદી બિરાજમાન થઈને કથાનું રસપાન કરાવશે. કથાનો સમય સવારે ૯થી ૧-૧૫નો રાખવામાં આવેલ છે.

કથા મહોત્સવના પાવન પ્રસંગોની વિગતો અનુસાર તા.૯ના સવારે ૮ વાગે પોથીયાત્રા, તા.૧૦ના કપીલ પ્રાગટય, તા.૧૧ના નૃસિંહ પ્રાગટય, વામન પ્રાગટય, તા.૧૨ના સવારે શ્રીરામ જન્મ, બપોરે ૧૧-૩૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મ, તા.૧૩ના ગોવર્ધન ઉત્સવ, તા.૧૪ના રૂક્મણી વિવાહ, તા.૧૫ના સુદામા ચરિત્ર, પરિક્ષિત મોક્ષ સાથે કથાનું સમાપન થશે. તા.૧૩ના રાત્રે ૮ વાગે લોકડાયરો તથા દરરોજ ૯થી ૧ રૂદ્રાભિષેક, આરતી તેમજ બપોરના પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

## હેપ્પી બર્થ-ડે પ્રિયાંશુ

રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના મંત્રી રેલવે સલાહકાર સમિતિના સભ્ય રાજેનભાઇ સિંધવના પૌત્ર પ્રિયાંશુ પ્રશાંતભાઇ સિંધવનો આજે જન્મ દિવસ છે તેના મોટાદાદા નિવૃત્ત રેલવે કર્મચારી મચ્છાભાઇ, દાદા અજયભાઇ, બાપુ ભરતભાઇ, વિજયભાઇ, નાના સામંતભાઇ મુંધવા, માતા સોનલબેન જન્મ દિવસે આર્શિવાદની અમી વર્ષા વરસાવેલ છે.



## સોની કાસ્ટ કપિલ શમા, અર્ચનાપુરણ સિંઘ, ક્રિષ્ના, સુનિલ ગ્રોવર રાજકોટના વંશ પંડયાની મિમિક્રી પર આફરીન

રાજકોટ , તા ૫



ભારત દેશનો સૌથી લોકપ્રિય કોમેડી શો ધ કપિલ શર્મા શો હવે નવા રંગરૂપ સાથે નેટફ્લિક્ષ પર ૩૦ માર્ચના પ્રસ્તુત થઈ છે. ત્યારે મુંબઈ ખાતે નેટફ્લિક્ષ ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શોની પ્રિ-ઈવેન્ટ યોજવામાં આવી હતી. જેમાં ઈન્સ્ટાગ્રામના કોન્ટેન્ટ ક્રિએટર, સોશિયલ મીડીયાના ઈન્ફલુએન્સર, કોન્ટેટ ક્રિએટરને પ્રિ-ઈવેન્ટમાં બોલાવવામાં આવ્યા હતા. આ તમામ સોશિયલ મીડીયાના કોન્ટેન્ટ ક્રિએટર વચ્ચે રાજકોટનો વંશ પંડયા અનોખી રીતે ઉભારી આવ્યો હતો.

## સ્વ.કીર્તીકુમાર રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારે રાહતદરે ચોપડા વિતરણ કરાશે

રાજકોટ,તા.૫

સદગુરુદેવ પારસમુનિ મહારાજ સાહેબના આશીર્વાદ અને પ્રેરણાથી સ્વ. કીર્તિકુમાર કેશવલાલ રવાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તારીખ ૭ એપ્રિલને રવિવારે સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી સારી ક્વોલીટી ના ચોપડાનું રાહત દરે વિતરણ કરવામાં આવશે આ વિતરણ દ્વારિકા ભૂમિ એપાર્ટમેન્ટ, ધોળકિયા સ્કૂલની સામે, પટેલ મંડપ સર્વિસ ની બાજુમાં, કૃષ્ણનગર મેઇન રોડ, આનંદ બંગલા ચોક થી અંદર, મવડી પ્લોટ, રાજકોટ ખાતે કરાશે.



સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓને ફુલ સ્કેપ ૧૬૦ પેઈજ ના રૂા.૧૦૦ માં ૦૫ ચોપડા અપાશે. વહેલા તે પહેલાના ધોરણે સ્ટોક હશે ત્યાં સુધી વિદ્યાર્થીઓને ચોપડા અપાશે. દરેક વિદ્યાર્થીઓએ આઈ.ડી. પ્રુફની ઝેરોક્ષ અને છેલ્લા ધોરણ નું પરિણામ ની ઝેરોક્ષ સાથે લાવવી વધુ વિગત માટે મોબાઈલ નંબર ૯૮૨૫૮૮૨૫૭૯ - પર સંપર્ક કરવો

# જી. સી. સી. આઈ. યોગીધામ અને નવરંગ નેચર કલબના સંયુક્ત ઉપક્રમે ત્રિદીવસીય ઓર્ગેનિક ખેડૂત હાટનું આયોજન

### પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન કરતા ખેડૂતો અને ગ્રાહકોને યોગ્ય પ્લેટફોર્મ મળશે

રાજકોટ:તા ૫

પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન કરતા ખેડૂતો અને પ્રાકૃતિક કૃષિને સમજતા ગ્રાહકોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે આગામી તારીખ ૧૨-૧૩-૧૪ એપ્રિલના સવાર ના ૦૮:૦૦ થી સાંજના ૧૦:૦૦ વાગ્યા સુધી રાજકોટમાં કાલાવડ રોડ સ્થિત આત્મીય યુનિવર્સિટીના કેમ્પસમાં જી. સી. સી. આઈ., યોગિધામ (આત્મીય યુનિવર્સિટિ),અને નવરંગ નેચર કલબના સંયુક્ત ઉપક્રમે ત્રીદિવસીય ઓર્ગેનિક ખેડૂત હાટ'' વેચાણનું આયોજન કરેલ છે.

આઝાદીના અમૃતકાળમાં ''ઝેર મુકત ખેતી - ગૌ આધારિત ખેતી'' અભિયાન દ્વારા જમીનને ઉર્વરા યુક્ત અને સમાજને સ્વસ્થ બનાવવાના ભગીરથ પ્રયાસો થઈ રહ્યા છે. અનેક ખેડૂતો ગૌ આધારિત કૃષિ અભિયાનમાં સજીવ ખેતી, ઝેર મુકત ખેતી, ઓર્ગેનીક ફાર્મીંગ, પાલેકર કૃષિ, પ્રાકૃતિક કૃષિ જેવા વિવિધ નામોથી કૃષિ ઉત્પાદનો કરી રહ્યા છે. સમાજમાં હજુ ઓર્ગેનિક પ્રોડક્ટસના ગુણો અંગે જાગૃતિના અભાવના કારણે આવા ખેડૂતોને માર્કેટ




સરળતાથી ઉપલબ્ધ થતું નથી. જ્યારે લોકો ઝેર મુક્ત અનાજ, કઠોળ, ફળ - ફળાદી ખરીદવા માટે માંગ કરી રહ્યા છે. પરંતુ લોકોને ક્યાંથી ભરોસા પાત્ર ઉત્પાદનો મળશે તે ખ્યાલ નથી અને ખેડૂતોને તે માટેનું યોગ્ય માર્કેટ મળતું નથી.

ઓર્ગેનિક ખેડૂતહાટ ને સંપૂર્ણ સફળ બનવા માટે ડો. વલ્લભભાઈ કથીરિયા, હંસરાજભાઈ ગજેરા, મિતલ ખેતાણી, વીરાભાઈ હુંબલ, વી.ડી બાલા, રમેશભાઈ ઘેટીયા, પ્રવીણભાઇ આસોદરીયા, દિનેશભાઇ પટેલ, ગોપાલભાઈ બાલધા, વી. પી. વૈષ્ણવ,વિનોદભાઇ કાછડીયા વિશાલભાઈ ચાવડા, દિલીપભાઈ સખિયા, જીજ્ઞેશભાઈ રાઠોડ, પ્રેરકભાઈ વૈધ, મંજુલાબેન ગજેરા, રમેશભાઈ પરમાર, તેજસ ચોટલિયા, હરેશભાઈ પંડ્યા, GCCI, આત્મીય યુનિવર્સિટી અને નવરંગ નેચર કલબ ની ટીમના સભ્યો વગેરે જહેમત ઊઠાવી રહ્યા છે.

સમગ્ર આયોજનમાં યોગીધામના પ. પૂ. ત્યાગ વલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન સતત મળી રહ્યા છે. ભારતનાં જાણીતા એક્સપોર્ટર હરીશભાઇ લાખાણી, ઘનશ્યામભાઈ હેરભા, ગૌ પ્રેમી હિરેનભાઈ હાપલીયા, ભરતભાઈ મહેતા, ભરતભાઈ પરસાણા, પરસોત્તમભાઈ કામાણી, રમેશભાઈ ઠક્કર, જયેશભાઈ બોઘરા, દિનેશભાઈ પટોડીયા, કૌશિકભાઈ મહેતા, વસંતભાઈ લીંબાસીયા, હિમાંશુભાઇ લીંબાસીયા, શિવલાલભાઈ લીંબાસીયા, ચંદુભાઈ હુંબલ, વિજયભાઈ ડોબરિયા, મુકેશભાઈ બોદર સહિતનાં અગ્રણીઓનો સતત સહકાર મળી રહ્યો છે.





## એન.સી. ગાંધી અને બી.વી.ગાંધી મહિલા કોલેજના ત્રણ વિદ્યાર્થીઓને બેંક ઓફ બરોડા એચિવર્સ એવોર્ડ ૨૦૨૩-૨૪ એનાયત

રાજકોટ:તા ૫

ડો. રાજેશ ભાકર (ક્ષેત્રીય પ્રમુખ, ભાવનગર ક્ષેત્ર) એ એન.સી. ગાંધી અને બી.વી.ગાંધી મહિલા કોલેજના ત્રણ આઉટ પરફોર્મિંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક, રમતગમત અને સર્વાંગી પ્રદર્શનમાં પ્રત્યેકને રૂા.૩૧,૦૦૦ની શિષ્યવૃત્તિથી ૨૮મી માર્ચ ૨૦૨૪ના રોજ નવાજ્યા છે.

સેજલબેન એલ. ચૌહાણ (બેસ્ટ ઓલ રાઉન્ડ અચીવર), વર્ષા બી. જંડીયા (બેસ્ટ એકેડેમિકસ એચિવર) અને ક્રિષ્નાબા વી. પરમાર (બેસ્ટ સ્પોર્ટસ એચિવર્સ) ને રૂા. ૩૧,૦૦૦ ની શિષ્યવૃત્તિ અને પ્રશંસા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓના વાલીઓએ બેંક ઓફ બરોડાના આ સ્વાગત પ્રવૃતિ બદલ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## 'સાંજ સમાચાર' તથા રાજકોટ ગ્રેટર રોટરી કલબના ઉપક્રમે સહયોગીના સથવારે

# સૂરમયી સાંજ : કાલે સરોદની સૂરગંગામાં હજારો શ્રોતાઓ કરશે અલૌકિક અનુભૂતિનું સ્નાન

**૨૦૧૪ની સાલમાં 'સાંજ સમાચાર' દ્વારા સૂરમયી સાંજ 'કોન્સર્ટ'નો પ્રારંભ થયો : દસ વર્ષ દરમ્યાન વિશ્વ વિખ્યાત શાસ્ત્રીય સંગીતના કલાકારોએ રાજકોટના સંગીત રસિકોને સૂર પ્રસાદ પીરસીને તૃપ્ત કર્યા**

**ઉ.અમજદઅલીખાં તેમના પુત્રો, પૌત્રો (ત્રણ પેઢી)ના સરોદ વાદનમાં આલાપ, જોડ ઝાલા તથા તૈયારીનો આસ્વાદ માણવા મળશે**

**સરોદ સમ્રાટ ઉ.અમજદઅલીખાંએ કોલકતામાં વર્ષો પૂર્વે સળંગ ૧૮ કલાક સરોદ વાદન કરીને કીર્તિમાન સ્થાપિત કર્યુ : શ્રોતાઓ પણ ડગ્યા નહોતા : આ છે શાસ્ત્રીય સંગીતનું માધુર્ય**

રાજકોટ, તા. ૫

સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રિમ પંકિતનું અખબાર 'સાંજ સમાચાર' તથા રાજકોટ ગ્રેટર રોટરી કલબના ઉપક્રમે કાલે સાંજના ૭ વાગ્યે સીઝન્સ હોટલ (અવધ રોડ, કાલાવડ રોડ)ના પટાંગણમાં વિશ્વ વિખ્યાત સરોદ વાદન ઉસ્તાદ અમજદઅલીખાં તથા તેમના પુત્રો અમાનઅલી બાંગેશ, અયાનઅલી બાંગેશ તથા તેમના પૌત્રો ઝોહાનઅલી, અબીરઅલી (ત્રણ પેઢી એક સાથે) સરોદ વાહન કરીને શ્રોતાઓના દિલ જીતી લેશે.

'સૂરમયી સાંજ'નો પ્રારંભ ૨૦૧૪થી થયો છે. કાલે દસ વર્ષ થયા છે. 'સાંજ સમાચાર' દ્વારા આયોજીત 'સૂરમયી સાંજ'માં વિશ્વ કક્ષાના વિખ્યાત કલાકારો પોતાની કલાના



કામણ પાથર્યા છે. જેમાં બાંસુરી વાદક પંડિત હરિપ્રસાદ ચોરસીયા, પં. વિશ્વમોહન ભટ્ટ, સંતુરવાદક રાકેશ શર્મા સહિતના કલાકારોએ રાજકોટના સંગીત પ્રેમીઓ સમક્ષ સુરોની ગંગા વહાવીને દિલ જીતી લીધા છે.

'સૂરમયી સાંજ'માં કાલે મંચ પર વિશ્વ વિખ્યાત ઉસ્તાદ અમજદઅલીખાં તથા તેમના બે પુત્રો અને બે પૌત્રો સરોદ વહન પ્રસ્તુત કરશે. સરોદ વાદનમાં આલાપ, જોડ ઝાલા, મધ્ય લય તથા દ્રુત લયની ગત તથા તેમણે કરેલા રીયાઝનો પરિચય શ્રોતાઓને જોવા મળશે, સાંભળવા મળશે.

ઉસ્તાદ અમજદઅલીખાંની વર્ષો પૂર્વે 'રાગ દુર્ગા' પર રેકર્ડ બહાર પડી હતી. તેમણે સરોદમાં દુર્ગા રામ વગાડીને ચાહકોની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. ઘણા વર્ષો પૂર્વે તેઓ ભાવનગર આવેલા હતા ત્યારે તેમણે 'દરબારી કાન્હડા' રાગ પ્રસ્તુત કરીને શ્રોતાઓને મંત્ર મુગ્ધ કરી મુકયા હતા. સંભવત રાજકોટમાં ઉસ્તાદ અમજદઅલીખાં પ્રથમવાર આવી રહ્યા છે. આથી સંગીત રસિયાઓ માટે આ તક યાદગાર બની રહેશે. તેમાં શંકાને સ્થાન નથી.

વર્ષો પૂર્વે કોલકતામાં ઉસ્તાદ અમજદઅલીખાંના સરોદ વાદનનો કાર્યક્રમ હતો. તેમણે ૧૮ કલાક સળંગ સરોદ વાદન કરીને ઇતિહાસ રચ્યો હતો. કલાકાર ૧૮ કલાક બજાવી શકે તે વાત તો સમજાય તેવી છે. પરંતુ શ્રોતાઓ પણ ૧૮ કલાક બેસીને સંગીતનો આનંદ લૂંટે તે નવાઇ ઉપજાવે તેવી વાત છે. આમેય બંગાળમાં શાસ્ત્રીય સંગીતનો માહોલ પ્રથમથી જ છે.

ગાયકી અંગોને વાદમાં પ્રયોગ કરીને અપૂર્વ નવિનતા પ્રગટાવનાર ઉસ્તાદ અમજદઅલીખાંએ દેશ-વિદેશમાં અઢળક કાર્યક્રમો આપીને ભારતીય શાસ્ત્રીય સંગીતની પ્રતિષ્ઠા ઉભી કરવામાં અહંમ ભૂમિકા ભજવી છે. અત્યંત સરળ, નમ્ર અને નિખાલસ સ્વભાવ ધરાવતાં ઉસ્તાદ




અમજદઅલીખાંએ જણાવેલ કે, આજે સંગીત શીખતા વિદ્યાર્થીઓને સ્ટેજ પર પહોંચાડવાની ભારે ઉતાવળ છે. પરંતુ ગુરૂના માર્ગદર્શન અને રિયાઝ પૂરતો ન થાય ત્યાં સુધી મંચ પર કાર્યક્રમ આપવો યોગ્ય લાગતો નથી.

કોઇએ ઉસ્તાદ અમજદઅલીખાંને પૂછેલું કે આપના જેવા કલાકાર થવું હોય તો શું કરવું ?

ત્યારે ઉ.અમજદઅલીખાંએ સરળતાથી ઉત્તર આપેલો, પ્રથમ તો ટેલેન્ટ હોવી જોઇએ, ગુરૂનું માર્ગદર્શન મળવું જોઇએ. ત્રીજુ સખ્ત રિયાઝ (અભ્યાસ) કરવો પડે તથા છેલ્લે જો ભાગ્યમાં હોય તો સફળતાની સીડી ચડી શકાય.

કાલે 'સાંજ સમાચાર' તથા શહેર ગ્રેટર રોટરી કલબના ઉપક્રમે તથા અન્ય સહયોગીના સથવારે સીઝન્સ હોટલના પટાંગણમાં યોજાયેલ 'સૂરમયી સાંજ' કાર્યક્રમ અવશ્ય યાદગાર બની રહેશે.

સરોદ વાદ્યના ઝંકૃત સૂરો માનસિક શાંતિ આપે છે એટલું નહિ પરંતુ આત્માને અલૌકિક અનુભૂતિનો આસ્વાદ કરાવે છે.

કાલે રાજકોટની ધન્ય ધરા પર આવનારા વિશ્વ વિખ્યાત સરોદ સમ્રાટ ઉ.અમજદઅલીખાં તથા તેમના પુત્રો, પૌત્રોને સૂરલો આવકાર આપીએ. કાલની સાંજ સરોદ વાદનના કાર્યક્રમથી સુરીલી, સુરમયી, સુહાની બનશે. એટલું જ નહિ યાદગાર બનશે.

# ફેડરેશન ઓફ આયુષ ડોકટર્સ એસો.નાં હોદેદારોની વરણી

**પ્રમુખ તરીકે ડો. નરેન્દ્ર વિસાણી, ચેરમેન ડો. શૈલેષ વસાણી, સેક્રેટરી ડો. કિશોર દેવળીયા સહિતનાં અનેક હોદ્દેદારોની નવનિયુક્તિ**

રાજકોટ તા.૫

ફેડરેશન ઓફ આયુષ ડોકટર્સ-રાજકોટ ૧૪માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. ફેડરેશન ઓફ આયુષ ડોકટર્સ રાજકોટ-રાજકોટના એરિયા- વાઇસ ડોકટરોના નવ એસોસીએશનોનું સંગઠન છે. તાજેતરમાં યોજાયેલી ફેડરેશનની વાર્ષિક સભામાં નવનિયુક્ત હોદેદારોમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે ફેડરેશનના પ્રેસીડેન્ટ તરીકે ડો. નરેન્દ્ર વિસાણી, સેક્રેટરી તરીકે ડો. કિશોર દેવળીયા તથા ચેરમેન તરીકે ડો. શૈલેષ વસાણીની સર્વાનુમતે નિમણુંક થયેલ છે.

આ ઉપરાંત અન્ય હોદાઓમાં વાઇસ પ્રેસીડેન્ટ ડો. જયેશ રાજયગુરુ અને ડો. વિશાલ ભીમજીયાણી, ટ્રેઝરર ડો. સમીર ખુટ, કો-સેક્રેટરી ડો. દેવેશ જોષી અને ડો. મહેશ શિંગાળા તથા એકઝીકયુટીવ કમીટીમાં ડો. એમ.વી.વેકરીયા, ડો. અરવિંદ ભટ્ટ, ડો. હિમાંશુ પરમાર, ડો. દિલીપ મારકણા, ડો. દેવધર રામોલીયા, ડો. વિનોદ રાણપરીયા અને ડો. ભાવેશ પરમારનો સમાવેશ થાય છે.

ફેડરેશન ઓફ આયુષ ડોકટર્સ રાજકોટ છેલ્લા ૧૩ વર્ષથી કાર્યરત છે અને ૧૪૦૦ આયુષ ડોકટર્સનું સંગઠન બળ ધરાવે છે. ફેડરેશનની પ્રવૃતિઓમાં આયુષ ડોકટર્સને પ્રશિક્ષણ માટે મેગા કોન્ફરન્સનું આયોજન, ડોકટર્સ અને ફેમિલી માટે સ્પોર્ટસ વીકનું આયોજન, ડોકટર્સ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન, ડોકટર્સ ફેમીલી માટે ગરબા/નવરાત્રી તથા સાંસ્કૃતિક અને મ્યુઝીકલ કાર્યક્રમનું આયોજન સમયાંતરે કરી રહ્યા છીએ.




તસ્વીર: પંકજ શિશાંગીયા


આ ઉપરાંત ગુજરાત સરકાર તથા ભાજપ પ્રદેશ ડોકટર સેલ દ્વારા આયોજીત જનહિત-સેવાના કાર્યક્રમો તથા આરોગ્યના અભિયાનનો માં ફેડરેશનના ડોકટરો મોટી સંખ્યામાં ફ્રી સેવાઓ આપી ચૂકયા છે જેમકે મેગા મેડીકલ કેમ્પ હોય, વોર્ડ વાઈસ જનરલ મેકઅપ કેમ્પ હોય, પ્રાથમીક શાળા/હાઈસ્કુલની બાળાઓ માટે હિમોગ્લોબીન ચેકઅપ તેની દવા-જનરલ ચેકઅપ- માસિક સ્ત્રાવો વિશેની જાગૃતતા આપવી કે રાજકોટની જનતા માટે ફ્રી ડાયાબીટીસ ચેકઅપ/બ્લડપ્રેશર ચેકઅપ હોય, કે કુપોષિત બાળકોનું અભિયાન હોય કે સુપોષિત બાળકોનું અભિયાન હોય ફેડરેશનના ડોકટરોએ હંમેશા પોતાનો કિંમતી સમય જનતાની સેવા માટે સમર્પિત કર્યો છે. રાજકોટમાં વર્લ્ડ લેવલનો ગૌટેક ૨૦૨૩ એકસપોમાં પણ ફેડરેશને ફ્રી ઓફ કોસ્ટમાં દેશના અને વિદેશના આવેલા નાગરિકોને મેડીકલની સેવાઓ પુરી પાડી હતી.

# સદ્ગુરૂ દ્વારા ૧૧ એપ્રિલથી ૪ દિવસીય ઈનર એન્જિનિયરિંગ કાર્યક્રમ

રાજકોટ:તા ૫

ઈનર એન્જિનિયરિંગ કાર્યક્રમ, સુખાકારી માટેના પ્રાચીન વિજ્ઞાનમાંથી ઉતરી આવેલો એક રૂપાંતરણકારી કાર્યક્રમ છે જે રાજકોટમાં ૧૧ એપ્રિલથી નીલસ સીટી રિસોર્ટ, કાલાવડ રોડ, ખાતે શરૂ થવા જઈ રહ્યો છે. પ્રખ્યાત યોગી, દિવ્યદર્શી અને યુગદ્રષ્ટા, સદ્ગુરૂ દ્વારા ડિઝાઇન કરવામાં આવેલો, આ કાર્યક્રમ આંતરિક રૂપાંતરણને એન્જીનિયર કરવાનો એક અવસર છે જે અનુભવને વધુ ઊંડો બનાવે છે અને એક વ્યક્તિ માટે તેમના જીવન, તેમના કાર્ય અને આપણે જે વિશ્વમાં રહીએ છીએ તેને જોવાની રીતમાં એક અદ્ભુત પરિવર્તન લાવે છે.



**જેમ બહારની સુખાકારીનું નિર્માણ કરવા માટેનું વિજ્ઞાન અને ટેક્નોલોજી છે, તેમ આંતરિક સુખાકારી માટેનું એક આખું વિજ્ઞાન અને ટેકનોલોજી છે. - સદ્ગુરૂ**

કાર્યક્રમમાં ભાગ લેવાથી તણાવ અને ચિંતામાંથી મુક્તિ, ધ્યાનમાં વધારો અને વિચારોમાં સ્પષ્ટતા તેમજ વધુ સારું ભાવનાત્મક સંતુલન આવી શકે છે. આ કાર્યક્રમમાં પવિત્ર શાંભવી મહામુદ્રા ક્રિયાને પ્રસારિત કરવામાં આવે છે, જે અપાર રૂપાંતરણકારી શકિત અને પ્રાચીનતા ધરાવતી ૨૧ મિનિટની ક્રિયા છે. વિશ્વભરમાં લાખો લોકો જેનો અભ્યાસ કરે છે તે શાંભવી મહામુદ્રા સમગ્ર સિસ્ટમને સંરેખિત કરે છે જેથી શરીર, મન, લાગણીઓ અને ઊર્જાઓ સુમેળમાં કાર્ય કરે. આ કાર્યક્રમમાં ૧૦૦ ભાગ લેશે.સદગુરુ શિક્ષિત ૫ ઇશા વોલેન્ટીયર માર્ગદર્શન આપશે. રાજકોટ ના ડોક્ટર, ઈઅ, આર્કિટેક્, એન્જિનિયર સહિત ભાગ લેશે.

કાર્યક્રમમાં જોડાવા ઇચ્છુક લોકો https://isha.co/rajkot-ie અથવા ૯૦૬૭૬૪૮૨૪૬ પર રજીસ્ટર કરી શકે છે. ચાર દિવસનો આ કાર્યક્રમ હિન્દીમાં કરવામાં આવશે અને ૧૧ એપ્રિલથી શરૂ થઈને ૧૪ એપ્રિલે સાંજે સમાપ્ત થશે.









# ક્ષત્રિય સમાજની લાગણી દુભાવનાર રૂપાલા સીટ સ્વેચ્છાએ છોડેઃ પ્રદેશ કોંગ્રેસ આગેવાનોની ટકોર

## ક્ષત્રિય સમાજને સમર્થન આપતા આશિષસિંહ વાઢેર, નયનાબા જાડેજા

રાજકોટ,તા.૫

ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ વિનંતી કરેલ છે કે ક્ષત્રીય સમાજ રૂપાલાને માફ કરે પણએ વિનંતી રૂપાલાને કહો કે રાજકોટ સીટ સ્વેચ્છાએ છોડે તેવી ટકોરે પ્રદેશ કોંગ્રેસ ફરિયાદ સેલના આશીષસિંહ વાઢેર અને નયનાબા જાડેજાએ કરી છે.



હાલ અમદાવાદ ખાતે રાજપૂત સમાજના ટેકામાં અન્ય સમાજની મીટીંગ મળી ગયેલ.આ મીટીંગમાં રાજપૂત સમાજને ટેકો જાહેર કરેલ.ભાજપના રૂપાલા રાજપુત ક્ષત્રીયો વિષે જાહેરમાં આવા બફાટ કરે તો ઘણા ક્ષત્રીય રાજપુત સમાજના આગેવાનો ભાજપના પ્રાથમિક સભ્યો છે.તો સમાજની વાત આવે ત્યારે પાર્ટી સાથે રહેવાનું કે સમાજ સાથે ? તે એક મોટો સવાલ છે.તાત્કાલીક ભાજપ માંથી ક્ષત્રિય રાજપુત સમાજના લોકોએ મોટી સંખ્યામાં રાજીનામાં આપવા જોઈએ નાકે રૂપાલા સાથે મીટીંગો યોજવી જોઈએ.આ શરમજનક બાબત છે.ભાજપ જ્ઞાતીવાદનું રાજકારણ કરીને આ મુદ્દો દબાવવાની રમતમાં છે રૂપાલાને રજવાડાના ઈતિહાસ પહેલા વાંચી લેવાની જરૂર હતી. બફાટ કરતા પહેલા આતો ડામ દઈને મલમ લગાવા જેવી વાત છે. પહેલા બોલો પછી માફી માંગો. રૂપાલાને હવે શરમ આવવી જોઈએ કે કયાં મોઢે મત મળશે. સામેથી ટીકીટ પાછી આપવી જોઈએ.આતો સતા લાલચુ પરસોત્તમભાઈ રૂપાલાને પ્રદેશ ભાજપ ચુંટણી લડાવાના મુડમાં છે. ત્યારે અમારા કારડીયા ક્ષત્રિય રાજપુત સમાજનું ક્ષત્રિય સમાજને ખુલ્લુ સમર્થન છે. આ આંદોલન દાખલારૂપી ચાલી રહ્યું છે. જેથી ભાજપના નેતા ભવિષ્યમાં કોઈપણ જ્ઞાતિ વિરૂદ્ધ બફાટ કરે તે પહેલા ૧૦૦ વાર વિચારે તેમ આશિષસિંહ વાઢેર, નયનાબા જાડેજાની યાદીમાં જણાવેલ છે.

# જય ગણેશ ગ્રુપ દ્વારા રવિવારે રકતદાન કેમ્પનું આયોજન

રાજકોટ : તા ૫

તા: ૦૭-૦૪-૨૦૨૪ ને રવિવાર ના રોજ સવારે ૯.૦૦ વાગ્યા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ ગ્રુપના બ્લડની અછત હોવાથી તેમજ ગરીબ દર્દીઓ તેમજ થેલેસેમિયાના જરૂરિયાતમંદ દર્દીઓને વિના મુલ્યે બ્લડ મળી રહે તેવા શુભ આશય થી જય ગણેશ ગ્રુપ ના થી ૦૧.૦૦ વાગ્યા સુધી

JAI GANESH


જય ગણેશ હાઉસ, મોદી સ્કૂલ સામે, રાજકોટ નાગરિક બેંકની બાજુ માં, ૧૫૦FT રિંગ રોડ, ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પમાં જય ગણેશ ગ્રુપ પરિવાર, સામાજિક કાર્યકર્તા સુનિલભાઈ પેથાણી તેમજ સિવિલ હોસ્પિટલ બ્લડ બેંકના પેથોલોજીસ્ટ ડોકટર્સ ની ટીમ માનદ સેવા આપશે, આ રકતદાન માં વધુ માં વધુ રક્તદાતાઓ ને રક્તદાન કરવા અપીલ કરી છે.

**ચંદ્રકાંત બક્ષી સાહિત્ય વર્તુળના ઉપક્રમે ગુજરાત સાહિત્યમાં પ્રથમવાર**

# રવિવારે વાર્તા સ્પર્ધાના વિજેતાઓ તથા બક્ષી પ્રેમીઓનો સન્માન સમારંભ યોજાશે

રાજકોટ,તા.૫

વાર્તા સ્પર્ધા વિજેતાઓ તથા ગુજરાતી સાહિત્યમાં સૌ પ્રથમ વાર્તા સ્પર્ધા વિજેતાઓ તથા શ્રી બક્ષી પ્રેમીઓનાં સન્માન સમારંભ યોજાશે.ગુજરાતના સ્વપ્ન શિલ્પી સમયે સાહિત્યકારના ચંદ્રકાંત બક્ષી સાહિત્ય વર્તુળ, રાજકોટ તથા અરસ પરસ પારિવારિક મેગેઝિન રાજકોટના સંયુક્ત ઉપક્રમે ગત વર્ષ ૨૦૨૩ના ચંદ્રકાન્ત બક્ષીની ૯૧મી જન્મજયંતિ નિમિતે ટુંકીવાર્તા સ્પર્ધાનું આયોજન કરાયેલ, સમગ્ર ગુજરાત, મુંબઈ માંથી ૮૦ થી વધુ વાર્તાકારોએ ભાગ લીધેલો જેના વિજેતાઓનો તથા ગુજરાતભરમાં વસતા વિવિધ



બક્ષી પ્રેમીઓ કે જેઓએ ચંદ્રકાન્ત બક્ષીને પોતાના જીવનમાં આત્મસાત કરેલા છે. તેવા ૨૨ બક્ષીપ્રેમીઓનો સન્માનિત કાર્યક્રમ ફકત નિયંત્રિતો માટે બહુમાળી ભવન, મીટીંગ હોલ, રેસકોર્ષ રાજકોટ ખાતે તા.૭/૪ના રવિવારના સવારે ૧૦ થી ૧ દરમ્યાન યોજાનાર છે.આ કાર્યક્રમમાં પત્રકાર કૌશિકભાઈ મહેતા, પત્રકાર નવલંત છાયા, પત્રકારના બાંટવા, સૌ.યુનિ.ના પ્રા.દીપકભાઈ પટેલ, પૂર્વ નાયબ નિયામકશ્રી નરેન્દ્રભાઈ શાહ, લેખિકા વંદીતાબેન રાજયગુરૂ તથા સાહિત્ય સેતુના અનુપમભાઈ દોશી ઉપસ્થિત રહેશે.વાર્તા સ્પર્ધાના નિર્ણાયકાં તરીકે વાર્તાકાર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, નટવર આહવપરા, યોગેશ પંડયા (ભાવનગર)એ સેવા આપી હતી.કાર્યક્રમને સફળ બનાવવા માટે અરસ-પરસના તંત્રીશ્રી એમ એન લક્ષ્મીધર તથા શ્રી ચંદ્રકાન્ત બક્ષી સાહિત્ય વર્તુળ, રાજકોટના મૂખ્ય સંયોજક હરનેશ સોલંકીની સાથે ભરતભાઈ સુરેલીયા, નટવર આહલપરા ધર્મન્દ્રસિંહ રાઠોડ, મનસુખલાલ મકવાણા, ભૂપેન્દ્ર જસાણી, ગીરીશભાઈ ચૌહાણ, અશોકભાઈ રાઠોડ, મુકેશભાઈ ચૌહાણ, આસુતોષ વાડેસા, રાજુભાઈ વ્યાસ, નયનભાઈ ગોહેલ, તુષારભાઈ રાવ, ઉમેશભાઈ રાવ જહેમત ઉઠાવી રહ્યા છે.માત્ર નિમંત્રિતો માટેના આ કાર્યક્રમનું સંચાલન નટવર આહલપરા કરશે.

**પૂ.આ. શ્રી જિનચંદ્ર સાગરસૂરીજી મ.ની પ્રથમ માસિક તિથિ નિમિત્તે**

# અયોધ્યાપુરમ તીર્થમાં આજથી ત્રણ દિવસ શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવઃ શાંતિ સ્નાત્ર મહાપૂજન ભણાવાયું

**આ.ભ. શ્રી અશોકસાગર સૂરિજી મ. તથા આ.ભ. શ્રી હેમચંદ્ર સાગરસૂરીજી મ. આદિની પાવન નિશ્રાઃ આજે રાત્રે જિનભક્તિનો કાર્યક્રમ**

રાજકોટ, તા.૫

પૂ. આચાર્ય ભગવંત શ્રી અશોકસાગરસૂરિજી મ.ના પ્રભાવક શિષ્યરત્ન, સુમેરુ, અયોધ્યાપુરમ તીર્થના પ્રેરક (બંધુબેલડી) પૂ.આ.ભ. શ્રી જિનચંદ્ર સાગરસૂરિશ્વરજી મ.ની પ્રથમ માસિક પુણ્તતિથિ નિમિત્તે તા.૫ થી ૭ સુધી સદ્ગુરુ, સદગુણ સંકિર્તન ધાર્મિક કાર્યક્રમનું આયોજન અયોધ્યાપુરમ જૈન તીર્થના આંગણે કરવામાં આવેલ છે. જેમાં સાસન પ્રભાવક પૂ.આ. શ્રી અશોક સાગર સૂરિશ્વરજી મ., પ્રવચન પ્રભાવક પૂ.આ. શ્રી હેમચંદ્ર સાગરસૂરિજી મ. આદિ સુવિલ શ્રમણ-શ્રમણત વૃંદની નિશ્રામાં કાર્યક્રમનું આયોજન શ્રી



જૈન આર્યતીર્થ અયોધ્યાપુરમ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે.

આજે તા.૫મીના શુક્રવારે અયોધ્યાપુરમ તીર્થમાં સવારે નવ વાગે શાંતિ સ્નાત્ર મહાપૂજન ભણાવાયું હતું. વિધિકાર તરીકે અમદાવાદથી સુશ્રાવક ભાઇલાલબાઇ શાહ પધારેલ હતા. ભાવનગરના અશોક શાહે ભક્તિ સંગીત પ્રસ્તુત કર્યું હતું. પૂજ્ય સાધ્વીજી લક્ષગુણાશ્રીજી મ. તથા સા.શ્રી કુવલયાશ્રજીમ.ની પ્રેરણાથી જયોતિન્દ્રભાઇ મોહનલાલ શાહ (આમોદ-મુંબઇ) પરિવારે લાભ લીધો હતો. સાંજે ૭ વાગે નયનભાઇ ભોજક પરિવાર દ્વારા વિરાટ દરબારમાં જિનભક્તિનું આયોજન કરવામાં આવેલ છે. તેમ અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી જયંતભાઇ મહેતાએ જણાવેલ છે.

# રવિવારે સતવારા સમાજના કન્યા છાત્રાલય માટે ભૂમિપૂજન કાર્યક્રમ

રાજકોટ,તા.૫

રાજકોટમાં સતવારા સમાજ દશ કરોડના ખર્ચે દિકરીઓ માટે કન્યા છાત્રાલય બનાવશે. જેમાં ૬૦૦ જેટલી દિકરીઓનો સમાવેશ થશે. આ શનિવારે તા.૭ એપ્રિલનાં રોજ ભૂમી પૂજન થશે. ગુજરાતભરમાંથી સતવારા સમાજનાં આગેવાનો હાજર રહેશે બહોળી સંખ્યામાં સતાવારા સમાજનાં આગેવાનો હાજરી આપશે.આ આયોજનને સફળ બનાવવા મોહનભાઈ સોનગરા, શાંતીભાઈ પરમાર, હિરાભાઈ કામ જારીયા, માવજીભાઈ મારવિયા, વિજય ચાંદલા, વિનુભાઈ ગુજરાતી, હસરાજભાઈ કટેશીયા, અશોકભાઈ પરમાર, કેશુભાઈ હડીપલ, મોહનભાઈ પરમાર, કાનજીભાઈ આણધર, કાળુભાઈ નકુમ દિનેશભાઈ કણમારીયા જહેમત ઉઠાવી રહ્યા છે.રાજકોટમાં સતવારા સમાજ દ્વારા આયોજીત કાર્યક્રમમાં તા.૭ના રવિવારે સવારે ૮.૪૫ કલાકે મહાપ્રસાદ બપોરે ૧ કલાકે રાખેલ છે. ૩ હજારથી વધુ લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.




**૧૦ કરોડના ખર્ચે બનશે દિકરીઓ માટે છાત્રાલયઃ અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાશે**

# ગોંડલના કમઢીયા પાસે બે બાઈક અથડાતા બે જીગરજાન મિત્રોના મોત

**મરનાર બંને યુવાનો જેતપુરના નવાગઢ અને સરધારપુર ગામના : મામાદેવના મંદિરે દર્શન કરવા જતા અકસ્માત : પોલીસ તપાસ**

## મરનાર બંને યુવાનો ડાઈંગના કારખાનામાં મજુરી કામ કરતા હતા


### અકસ્માત બાદ ફરાર થયેલા અન્ય બાઈક ચાલકને ઝબ્બે કરવા તજવીજ

ગોંડલ, તા. ૫

ગોંડલના કમઢીયા ગામે બાઈક અકસ્માતમાં જાન ગુમાવનારા બંને યુવાનો ડાઈંગના કારખાનામાં મજુરી કામ કરતા હોવાનું ખુલ્યું છે.

આ બનાવમાં મરનારા બંને મૃતક યુવાનો નવાગઢ અને સરધારપુર રહેતા હતા અને ડાઈંગના કારખાનામાં છુટક મજુરી કામ કરતા હતા. મૃતક હિતેશ હરિભાઈ મકવાણા (ઉ.વ.૧૭)ને પરિવારના બે ભાઈઓમાં સૌથી નાના હતા અને પ્રકાશ ભવનભાઈ મેણીયા (ઉ.વ.૨૦) માતા-પિતા અને બે ભાઈઓમાં સૌથી નાના હતા અન્ય બાઈક ચાલકને પકડી પાડવા સુલતાનપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.




ગોંડલના કમઢીયા પાસે બે બાઈક સામસામે અથડાતા બે યુવાનોના મોત નિપજેલ હતા તે તસ્વીર. (તસ્વીર : પિન્ટુ ભોજાણી)

(જીતેન્દ્ર આચાર્ય દ્વારા)

ગોંડલ તા.૫

ગોંડલ તાલુકાનાં કમઢીયા પાસે મામાદેવનાં મંદિર નજીક ગત રાત્રીનાં બે બાઈક સામસામા અથડાતા સર્જાયેલા અકસ્માત માં જેતપુરનાં નવાગઢ તથા સરધારપુર નાં બે મિત્રોનાં ગંભીર ઈજાઓ ને કારણે ઘટના સ્થળે મોત નિપજ્યાં હતા. આ બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બન્ને નાં મૃતદેહોને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ગત રાત્રીનાં દશનાં સુમારે ગોંડલના દેરડી રોડ પર આવેલા કમઢીયા ગામનાં મામાદેવનાં મંદિર નજીક બે બાઈક ધડાકાભેર સામસામા અથડાતા સર્જાયેલ અકસ્માત માં જેતપુર નાં નવાગઢ ખોડીયારધામ માં રહેતા

હિતેશ હરીભાઈ મકવાણા ઉ.૧૭ તથા જેતપુર નાં સરધારપુર રહેતા પ્રકાશ ભોવાનભાઈ મેણીયા ઉ.૨૦ ને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે મોત નિપજ્યાં હતા. અકસ્માતનો ભોગ બનનાર હિતેશ તથા પ્રકાશ બન્ને જીગરજાન મિત્રો હતા. નવાગઢથી કમઢીયા મામાદેવનાં મંદિરે દર્શન કરવા બાઈક પર જઈ રહ્યા હતા. બન્ને છુટક મજુરીકામ કરતા હતા. હિતેશ બે ભાઈઓનાં પરીવારમાં નાનો હતો. જ્યારે પ્રકાશ પણ બે ભાઈઓનાં પરીવારમાં નાનો હતો. અકસ્માતમાં સામેનાં બાઈક ચાલકનો પતો લાગ્યો નથી. બનાવ અંગે સુલતાનપુર પોલીસે તપાસ હાથ ધરી છે.

# વિંછીયામાં માતા-પુત્રએ મળી પિતાને ઢોર માર મારી ઢીમ ઢાળી દીધું : બંનેની ધરપકડ

**ઘરકંકાસમાં થતા ઝઘડા હત્યાનું કારણ બન્યા, મૃતક ગટુરભાઈ રાજપરાના ભત્રીજા વિજયની ફરિયાદ પરથી વિંછીયા પોલીસે ખૂનનો ગુનો નોંધ્યો**

રાજકોટ, તા.૫

વિંછીયામાં માતા પુત્રએ મળી પિતાને ઢોર માર મારી ઢીમ ઢાળી દીધું હતું. જેમાં બંનેની ધરપકડ કરાઈ છે. ઘરકાંકસમાં થતા ઝઘડા હત્યાનું કારણ બન્યા હોવાનું સામે આવ્યું છે. મૃતક ગટુરભાઈ (ઉ.વ.૬૮)ના ભત્રીજા વિજયની ફરિયાદ પરથી વિંછીયા પોલીસે ખૂનનો ગુનો નોંધ્યો છે. અને વધુ તપાસ પીએસઆઈ આઈ.એમ. સરવૈયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

વિજય શામજી રાજપરા (ઉ.વ.૩૦, રહે. વિંછીયા બોટાદ રોડ પાણીના ટાંકા પાસે)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારા માતા -પિતા સાથે રહું છું. નીર્મળ પેટ્રોલ પંપમાં નોકરી કરૂ છું. પોલીસે મૃતક ગટુરભાઈ સવજીભાઈ રાજપરા (ઉ.વ.૬૮, રહે. વિંછીયા, બોટાદ રોડ) વિશે પુછપરછ કરી હતી. મેં જણાવેલ કે, ગત તા.૩/૪ ના રોજ બપોરના આશરે ત્રણેક વાગ્યાના વખતે હું મારી વાડીએ પક્ષીઓને પીવાના પાણીનું કુંડુ ભરવા માટે ગયેલ હતો. તે વખતે મારી વાડીની બાજુમાં મારા કાકા ગટુરભાઈની વાડીએ દેકારો થતો હતો. મેં જોયુ તો મારા કાકા ગટુરભાઈ નીચે પડી ગયેલ હતા અને મારા કાકાનો દીકરો સંજય તથા મારા કાકી પંખુબેન બંને મારા કાકા ગટુરભાઈને ઢીકા પાટુનો માર મારતા હતા. કાકા ગટુરભાઈ દેકારો કરતા હતા. પરંતુ તેઓ અવાર નવાર આવી રીતે બોલાચાલી, ઝઘડો તથા મારા મારી કરતા હોય જેથી હું ત્યા ગયેલ નહોતો. પછી મારા ઘરે જતો રહેલ. રાત્રે વાળુ પાણી કરીને પેટ્રોલ પંપે કામે જતો રહેલ. સવારના પાંચેક વાગ્યે હું પેટ્રોલ પંપે હાજર હતો ત્યારે અમારા કુટુંબી વિજયભાઈ નાજાભાઈ રાજપરા(રહે.વિંછીયા)એ પેટ્રોલ પંપે આવીને મને વાત કરેલ કે, તારા કાકા ગટુરભાઈ કંઈ બોલતા નથી. બેભાન હાલતમાં છે. પોતાના ઘરે છે. જેથી હું મારા ઘરે ગયેલ. મારા પિતા શામજીભાઈ તથા માતા મીણાબેનને બનાવની વાત કરેલ. હુ તથા મારા પિતા, મારા કાકા ગટુરભાઈના ઘરે ગયેલા. જોયુ તો મારા કાકા ગટુરભાઈ બેભાન હાલતમાં સુતેલ હતા. કંઈ બોલતા ચાલતા નહોતા. જેથી મેં તેના શરીરે જોયુ તો શરીર ઉપર માર મારેલના કાળા ચાંભા હતા. મારા કુટુંબી કાકાનો દિકરો પ્રકાશભાઈ તુકાભાઈ પણ હાજર હતો. તે કેરી વાહન લઈ આવતા તેમા મારા કાકાને સુવડાવી હુ તથા મારા પિતા શામજીભાઈ તથા મારા કુટુંબી બાપુજી હકાભાઈ છગનભાઈ રાજપરા તથા મારા કાકાનો દીકરો પ્રકાશભાઈ એમ બધા વિંછીયા સરકારી દવાખાને સારવારમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરે મારા કાકા ગટુરભાઈને જોઈ તપાસી મરણ ગયેલ જાહેર કરેલ. પોલીસ આવી ગયેલ અને મારા કાકાની લાશનુ પી.એમ. કરવા રાજકોટ રીફર કરેલ અને રાજકોટ સરકારી દવાખાને મારા કાકાની લાશનુ પી.એમ. કરાવી મારા કાકાની લાશની અંતીમ વિધિ કરવા સારૂ લાશનો કબ્જો મે સંભાળેલ અને મારા કાકાની લાશની અંતીમ વિધી થઈ જતા હુ વિંછીયા પોલીસ સ્ટેશને ફરીયાદ કરી હતી.

વધુમાં વિજયએ જણાવ્યું કે, આ બનાવનું કારણ એ છે કે, મારા કાકા ગટુરભાઈ કોઈ કામ ધંધો કરતા ન હોવાથી મારા કાકાના દિકરા સંજય તથા મારા કાકી પંખુબેન અવાર નવાર તેની સાથે ઝઘડો કરતા હતા. જેથી તા.૩ના રોજ પણ મારા કાકા સાથે મારા કાકાનો દીકરો સંજય તથા મારા કાકી પંખુબેન એમ બન્નેએ ઝઘડો કરી મારા કાકાને શરીરે ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા કરતા મારા કાકા ગટુરભાઈનું મોત થયું હતું. બનાવ અંગે પોલીસે મૃતકના પુત્ર સંજય અને પત્ની પંખુબેન સામે આઈપીસી ૩૦૨, ૩૨૩ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં વધુ એક બાળકને સિંહણે ફાડી ખાધો

**શ્રમિક પરિવારના રડતા બાળકનો સિંહણે શિકાર કર્યો : ઘટનાની જાણ થતા જ વન વિભાગના અધિકારીઓ દોડી આવ્યા**

(મિલાપ રૂપારેલ)

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં છાશવારે ગીર જંગલ બોર્ડરના ગામો ધારી, ખાંભા, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા સહિતનાં તાલુકાઓ વન્ય હિંસક પ્રાણીઓ સિંહ-દિપડાની માનવ વિસ્તારમાં વસવાટ સાથે પશુઓ અને માનવનાં શિકારની ઘટના સમયાંતરે બહાર આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારની સીમમાં વિહરતા સિંહ-દિપડાઓ નાના બાળકોનું ભક્ષણ કરી માનવભક્ષી બની રહ્યા છે. વન તંત્રનું પેટ્રોલીંગ હોવા છતાં આવા બનાવો અટકાવી શકાયા નથી ત્યારે વધુ એક બનાવમાં સાવરકુંડલાનાં લુવારા ગામે રેવન્યુ વિસ્તારમાં ૭ વર્ષના માસુમ બાળકને સિંહણે ફાડી ખાધાની જાણ થતા ગ્રામજનો અને વન વિભાગ અધિકારી-કર્મચારીઓ દોડી આવ્યા હતા અને બનાવ સ્થળનું નિરીક્ષણ કર્યુ હતું. શ્રમિક પરિવારનો રડતા બાળકનું સિંહણે ભક્ષણ કર્યુ હતું.

સાવરકુંડલાના લુવારા ગામે રેવન્યુ વિસ્તારમાં સિંહણે એક ૭ વર્ષના બાળકને ફાડી ખાધાની ઘટનાથી સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાયો છે. વિગત એવા પ્રકારની છેકે, લુવારા ગામનાં એક ખેડુતની વાડીમાં ભાગીયું રાખનાર દાહોદ પંથકનાં શ્રમિક પરિવારનો ૭ વર્ષનો બાળક રમતો હોય બે બચ્ચાવાળી સિંહણે તેનાં પર હુમલો કરી ફાડી ખાધાની ઘટના બનતા વન અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

ગ્રામજનોએ માનવભક્ષી સિંહણને પાંજરે પુરવા રજુઆત કરતા વન વિભાગે પાંજરે મુકી માનવભક્ષી હિંસક સિંહણને પાંજરે પુરવા કવાયત હાથ ધરી છે.



## બાઈક સ્લીપ થતા ઉનાના પંથકના રણસીભાઈ બાંભણીયાનું મોત

રાજકોટ, તા.૫

રણસીભાઈ ઉર્ફે રણછોડભાઈ નારણભાઈ બાંભણીયા (ઉ.વ.૪૦, રહે ચીંબર, તા.ઉના) ગત તા. ૪/૪ના રોજ સવારે ૧૧ વાગ્યે પોતાના અંગત કામથી પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા, ત્યારે લામધારના પાટિયા પાસે અકસ્માત થતા પ્રથમ સારવાર માટે ઉના સરકારી હોસ્પિટલ બાદ ઉનાની મધુરમ ઓર્થોપેડીક હોસ્પિટલમાં સારવાર માટે રીફર કરવામાં આવેલ. જ્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરતા અહીં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો.

## ગરીબ મહિલાઓ માટે વર્ષે રૂા. એક લાખની સહાયઃ ૩૦ લાખ નોકરીઓ પણ બેરોજગારોને આપશે

### વીમો

(પહેલા પાનાનું ચાલું)

મજુરી ચુકવવા અને ગરીબ મહિલાઓને રૂા.૧ લાખની વાર્ષિક સહાયની પણ ખાતરી આપી હતી.

હાલમાં જ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ તેની બે તબકકાની ન્યાય યાત્રા પૂરી કરી હતી અને તેના ચૂંટણી ઢંઢેરાને પણ ન્યાયપત્ર નામ અપાયું છે. જેમાં હિસ્સેદારી ન્યાય એટલે કે અનામત મર્યાદા દૂર કરવા સહિતની ખાતરી, કિસાન ન્યાય એટલે કે ખેડૂતોના દેવા માફી, નારી ન્યાય એટલે કે ગરીબ મહિલાઓને વર્ષે એક લાખ રુપિયા સુધીની સહાય, શ્રમિક ન્યાય એટલે કે રૂા.૪૦૦ની મજદુરી ગેરંટી અને યુવા ન્યાય એટલે કે ૩૦ લાખ સરકારી નોકરીઓનું વચન આપ્યું હતું. આ ઉપરાંત ૨૫ ગેરેંટી પણ આપવામાં આવી છે. જેમાં કોંગ્રેસને જ પરેશાન કરી રહેલા પ્રીવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટમાં ફેરફારની પણ ખાતરી આપવામાં આવી છે તેમજ દરેક નાગરિકની જેમ લઘુમતીને પણ કપડા, ભોજન અને ભાષાની સ્વતંત્રતાનો અધિકાર અપાશે તેમજ જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજજો આપવાની ખાતરી આપી હતી જ્યારે સેનામાં ભરતી અંગે મોદી સરકારે જે અગ્નિપથ યોજના અમલમાં મુકી છે તે રદ કરીને અગાઉની ભરતી પ્રક્રિયા પુનઃ લાગુ કરવાની ખાતરી આપી છે.

## ભગવતીપરાના ઈલેક્ટ્રીશિયન મહંમદરફીકનો આપઘાત

**પોતાના ઘરે ગળાફાંસો ખાધો : આત્મહત્યાનું કારણ અકબંધ**

રાજકોટ, તા.૫

શહેરના ભગવતીપરામાં રહેતા અને ઈલેક્ટ્રિક કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા મહંમદ રફીક નાઝિર અંસારીએ કોઈ કારણોસર પોતાની પોતાની જીવાદોરી ટૂંકાવી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ભગવતીપરામાં સુખસગાર હોલ સામે રહેતા મહમદ રફીક મહમદ નાઝિજ (ઉ. વ. ૨૩) પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પંખે ચૂંદડી બાંધીને પોતાની જીવાદોરી ટૂંકાવી છે. મળતી વધુ માહિતી મુજબ મૃતકના પિતા પણ મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. મૃતકના આ પગલાં પાછળનું કારણ હજુ સુધી અકબંધ છે. મૃતક પરિવારના ચાર ભાઈ અને એક બહેન વચ્ચેનો એક હતો. નાની ઉંમરમાં આવું પગલું ભરી લેતા પરિવારમાં કરુણાંત્તિકા છવાય છે. બનાવની જાણ બી. ડિવિઝન પોલીસને થતા બનાવની નોંધ પોલીસ ચોપડે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**ગુમ થયેલ બાળકને ગણતરીની કલાકોમાં શોધી કાઢતી એ -ડિવિઝન પોલીસ**

રાજકોટ : ગત તા.૪/૪/૨૪ના રોજ મિલપરા શેરી નં.૧૩ પોતાના ઘરેથી રમતા રમતા ભૂલો પડી જતા બાળકના માતા પિતા નજીકના પોલીસ સ્ટેશન એ ડિવિઝનમાં જાણ કરી હતી ત્યારે પોલીસ સ્ટેશનના સ્ટાફમાંથી પીઆઈ આર. જી. બારોટ, તથા તેની ટીમના એસ. એમ. રાણા, રમેશભાઈ ચૌહાણ, પૂજાબેન પાટણવાડીયા, તથા વિજયભાઈ મકવાણાએ ભારે જહેમત ઉઠાવીને ગણતરીની કલાકોમાં ગુમ થયેલા આયુષ ચંદરભાઈ લુહાર (ઉ.વ. ૫)ને શોધી કાઢી તુરંત તેના માતા-પિતા સાથે પુનઃ મિલન કરાવ્યું હતું.

## રાષ્ટ્રવાદ અને લોકશાહીને નવી ઉર્જા આપનાર ભાજપનો આવતીકાલે સ્થાપના દિવસ

**સૌથી મોટા લોકતંત્રના રક્ષણ માટે પી.એમ.નરેન્દ્ર મોદી કટીબદ્ધઃ પ્રવકતા રાજુભાઈ ધ્રુવ**

રાજકોટ,તા.૫

આગામી ૬ એપ્રિલના રોજ ભાજપનો ૪૪(૭૪)મો સ્થાપના દિવસ છે. ભાજપ સ્થાપના દિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવે પક્ષની અખંડ એકતા યાત્રામાં પ્રદાન આપનારા નાના મોટા તમામ કાર્યકરો અને માર્ગદર્શકોને અભિનંદન સાથે શુભેચ્છા આપી છે. તેમણે કહ્યું છે કે, ૬ એપ્રિલ,૧૯૮૦ (૨૧મી ઓક્ટોબર ૧૯૫૧ ભારતીય જનસંઘ)ના રોજ સ્થપાયેલાં ભારતીય જનતા પક્ષને ૪૪ (જનસંઘ-ભાજપના સંયુક્ત ૭૪) વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. સક્ષમ નેતૃત્વ અને સમર્પિત કાર્યકર્તાઓના સંકલ્પબળ દ્વારા વિચાર, વિકાસ અને વિશ્વાસ થકી ભાજપે આજે ભારતને વૈશ્વિક સ્તર પર સન્માન સાથે વધુ મજબૂત સ્થાન અપાવ્યું છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ સમગ્ર દેશમાં કોંગ્રેસના શાસન દરમિયાન હિન્દુત્વ વિરોધી માનસિકતા ઊભી કરવાના અત્યંત બદઈરાદાભર્યા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આવા સમયે જનસંઘ-ભાજપનાં સૂર્યોદયથી દેશની એકતા, અખંડિતા, રાષ્ટ્રવાદ અને લોકશાહીને નવજીવન મળી શક્યું. ઈ.સ. ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીમાં લોકસભાની માત્ર ત્રણ બેઠકો મેળવનાર જનસંઘ ૧૯૬૨ સુધીમાં દેશનો પ્રમુખ રાજકીય પક્ષ બની ગયો હતો. ઈ.સ. ૧૯૬૮માં પંડિત દિનદયાળજીનાં નિધન બાદ અટલ બિહારી વાજપાઈજીએ જનસંઘની કમાન સંભાળી. પોતાના આગવા અંદાજ અને અનુભવને આધારે અડવાણીજી અને પાર્ટી કાર્યકરોએ દેશમાં કટોકટી લાદીને લોકશાહીની હત્યા કરનાર ઈન્દિરા ગાંધીની સરમુખત્યારશાહી શાસન વ્યવસ્થાનો પ્રચંડ વિરોધ કર્યો, જેના પરિણામે કોંગ્રેસની કપરી હાર થઈ. મોરારજી દેસાઈ પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન અને અટલ બિહારી વાજપાઈ વિદેશમંત્રી બન્યા હતા. થોડા વર્ષો બાદ જનસંઘના કાર્યકરોએ 'ભાજપ' એટલે કે ભારતીય જનતા પક્ષની સ્થાપના ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ કરી. ૪૪ (૭૪)વર્ષ બાદ આજે ભાજપ રાષ્ટ્રવાદી વિચારધારા, સુરાજ્ય શાસનપદ્ધતિ અને પરંપરાગત મૂલ્યોની જાળવણી કરનાર વિશ્વનો સૌથી મોટો રાજનૈતિક પક્ષ બની ગયો છે. ૩માંથી ૩૦૦બેઠકોએ પહોચેલી ભાજપ હવે ૪૦૦ બેઠકો જીતીને કરોડો ભારતીયોના સપનાને સંકલ્પબદ્ધ રીતે પૂર્ણ કરશે.

અંતે, વર્ષ ૨૦૧૪માં પૂર્ણ અને પ્રચંડ બહુમતિ સાથે કેન્દ્રમાં ચૂંટાઈને આવેલી ભાજપે વિશ્વના સર્વાધિક લોકપ્રિય શાસક-રાજપુરુષ નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન પદ હેઠળ અસંખ્ય ચમત્કારોની હારમાળા સર્જી દીધી. દેશભરમાં રાષ્ટ્રવાદ, એકતા-અખંડિતતાની વિચારધારાના ઉદયનો આ સંકેત હતો. કાશ્મીરમાં ૩૭૦ની ધારા, અયોધ્યાની ભૂમિ ઉપર ભવ્ય રામ મંદિરના નિર્માણ સહિત અનેક એવા કાર્યો ઉપર પૂર્ણાહુતિની મહોર લાગી, જેનું સ્વપન પ્રત્યેક ભારતીયોએ ખુલ્લી આંખે નિહાળ્યું હતું.

ભાજપનું સંગઠન રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રીય અખંડતા,રાષ્ટ્રીય ઓળખ અને રાષ્ટ્રીય શકિત સાથે સંકળાયેલું છે. ભાજપની વિચારધારા સૌને સમાન ગણવાની અને સૌને સન્માનભર્યા હક્ક આપવાની છે. પક્ષનાં સિદ્ધાંતોનાં મૂળમાં જ સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, અરવિંદ ઘોષ, લોકમાન્ય બાળ ગંગાધર તિલક, સુભાષચંદ્ર બોઝ, વીર સાવરકર અને રાષ્ટ્ર નિર્માતા મહાન સરદાર વલ્લભભાઈ પટેલની રાષ્ટ્રહિતની રાષ્ટ્રવાદી વિચારધારા સિંચાયેલી છે. ઈ.સ.૧૯૫૧માં શ્યામાપ્રસાદ મુખર્જીનાં નેતૃત્વમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંચાલક માધવરાવ સદાશિવરાવ ગોળવલકરજી (ગુરુજી)ની પ્રેરણાથી અને સંપૂર્ણ સહયોગ, સહકાર અને આત્મીય સાથ સાથે ભારતીય જનસંઘની સ્થાપના કરવામાં આવી હતી. આ વિરાટ વિભૂતિઓની છત્રછાયામાં અટલ બિહારી વાજપાઈજી અને લાલકૃષ્ણ અડવાણીજી મૂલ્યનિષ્ઠ, નૈતિક, આદર્શ રાજનીતિના પાઠ શીખ્યા. રાષ્ટ્રવાદ, એક ભારત શ્રેષ્ઠ ભારત અને સામાજીક ભાઈચારાની વિચારધારાને આજે કેન્દ્રમાં ભાજપ સરકારના વડાપ્રધાન નરેદ્રભાઈ મોદી અને ગૃહપ્રધાન અમિતભાઈ શાહ તેમજ ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના નેતૃત્વમાં પક્ષના તમામ સનિષ્ઠ કાર્યકર્તાઓ અને અગ્રણીઓ આગળ વધારી રહ્યા છે તેમ અંતમાં રાજુભાઈ ધ્રુવે જણાવી ભાજપ સ્થાપના દિન નિમિત્તે તમામ દેશવાસીઓ - કાર્યકર્તાઓને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા છે.

## વૈશાલી નગર

(છેલ્લા પાનાનું ચાલું)

મુદ્દત ૩૬ મહીના વ્યાજ દર ૧૦.૪૩ ટકાના દરે રૂા.૫.૭૫ લાખનું મૂડી રોકાણ પાકતી મુદ્દત તા.૧૪/૦૪/૨૦૨૩ સુધી કરેલ હતું.

**એફ.ડી.મૂળ થાપણદાર અથવા વારસદારને ચુકવવામાં આવશે: આરોપીએ વિશ્વાસમાં લીધાં**

એફ.ડી.માં મૂડી રોકાણ કરતી વખતે દંપતી અને તેના પુત્રને એવુ વચન આરોપીએ આપેલ કે, એફ.ડી.ના નાણા પાકતી મુદ્દતે મૂળ થાપણદાર અથવા તો તેના નોમીનીને ચુકવવામાં આવશે અને જો આ એફ.ડી.ની મુદ્દત લંબાવવાની હોય તો તે અંગે પણ અમારી મંડળી દ્વારા લેખીત જાણ કરવામાં આવશે. બાદમાં ફરિયાદી અને તેના પતિને તેમના ઉપર વિશ્વાસ કરેલ હતો. એફ.ડી. ખોલાવ્યા બાદ સમયાંતરે વ્યાજની રકમ મળતી જેની નોંધો પાસબુકોમાં મંડળીમાં રૂબરૂ જઈને કરાવી આવતા હતા.

**દરમિયાન ફરિયાદીના પતિનું અવસાન થયું**

દરમિયાન ફરિયાદીના પતિનું અવસાન થતાં લેખીતમાં મંડળીને જાણ પણ કરેલ હતી. બાદમાં તેઓની આર્થીક પરીસ્થિતી નબળી થતા માતા-પુત્ર અવાર નવાર એફ.ડી. વટાવવા અને તેના નાણા મેળવવા માટે મંડળીમાં રૂબરૂ જઈ રજુઆત કરતા પરાગ સોલંકી ગલ્લા તલ્લા કરીને સમય પસાર કરતા હતા.તેમજ થાપણોની કુલ મુડી અને તેના હાલના વારસદરની વિગતો માંગતા તેણે કોઈ માહીતી આપી ન હતી. જેથી તેમના પુત્ર જયેશે તા.૨૮/૧૧/૨૦૨૩ ના જીલ્લા રજીસ્ટ્રારને અરજી કરેલ હતી. તેમજ આરોપી દંપતીને થાપણોની પાકતી મુદ્દતે આપવા અને પાસબુકોમાં એન્ટ્રી કરવાનુ કહેવા છતા સરખો જવાબ આપતા ન હતાં.

**આરટીઆઈ અરજી કરતાં ભાંડો ફૂટ્યો**

આરોપી દંપતી વ્યવસ્થિત જવાબ ન આપતાં ફરિયાદીના પુત્રએ જીલ્લા રજીસ્ટ્રારમાં તા.૨૭/૦૨/૨૦૨૪ ના આર.ટી.આઈ.ની અરજી કરી માહીતી માંગેલ હતી. તેમજ પાસબુકોમાં કરાવેલ જુની એન્ટ્રીઓ ચેક કરતા રોકાણ અંગેના ફીક્સ ડીપોઝીટનુ તા.૦૫/૦૫/૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી નુ કોઈ જ વ્યાજ ચુકવેલ ન હતું. તેમજ ગઈ તા.૨૧/૧૧/૨૦૨૩ ના ફરિયાદીનો પુત્ર ફિકસ ડિપોઝીટની રકમ રૂ.૭.૧૫ લાખ પાકતા તે રકમ ઉપાડવા મેસન કલબ ક્રેડીટ કો.ઓપરેટીવની ઓફીસે ગયેલ ત્યારે હાજર કેશીયરએ કહેલ કે, ફીક્સ ડીપોઝીટની રકમ મેળવવા તમારા મમ્મીની જરૂર પડશે તમે તેને સાથે લઈ કહેતાં તેમનો પુત્ર ઘરે લેવા માટે આવેલ બાદ બન્ને મંડળીની ઓફીસે ગયેલ ત્યા પરાગ સોલંકી આવી ગયેલ અને તેને રૂબરૂ મળતા તે માતા-પુત્રને ઓફીસમાં બીજા માળે લઈ ગયેલ ત્યા એફ.ડી.ના પાકતા રૂપિયા પરત આપવાની રજુઆત કરતા આરોપી ઉશ્કેરાય ગયેલ અને કહેલ કે, હવે મારાથી આમા કાઈ નહી થાય તમારે કોર્ટમાં જવુ હોય તો જાવ તેમ કહેલ અને કહેલ કે, તમારા દિકરા જયેશને જીવતો જોવો હોય તો બીજે કયાઈ અરજી કરતા નહી અને અહી એફ.ડી.ની રકમ લેવા આવતા પણ નહી.

જેથી માતાપિતા તેનાથી ડરી જઈ ઘરે પરત જવા રીક્ષામાં નિકળેલ ત્યારે ઘરની બહાર પહોંચતા મંડળીના ડાયરેકટર ઉર્મીબેન સોલંકી મળેલ જેમને પણ ફીક્સ ડીપોઝીટની રકમ પરત આપવા આજીજી કરતા તે ઉશ્કેરાય ગયેલ અને કહેલ કે, પરાગભાઈની સામું શુ બોલતા હતા તેમ કહી ગાળો આપી ફરિયાદીને ધક્કો મારી રોડમાં નીચે પછાડી દીધેલ અને કહેલ કે હવે જો મડળીએ ફરીવાર આવશો તો જીવતા નહી રહો તમારા જેવા તો કેટલાય આવે અને જાય તેમ બોલી ધમકી આપવા લાગ્યા હતાં.

**પોલીસમાં અરજી કરતાં આરોપી દંપતી વિફર્યુંઃ પૈસા સાથે જીવ પણ ખોઈ બેસશો તેવી ધમકી આપી**

આરોપીઓની હેરાનગતી અને ત્રાસના કારણે ન્યાયની આશાએ પોલીસમાં એક અરજી પણ કરેલ હતી. જે અંગેની તેને જાણ થતા ફરીથી ચારેક દિવસ પહેલા રાત્રીના સમયે આરોપી દંપતી ઘરે આવેલ અને માતા-પુત્રને કહેલ કે, હવે પાંચ વર્ષ સુધી આ રૂપિયા ભુલી જજો, તમને મા- દિકરાને રજીસ્ટ્રારમાં અને પોલીસમાં અરજી કરવાની ટેવ છે ને ? હવે બીજે કયાય અરજી કરવા જતા નહી બાકી પૈસા સાથે જીવ પણ ખોઈ બેસશો તેમ કહી ધમકી આપેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલોસે ગુનો નોંધી પીઆઈ બી.ટી.અકબરીની રાહબરીમાં પીએસઆઈ એન.વી.હરિયાણીએ તપાસ હાથ ધરી હતી.

## વિમાન

(છેલ્લા પાનાનું ચાલું)

વિરાટ ડબલ એન્જીન 777X વિમાન વિશ્વનું સૌથી મોટુ વિમાન હોવાનું કહેવાય છે. અત્યાધુનિક ટેકનોલોજીનાં ઉપયોગથી તેમાં ૧૦ ટકા ઈંધણ બચત થવાની છે. ઉપરાંત ૧૦ ટકા ઓપરેટીંગ ખર્ચ પણ ઘટવાનો દાવો છે.આ વિમાનની પાંખ પણ ફોલ્ડ થઈ શકે તેવી ટેકનોલોજી વાપરવામાં આવી છે.એટલે તે કોઈપણ એરપોર્ટ પર ઉતરાણ કરી શકશે.

સુત્રોના કહેવા પ્રમાણે વિમાની ઉત્પાદક કંપની બોઈંગની ટીમની અમદાવાદ મુલાકાત ઘણી સૂચક છે. વિરાટ વિમાનનું અવકાશી ઉડ્ડયન શરૂ થયા બાદ ભારતમાં સૌ પ્રથમ ઓપરેશન માટે અમદાવાદ એરપોર્ટની પસંદગી થવાની સંભાવના છે.

સુત્રોના કહેવા પ્રમાણે આ ઘટનાક્રમ અમદાવાદ વિમાની ક્ષેત્રનું હબ બનવાના માર્ગે હોવાનો સૂચિતાર્થ કરે છે. મહાકાય વિમાનનું અમદાવાદ એરપોર્ટ પરથી ઉડ્ડયન શરૂ થવાના સંજોગોમાં નવા માર્ગ અને પ્રવાસીઓ માટે આ કનેકશનો પણ ખુલી શકે છે. સાથોસાથ અમદાવાદ સહીત સમગ્ર ગુજરાતનાં આર્થિક વિકાસને વધુ ગતિ મળી શકે કારણ કે અમદાવાદની વૈશ્વીક કનેકટીવીટી વધી જશે. બોઈંગનાં નવા વિરાટ વિમાનનાં ઓપરેશન માટે અમદાવાદ સિવાય દેશના અન્ય અમુક એરપોર્ટ પર પણ સમીક્ષા થવાની છે.

બોઈંગની ટીમ દ્વારા એરપોર્ટનું ઈન્સ્પેકશન કરવા ઉપરાંત સમગ્ર રન-વેની વિસ્તૃત ચકાસણી કરીને ટેકનીકલ માહિતી હાંસલ કરી હતી. ટીમે એરપોર્ટ ઓપરેશન્સ વિશે સંતોષ દર્શાવ્યો હતો.

## ઈન્સ્ટાગ્રામમાં મુકેલી રીલ પર બીભત્સ ગાળો ભાંડનાર શખ્સ સામે ગુનો નોંધાયો

**ધરમનગરમાં રહેતી યુવતીએ મુકેલી રીલ પર નિરવ મોરી નામના શખ્સે ખરાબ કોમેન્ટ કરી ધમકી આપીઃ યુનિવર્સિટી પોલીસે એટ્રોસીટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી**

રાજકોટ તા.૫

ઈન્સ્ટાગ્રામમાં મુકેલી રીલ પર બીભત્સ ગાળો ભાંડનાર શખ્સ સામે યુનિવર્સિટી પોલીસ મથકમાં એટ્રોસીટીની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. બનાવ અંગે ધરમનગર આવાસ કવાર્ટરમાં રહેતા કિરણબેન નામની યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક નિરવ મોરી નામના શખ્સનું નામ આપતા યુનિ. પોલીસે આરોપી વિરૂધ્ધ એટ્રોસીટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે તેણી ઘરકામ સાથે ઓનલાઈન પ્રોડકટ વેચવાનું કામ કરે છે. ગઈ તા.૨૪/૩ના તેઓ હોસ્પીટલ ચોકમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સાફ સફાઈ કરવા માટે ગયેલ હતા. ત્યારે તેઓએ પ્રતિમાની આસપાસ ગંદકી થયેલ હોય તેવું જોવામાં આવતા તે સાફ સફાઈ કરવા માટે સીસીટીવી કેમેરા મુકવા વિનંતી કરતો વિડીયો મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી ઈન્સ્ટાગ્રામ આઈડી પર રીલ પોસ્ટ કરેલ હતી. દરમ્યાન ગઈકાલે તેણીએ તેમના પુત્રને તેમણે મુકેલ વિડીયોમાં કેટલા લોકોએ કોમેન્ટ કરેલ છે તે જોવાનું કહેતા તેમના પુત્રએ કહેલ કે રીલ પર ઈન્સ્ટાગ્રામ યુઝર્સ મોરી ૫૦૯ વાળી આઈડી પરથી એક બીભત્સ કોમેન્ટ કરેલ છે. જેથી તેમને મેસેજ કરેલ કે મારી રીલ ઉપર આવી ખરાબ કોમેન્ટ કેમ કરો છો. જે બાદ તે રીલ ડીલીટ કરી નાખેલ હતી. બાદમાં ગઈ રાતના આરોપીના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી એક બીભત્સ વોઈસ મેસેજ આવેલ જેથી તેને ગાળો નહીં આપવા જાણ કરેલ છતાં આરોપીએ ધમકી આપી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

## સ્કૂલ

(છેલ્લા પાનાનું ચાલું)

બી. ડિવિઝન પોલીસે પકડી ગુનો દાખલ કર્યો હતો.

બનાવ અંગે રાજકોટમાં સમાકાંઠા વિસ્તારમાં રહેતાં મહિલાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સાહિલ પ્રકાશ સોલંકી (રહે.વેલનાથપરા શેરી નં.૨) અને બે સગીરનું નું નામ આપતાં બી. ડિવિઝન પોલીસે આરોપી વિરૂદ્ધ પોકસો, છેડતી, નિર્લજ્જ હુમલો સાહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમની ભાણેજ તેમના ઘરે રહી ધો.૯ માં અભ્યાસ કરતી હતી. દરરોજ તે બપોરના ૧૨ વાગ્યે સાયકલ લઈ સ્કૂલે જતી અને સાંજના છ વાગ્યે તેણી તેના ભાઈ અને અન્ય વિદ્યાર્થીની સાથે પરત ફરતી હતી. ગઈકાલે પણ તે બપોરના સ્કૂલે ગયાં બાદ તેના ભાઈ અને બહેનપણી સાથે સાંજે છ વાગ્યે સ્કૂલથી સાયકલ લઈ પરત આવતી હતી ત્યારે સ્કૂલથી થોડે આગળ પહોંચતા પાછળથી એક્ટિવમાં ધસી આવેલા ટ્રીપલ ફસવાર શખ્સોમાંથી આરોપી મહેન્દ્રએ સગીરાને આંખથી ખરાબ ઈશારા કરી ગાળો આપી હતી. તેમજ સાહિલે હાથ પકડી છેડતી કરી હતી.

ત્યારે સાથે રહેલ સગીરાની બહેનપણીએ તેને છોડાવવા વચ્ચે પડતાં તેને પણ માથાના વાળ પકડી છાતીમાં સ્પર્શ કરી ધક્કો મારી પાડી દેતા બાળકીઓ ભયભીત થઈ ગઈ હતી. દરમિયાન તેની પાછળ આવતાં સગીરાના કાકાએ દોડી જઈ છોડાવવા જતાં આરોપીએ તેમની સાથે ઝપાઝપી કરી હતી. બાદમાં આરોપીઓ નાસી છૂટવાનો પ્રયાસ કરતાં સાહિલ નામના શખ્સને પકડી પોલીસ હવાલે કર્યો હતો.

બનાવ અંગેની ફરિયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ કે.ડી.મારૂ અને ટીમે આરોપીને સકાંજામાં લીધાં હતાં.

## ભાડા

(છેલ્લા પાનાનું ચાલું)

પર ભાડામાં વધારો થયો છે તેના ભાડા સામાન્ય થઈ જશે તેવી આશા છે.

**ટાટા ગ્રૂપના ચેરમેનને લખ્યો પત્રઃ**

ગુરુવારે પાઈલોટ્સના બે જૂથોએ જણાવ્યું હતું કે વિસ્તારાના પાઈલોટ્સ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ એરલાઈન કંપનીનો મુદ્દો નથી પરંતુ ટાટા જૂથના તમામ ઉડ્ડયન એકમોમાં પ્રણાલીગત મુદ્દો છે. ઈન્ડિયન કોમર્શિયલ પાઈલટ્સ એસોસિએશન અને ઈન્ડિયન પાઈલટ્સ ગિલ્ડે ટાટા ગ્રુપના ચેરમેન એન ચંદ્રશેકરનને લખેલા પત્રમાં ગ્રુપને પાઈલટ્સ સાથે અર્થપૂર્ણ વાતચીત કરવા વિનંતી કરી હતી.

**૨૦ ફ્લાઈટ્સ રદ**

પાઈલટોની નારાજગીને કારણે ટાટા ગ્રુપની એરલાઈન વિસ્તારાની ફ્લાઈટ્સ કેન્સલ કરવાની પ્રક્રિયા ગુરુવારે પણ ચાલુ હતી. જેના કારણે લગભગ ૨૦ ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. એરલાઈનના સીઈઓ વિનોદ કન્નને બુધવારે ગુસ્સે થયેલા પાઈલટ્સની માફી માંગી અને તેમની સમસ્યાનું નિરાકરણ લાવવાનું વચન આપ્યું હતું, પરંતુ હજુ સુધી આ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.

વડોદરામાં ક્ષત્રિય સમાજના જયપાલસિંહ–ચોટીલામાં ઋત્વીક મકવાણા અને જુનાગઢમાં હીરાભાઈ જોટવાને ટિકીટ

# કોંગ્રેસે વધુ ત્રણ ઉમેદવારો જાહેર કર્યા: ટકકર રસપ્રદ બનશે

### હજું રાજકોટ અને અમદાવાદ પુર્વ બેઠકમાં ચહેરાની પસંદગી બાકી: રૂપાલા વિવાદ પર કોંગ્રેસની પણ નજર: અમદાવાદ પુર્વમાં લડવા માટે કોઈ તૈયાર નથી

રાજકોટ: ગુજરાતમાં હવે રસપ્રદ વળાંક લઈને કરન્ટ-સર્જનાર બની રહેલી લોકસભા ચુંટણીમાં કોંગ્રેસ પક્ષે ગઈકાલે વધુ ત્રણ બેઠકોના ઉમેદવાર જાહેર કરી હાલ અનેક બેઠકો પર ઉમેદવાર સામે વિરોધ અને વિવાદી વિધાનોથી આંતરિક વિખવાદમાં વ્યસ્ત ભાજપ માટે પડકાર ફેકયો છે. જો કે હજું સૌથી ચર્ચીત બનેલી રાજકોટ લોકસભા બેઠક માટે કોંગ્રેસ પક્ષે તેના પતા ખોલ્યા નથી પણ માનવામાં આવે છે કે એક વખત આ બેઠક પરના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા અંગે ભાજપ આખરી નિર્ણય લે તે પછી કોંગ્રેસ આ બેઠક પર જે ક્ષત્રિય ફેકટર સર્જાયુ છે તેના પરથી નિર્ણય લેશે.

જયારે પક્ષે હવે અમદાવાદ પુર્વ- જયાં અગાઉ રોહન ગુપ્તાને ટિકીટ આપી હતી. તેઓએ ચુંટણી લડવાનો ઈન્કાર કરીને પછી ભાજપ ભણી પ્રયાણ કર્યુ તે બેઠક ઉપરાંત નવસારીમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સામે પણ ઉમેદવાર જાહેર કરવાના બાકી છે.

**વડોદરામાં રસપ્રદ સ્થિતિ**

કોંગ્રેસ પાસે લડાયક નેતા છે અને પક્ષ જો તેઓને યોગ્ય પીઠબળ આપી શકે તો તેઓ ફાઈટ કરી શકે છે તે નિશ્ચિત છે અને વડોદરામાં પક્ષે જસપાલસિંહ પઢીયારને મેદાનમાં ઉતાર્યા છે. આ યુવા ટ્રાન્સપોર્ટર અગાઉ નાદરાની બેઠક પર ૨૦૧૭માં ચુંટાયા હતા. ૨૦૨૨માં

### વડોદરામાં ભાજપના નવોદીત ડો. જોષી સામે પાદરાના પુર્વ ધારાસભ્ય જયપાલસિંહને ટિકીટ: ભાજપના ઈનામદાર અને યોગેશ પટેલ ફેકટર ઉપરાંત વાઘોડીયાની પેટાચુંટણીની પણ અસર થશે

પણ તેઓ આ બેઠક લડયા અને નંબર ટુ રહ્યા હતા. બેઠક પર ભાજપના અસંતુષ્ટ દિનેશ પટેલ (દિનુ મામા) એ ૨૦૨૨માં અપક્ષ લડીને ૫૧૦૦૦થી વધુ મતો મેળવ્યા તે પછી ભાજપ દિનુ મામાને મનાવી લીધા છે પણ મહત્વનું એ છે કે વડોદરામાં ભાજપના ઉમેદવાર ડો. હેમાંગ જોષી સામે વિરોધ છે. અગાઉ સીટીંગ સાંસદ રંજનબેન ભટ્ટને ટિકીટ આપી અને બદલવા પડયા. આ સંસદીય બેઠક હેઠળ સાવલી બેઠકના ધારાસભ્ય કેતનભાઈ ઈનામદાર એક તબકકે અસંતુષ્ટ બન્યા હતા અને તેને મનાવવા પડયા. આ ઉપરાંત વડોદરા સીટીના ધારાસભ્ય યોગેશ પટેલ પણ ડો. જોષીથી નારાજ છે અને ડો.જોષીના હાથે ખેંસ નહી




પહેરવા નો તેમનો વિડીયો વાયરલ થયો તેનો જવાબ આપવામાં સૂચક હાસ્ય કર્યુ હતું. મહત્વનું ડો. જોષી સામે સ્થાનિક વિરોધ છે. અનેક સીનીયર નારાજ છે અને વાઘોડીયા બેઠકની પેટાચુંટણી યોજાઈ રહી છે. જેમાં ૨૦૨૨માં ભાજપના બળવાખોર જીત્યા હતા તેને ફરી ભાજપે ટિકીટ આપી છે.

બીજી બાજુ જયપાલસિંહ પઢીયાર લડાયક નેતા છે અને મહત્વનું એ છે કે તેઓ ક્ષત્રિય છે. જે હાલના વાતાવરણમાં મહત્વનું છે અને વડોદરા જે એક સમયે વડાપ્રધાન મોદીએ ૨૦૧૪માં જીતી હતી તે હવે ભાજપના નવા નિશાળીયા સામે કોંગ્રેસના યુવા અને લડાયક ચહેરા વચ્ચે જંગ થશે.

### સુરેન્દ્રનગરમાં ભાજપના ચુવાળીયા સામે કોંગ્રેસના તળપદા ઋત્વીક મકવાણા: જો કે ચોટીલા સિવાય મતક્ષેત્રમાં મકવાણા નવા હશે

સૌરાષ્ટ્રની બે બેઠકો માટે પણ કોંગ્રેસ પક્ષે તેના ઉમેદવાર જાહેર કર્યા છે અને બન્ને ચુંટણી લડવાના માહીર છે.

**સુરેન્દ્રનગર–તળપદા વિ. ચુવાળીયા**

સુરેન્દ્રનગર બેઠકમાં ભાજપને પણ ઉમેદવાર જાહેર કરવામાં સમય આવ્યો હતો. અહી સીટીંગ સાંસદ અને કેન્દ્રીય મંત્રી મહેન્દ્રભાઈ મુંજપરાને સ્થાને પક્ષે ચુવાળીયા કોળી સમુદાયના ચંદુભાઈ શિહોરાને પસંદ કર્યા છે જે મોરબી જીલ્લાના નેતા હોવા તરીકે વધુ જાણીતા છે અને તેમની પસંદગી સામે તળપદા કોળી સમુદાયે વિરોધ કર્યો હતો તો કોંગ્રેસ પક્ષે તળપદા કોળી સમુદાયના રૂત્વીકભાઈ મકવાણા જે ૨૦૧૭માં ચોટીલા બેઠક પરથી ભાજપને પરાજીત કરીને ચુંટણી જીત્યા હતા તેને લોકસભા લડાવવા નિર્ણય કરતા હવે અહી કોળી સમુદાયના બે ફોટા વચ્ચે જૈન-પાટીદાર તથા દલિત સહિતના મતો નિર્ણાયક બનશે. જો કે મકવાણાનું કાર્યક્ષેત્ર ચોટીલા છે પણ તેમની પાછળ જો તળપદા સમુદાય ઉભો રહે તો તેમાં ફાઈટ આપી શકે છે.

‘શિહોરા’ને પુરી રીતે મોદીવેવ અને ભાજપના સંગઠનના આધારે જીતવું પડશે. જુનાગઢના આહીર સમાજના અને સરકારી ક્ષેત્રના હિરાભાઈ જોટવાને ઉમેદવાર બનાવી રસપ્રદ સ્થિતિ સર્જી છે. જોટવા કેશોદ પંથકના છે. આ વિધાનસભા બેઠક તેણે ફકત ૪૨૦૮ મતોએ ગુમાવી હતી. જુનાગઢ બેઠકમાં ભાજપે લાંબી ગડમથલ બાદ સીટીંગ

### જુનાગઢમાં હીરાભાઈ જોટવાની પસંદગીથી સ્પર્ધાના સંકેત: ભાજપના રાજેશ ચુડાસમા સામે લોહાણા સમાજનો અસંતોષ ‘કેશ’ કરી શકે! આહીર સમુદાય પણ નિર્ણાયક બનશે

સાંસદ રાજેશ ચુડાસમાને ફરી ટિકીટ આપી છે જે ઘેડ કોળી સમાજના છે પણ મહત્વનું અહી વિશાળ લોહાણા સમાજ નારાજ છે. ચુડાસમાના પિતાનું નામ વેરાવળના ડો. અતુલ ચગની આત્મહત્યામાં જોડાયેલુ હતું અને વાત છેક હાઈકોર્ટ સુધી પહોંચી પછી ચગ પરિવારે સમાધાન થયુ છે તેવી જાહેરાત કરી પણ લોહાણા સમાજે તે સ્વીકારી નથી. જો રાજકોટ વિવાદ યથાવત રહે તો જોટવાને ક્ષત્રિય સહિતના સમાજનો ટેકો મળી રહે આ બેઠક પર કોંગ્રેસે ફાઈટની સ્થિતિ બનાવી છે તે નિશ્ચિત છે. પણ હજુ તા.૧૨થી ઉમેદવારીપત્રક ભરાવા પુર્વ ક્ષત્રિય વિવાદ કઈ બાજુ જાય છે તેના પર પણ નજર છે.

સુરતમાં વસતા રાજકોટ સંસદીય ક્ષેત્ર સાથે જોડાયેલા પરિવારોનુ ‘સ્નેહમિલન’

# રવિવારે સુરતમાં ‘રાજકોટ-શો’ કરશે રૂપાલા

### ગોકુલનગરમાં આયોજન: તમામ સમાજને આમંત્રણ: રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર દ્વારા નવો વ્યુહ: તૈયારીઓ શરૂ

રાજકોટ: ગુજરાતમાં સૌથી વિવાદી બનેલી રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ઉમેદવારી સામે ક્ષત્રિય સમાજના વિરોધના વાતાવરણ વચ્ચે ગઈકાલે તેઓ દિલ્હી અને ગાંધીનગર જઈ ફરી રાજકોટ આવીને આજે ચુંટણી પ્રચાર શરૂ કરી દીધો છે તે વચ્ચે હવે ભાજપ મોવડીમંડળ તેમની ટિકીટ રદ કરવા મુદે હવે શું વલણ લે છે તેના પર નજર છે. શ્રી રૂપાલા મુદે જો કે મળતા સંકેત મુજબ ભાજપ મોવડીમંડળ કોઈ પુન: વિચારણા કરવાના મૂડમાં નથી પણ જે રીતે ક્ષત્રિય સમાજનો રોષ છે તેને



કઈ રીતે હેન્ડલ કરે છે તે પણ જોવું રસપ્રદ બની રહેશે. બીજી તરફ ભાજપે રાજકોટની બેઠકનું કનેકશન છેક સુરત સુધી જોડયું છે અને તા.૭ના રોજ સુરતમાં ગોકુલનગરમાં ભાજપનો સુરતમાં રાજકોટ-શો યોજાશે. સુરત અને તેની આસપાસ વસેલા રાજકોટ જીલ્લા સાથે સંબંધ ધરાવતા પાટીદાર સહિત તમામ સમાજના લોકોનું એક સંમેલન તા.૭ના સુરતમાં યોજાઈ રહ્યું છે. ખાસ કરીને જે રીતે રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો વિરોધ છે તે જોતા આ સંમેલન મહત્વનું બની રહેશે અને તેમાં રૂપાલા ઉપસ્થિત રહેશે.

# રાજકોટ-અમરેલી-સુરેન્દ્રનગરમાં ૨૪ કલાકમાં ૧ થી ૨ ડિગ્રી તાપમાન વધ્યુ

### આવતીકાલથી સમગ્ર રાજયમાં ગરમી તીવ્ર બનશે




રાજકોટ, તા. ૫

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આવતીકાલથી ફરી ગરમી વધવા સાથે આગામી તા.૧૨ થી ૧૮ વચ્ચે માવઠાની આગાહી કરાઇ છે. ત્યારે ગઇકાલે બપોરે રાજકોટ સહિત જુદા જુદા શહેરોમાં ૧ થી ૨ ડિગ્રી જેટલુ મહતમ તાપમાન વધવા પામતા આકરા તાપનો અનુભવ થયો હતો.

ગઇકાલે રાજકોટમાં ૩૮.૬, અમરેલીમાં ૩૮.૨, અમદાવાદમાં ૩૫.૭, વડોદરામાં ૩૬.૮, ભાવનગરમાં ૩૬.૬, ડાંગમાં ૩૭.૨, ડિસામાં ૩૨.૭, દિવમાં ૩૪.૭, ગાંધીનગરમાં ૩૬, નર્મદામાં ૩૬.૨, સુરેન્દ્રનગરમાં ૩૮.૨ અને વેરાવળને ખાતે ૩૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જયારે જામનગર શહેરમાં મહતપ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે ભેજનું પ્રમાણ ૯૪ ટકા રહ્યુ હતું.આમ શહેરમાં પરોઢિયે ઠડી અને પછી આખો દિવસ ગરમી એમ મિશ્ર ઋતુનું વાતાવરણ બની રહે છે.

જામનગરમાં બપોરે ઉનાળાની ગરમી જેવું શહેરીજનો અનુભવી રહ્યાં છે.જેના લીધે ગરમી સામે રાહત આપે તેવા આરોગ્યલાભકારક ઠડા પીણાની માંગ વધી છે. ગરમીના કારણે બપોરના સમયે લોકોની અવરજવર નોંધપાટ ધટાડો જોવા મળે છે.

શહેરમાં મહતપ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું તો લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી રહ્યુ છે. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૪ અને પવનની ગતિ ૯.૪ કિ.મી. પ્રતિકલાક નોંધાઇ હતી.

ઉનાળાની ગરમી અને સૂર્યનારાયણના આકરા તાપ વધશે.તે પહેલા જ લીલા શાકભાજીની આવક અને ભાવ ઉપર અસર શરૂ થઈ ગઈ છે.

# મતદાર ઓળખકાર્ડમાં સામાન્ય સ્પેલીંગ ભૂલ હોય તો મતદાન કરતા ન અટકાવાય

### ચૂંટણી પંચ દ્વારા માર્ગદર્શિકા:અન્ય પુરાવો માન્ય

નવી દિલ્હી તા.૫

ચૂંટણી પંચે પ્રામાણીક મતદાતા મતાધિકારનાં હકથી વંચિત ન રહે તે નિશ્ચિત કરવાનો નિર્દેશ કર્યો છે.તેણે રાજયના ચૂંટણી અધિકારીઓને જણાવ્યું છે કે વોટર આઈ-કાર્ડ દ્વારા મતદાતાની ઓળખ થઈ શકતી હોય તો સ્પેલીંગમાં ભુલ સહીતની નજીવી ભુલોને અવગણી શકાય.

૧૯ એપ્રિલે મતદાનનો પ્રથમ તબકકો શરૂ થવાનો છે. ત્યારે ચૂંટણી પંચે જણાવ્યું હતું કે અન્ય વિધાનસભા મત વિસ્તારનાં રજીસ્ટ્રેશન ઓફીસર દ્વારા વોટર આઈડી કાર્ડ જારી કરવામાં આવ્યુ હોય અને મતદાતાનું નામ મતદાન મથકની યાદીમાં હોય તો તેને ઓળખ માટે સ્વીકારી શકાશે. મતદાતાનો ફોટો મેચ ન થતો હોય તો તેણે ચૂંટણી પંચની સુચના મુજબનાં અન્ય ફોટો ડોકયુમેન્ટસ દર્શાવવાનાં રહેશે.ચૂંટણી પંચે ગયા મહિને આપેલા નિર્દેશમાં જણાવ્યું હતું કે ‘વોટર કાર્ડ આપી નહીં શકનારા મતદાતાએ ઓળખ માટે અન્ય ફોટો સાથેના દસ્તાવેજ પુરાવા તરીકે આપવાના રહેશે’

ફોટા સાથેના પુરાવામાં આધાર કાર્ડ, મનરેગા જોબ કાર્ડ, ફોટોગ્રાફ સાથેની બેન્ક કે પોસ્ટ ઓફીસની પાસબુક, શ્રમ મંત્રાલયે જારી કરેલુ હેલ્થ ઈસ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાન કાર્ડ અને રજીસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયાએ નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર હેઠળ ઈસ્યુ કરેલા સ્માર્ટ કાર્ડનો સમાવેશ થાય છે. ઉપરાંત ભારતીય પાસપોર્ટ, ફોટોગ્રાફ, સાથેનું પેન્શન ડોકયુમેન્ટ, કેન્દ્ર કે રાજય સરકાર અથવા જાહેર ક્ષેત્રની કંપનીઓએ કર્મચારીને જારી કરેલુ ફોટો સાથેનું સર્વીસ આઈ-કાર્ડ તેમજ સાંસદો,ધારાસભ્યો એમએલસીને જારી કરાયેલા સતાવાર આઈ-કાર્ડ સામાજીક ન્યાય મંત્રાલય દ્વારા ઈસ્યુ કરાયેલા વિશિષ્ઠ દિવ્યાંગ, આઈ-કાર્ડ પણ મતદાન માટે સ્વીકારવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.




લોકસભાની ચૂંટણીઓ માટે ગુરૂવારે ભાજપ, કોંગ્રેસ સહિત વિવિધ પક્ષોના ઉમેદવારોએ પોતપોતાના મતક્ષેત્રમાંથી ઉમેદવારીપત્રો ભર્યા હતા. જેમાં ભાજપના વર્તમાન સાંસદ હેમામાલિની, કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર, કોંગ્રેસના મહાસચીવ કે.સી.વેણુગોપાલ, શશી થરૂર વગેરેનો સમાવેશ થાય છે. બીજી તરફ ગુરૂવારે કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ, કોંગ્રેસના નેતા અજય માકન સહિત ૧૪ વ્યક્તિએ રાજયસભાના સાંસદ તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. શપથગ્રહણ બાદ તમામ સભ્યોએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ સાથે તસવીર ખેચાવી હતી.

# લોભામણી સ્કીમમાં અનેક લોકોને ફસાવનાર ક્રેડીટ બુલ્સ પેઢીના સંચાલકોની શોધખોળ

### કરણપરામાં રહેતાં ડ્રેસ-મટીરીયલના ધંધાર્થી દંપતી સહિત ચાર લોકો સામે રૂ.૨૫.૪૪ લાખનો છેતરપીંડી આચરી: માલવીયાનગર પોલીસે ગુનો છેતરપીંડીનો ગુનો નોંધ્યો: ભોગ બનનારનો આંકડો વધવાની શકયતા

રાજકોટ.તા.૫

કરણપરામાં રહેતા અને કાંતિ સ્ત્રી વિકાસ ગૃહ રોડ ઉપર સેન્ચુરી સેન્ટર બિલ્ડીંગમાં માધુરી ક્રિએશન નામે દુકાન ધરાવી ડ્રેસ-મટીરીયલનો ધંધો કરતાં બ્રિજેશભાઈ પ્રવિણચંદ્ર બોસમીયા (ઉ.વ. ૪૦) અને તેની પત્ની માધુરીબેન સહિત ચાર લોકો સાથે કાવતરુ ઘડી ક્રેડીટ બુલ્સ પેઢી સાથે સંકળાયેલા પંકજ વડગામા અને સાગર ખુંટી દ્વારા રૂા.૨૫ લાખની છેતરપીંડી કરાયાની માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું કે, તેણે પેઢીની જાહેરાત વાંચ્યા બાદ તેમાં આપેલા નંબર પર કોલ કરતાં જામનગરની બ્રાંચના રીજનલ ઓફિસર આરોપી પંકજ સાથે વાત થઈ હતી. તેણે બે દિવસ પછી રાજકોટ આવવાનો છું ત્યારે વિગતવાર સ્કીમ સમજાવીશ તેમ જણાવ્યા બાદ તે રાજકોટ નાનામવા સર્કલ પાસે આર.કે. પ્રાઈમમાં તેની ઓફિસે આવતા તેણે તેને ફોન કરી ત્યાં બોલાવ્યા હતા.

તે આરોપીની ઓફિસે જતાં તેણે તેનો પરિચય બીજા આરોપી સાગર ખુંટી સાથે કરાવ્યો હતો. આ સમયે બંનેએ તેને સ્કીમ સમજાવતા તે સહમત થયા હતા. આથી તેને આરોપીઓ બેંક ખાતાના નંબર આપી. તમે આ ખાતામાં તમારી સગવડ મુજબ રોકાણ કરી શકો છો. તેમ કહેતા તેણે પોતાના બેંક ખાતામાંથી રૂ.૪ લાખ સ્કીમમાં રોકાણ કરતાં પોલીસી આપી હતી. જેમાં સ્કીમની વિગતો લખેલી હતી. જયારે તેની પત્નીના નામે રૂ.૪ લાખ રોકાણ કર્યા હતાં. જે સ્કીમ મુજબ બે ટકા વળતર લેખે દંપતિના રૂ.૧.૨૮ લાખ આપ્યા હતા પરંતુ બંનેના વળતરની રૂ.૨.૭૨ લાખ અને મૂડી આઠ લાખ મળી ૧૦.૭૨ લાખ આપ્યા ન હતાં. આવી જ રીતે અન્ય રોકાણકાર મયંક યાદવના ૧૪.૧૦ લાખ અને વિશાલ રવાસીયાના રૂ.૬૨ હજાર મળી કુલ રૂ.૨૫.૪૪ લાખ પરત નહીં આપી છેતરપિંડી કરી હતી.

માલવીયાનગર પોલીસે પંકજ વડગામા અને સાગર ખુંટી સામે કાવતરા ઘડવા, છેતરપીંડી અને ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર (ઇન ફાઈનાન્સીયલ એસ્ટા બ્લીસમેન્ટસ એકટની કલમો હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી સકંજામાં લેવા કવાયત શરૂ કરી છે. પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર આરોપીઓની છેતરપીંડીનો ભોગ બનનનારની સંખ્યા વધવાની શકયતા દર્શાવાઇ રહી છે.

વડોદરાની પ્લાસ્ટીક કંપનીમાં ભીષણ આગ

# મોડીરાત્રે આગથી અફડાતફડી: દુર-દુર સુધી ધુમાડાના ગોટા દેખાયા

વડોદરા:

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મંજુસર જીઆઈડીસીમાં ગત મોડીરાત્રે આગનો બનાવ બન્યો હતો. આ આગ પ્લાસ્ટીક કંપનીમાં લાગતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. પ્લાસ્ટીકની કંપનીમાં આગ લાગતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

સાવલી જીઆઈડીસીમાં અવારનવાર આગના બનાવો સામે આવતા હોય છે. ગતરાત્રે ૧૧.૩૦ કલાકે ફાયર વિભાગને કોલ મળ્યો હતો



કે, કે.બી.પ્લાસ્ટીક નામની કંપનીમાં ભીષણ આગ લાગી છે. આ કોલ મળતા જ ઈઆરસી ફાયર સાથે ટીપી ૧૩ અને દાંડિયાબજાર ફાયર સ્ટેશનની ટીમો ચાર ગાડીઓ સાથે પહોંચી આગને કાબુમાં લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આગ પ્રચંડ હોવાથી ફાયર વિભાગને ભારે જહેમત બાદ વહેલી સવારે આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમીક માહિતી મુજબ, આ કંપનીમાં પ્લાસ્ટીકનો વિવિધ સ્ક્રેપ પડેલો હતો અને તેમાંથી દાણા બનાવતી હોવાનું જાણવા મળી રહ્યું છે. આગના બનાવને લઈ કોઈ જાનહાની થઈ નથી. પરંતુ કંપનીનો સંપૂર્ણ શેડ બળીને ખાક થઈ ગયો છે અને કંપનીને મોટાપાયે નુકશાન થયું હતું.

આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા દુર દુર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા.

કોરોનાથી હજુ દુનિયા પુરેપુરી બહાર નથી આવી ત્યાં બર્ડફલુના નવા સ્ટ્રેનથી ખતરાની ઘંટડી

# બર્ડફલુનો નવો સ્ટ્રેન H5N1 કોરોનાથી પણ ખતરનાક

### ગાય, બિલાડી અને મનુષ્ય સહિત વિભિન્ન સસ્તન પ્રાણીઓમાં H5N1નું સંક્રમણ ફેલાયું: અમેરિકાના ટેકસાસમાં એક ડેરી ફાર્મમાં કામ કરનાર માણસ આ નવા સ્ટ્રેનથી સંક્રમિત, અલબત તે સ્વસ્થ

નવી દિલ્હી તા.૫

વર્ષ ૨૦૨૦ની શરૂઆતમાં દુનિયાભરમાં કહેર મચાવનાર કોરોના મહામારીમાંથી હજુ પુરેપુરી બહાર નથી આવી ત્યાં વૈજ્ઞાનિકોની એક વધુ મહામારીની ચેતવણી આપવા લાગ્યા છે. વિશેષજ્ઞો બર્ડ ફલુ મહામારીની સંભાવના પર ખતરાની ઘંટડી વગાડી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ મહામારી કોરોના સંકટથી ઘણું વિનાશકારી હોઈ શકે છે. બર્ડ ફલુનું એચ૫એન૧ સ્ટ્રેન સૌથી ગંભીર ખતરો પેદા કરી શકે છે. વાયરસ પર રિસર્ચ કરનારા વૈજ્ઞાનિકોએ સંકેત આપ્યો છે કે એચ૫એન૧ એક વૈશ્વિક મહામારીને ટ્રીગર કરી શકે છે. તે ખતરનાક રૂપથી ખૂબ નજીક પહોંચી રહ્યો છે.

ખરેખર તો ગાય, બિલાડી અને મનુષ્યો સહિત વિભિન્ન સ્તરધારીઓમાં અનેક એચ૫એન૧ સંક્રમણ જોવા મળ્યા છે. જેને લઈને વૈજ્ઞાનિકોએ વાયરસ પર રિસર્ચ શરૂ કરી દીધું છે. આ વાયરસ મનુષ્યો વચ્ચે વધુ સરળતાથી ફેલાઈ રહ્યો છે. વાયરસનું ઉત્પરિવર્તન એટલે કે મ્યુટેશને ચિંતા પેદા કરી દીધી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટનાક્રમ એવા સમયે બહાર આવ્યો છે, જયારે અમેરિકી રાજય ટેકસાસમાં એક ડેરી ફાર્મમાં કામ કરનાર શખ્સ એચ૫એન૧ વાયરસથી પોઝીટીવ જાહેર થયો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દર્દીનો ટેકસાસમાં ડેરીના પશુઓ સાથે સીધો સંપર્ક હતો. જેના કારણે તે બર્ડફલુથી સંક્રમીત થયો હોવાની શંકા વ્યકત કરાઈ છે. તેનો હાલમાં એન્ટી વાયરલ ઉપચાર ચાલુ છે અને તે હવે સ્વસ્થ પણ થઈ રહ્યો છે. કોલોરાડોમાં ૨૦૨૨ના કેસ બાદ અમેરિકામાં ઈન્ફલુએન્ઝાએ (એચ૫એન૧) માટે કોઈ વ્યક્તિના સકારાત્મક પરીક્ષણનો આ બીજો કેસ છે.



આ સિવાય અમેરિકાના ૬ રાજયોમાં ગાયોના ઝુંડો અને ટેકસાસમાં ત્રણ બિલાડીઓમાં આ સંક્રમણની સૂચના મળી હતી, જે વાયરસના કારણે મરી ગયા હતા.

બર્ડ ફલુના મુખ્ય સંશોધક ડો. સુરેશ કુચીપુડીએ ચેતવણી આપી છે કે એચ૫એન૧ વાયરસ કોરોના કરતા ૧૦૦ ગણો ખરાબ છે. જે ઉચ્ચ મૃત્યુદર જાળવી રાખીને મ્યુરેટ થઈ શકે છે, આનાથી કોરોનાથી વધુ ખરાબ મહામારી થઈ શકે છે.

આ વાયરસે અગાઉ પણ પોતાની ક્ષમતા દેખાડી દીધી છે. તે પહેલાથી જ મનુષ્યો સહિત સસ્તન પ્રાણીઓને સંક્રમિત કરી ચૂકયો છે. ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીના સલાહકાર જોન ફલ્ટને પણ વાયરસના ખતરાને લઈને આગાહી કરી છે. તેમણે જણાવ્યું છે કે એચ૫એન૧ ઉચ્ચ મૃત્યુ દરને જાળવી રાખીને મ્યુરેટ થઈ શકે છે. આથી તે કોરોનાથી પણ ખરાબ મહામારી બની શકે છે.

૨૦૨૦ બાદ હાલના મામલામાં બહાર આવ્યું છે કે એચ૫ એન૧ ના નવા સ્ટ્રેનથી સંક્રમિત લગભગ ૩૦ ટકા વ્યકિતઓના મૃત્યુ થઈ ગયા છે. જેમ જેમ સ્થિતિ બહાર આવી રહી છે તેમ તેમ વ્હાઈટ હાઉસ અને સ્વાસ્થ્ય વિશેષજ્ઞ સતર્કતા અને તૈયારી વધારવાનો આગ્રહ કરી રહ્યા છે. જોકે વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવે જનતાને આશ્વાસન આપ્યું છે કે અમેરિકનોની સ્વાસ્થ્ય અને સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને બર્ડ ફલુના પ્રકોપ પર વોચ અને તેના સમાધાનના ઉપાય કરવામાં આવી રહ્યા છે.

આખરે આ વાયરસ શું બલા છે? એવિયન એન્ફલુએન્ઝા એચ૫ એન૧ (એચપીએ૧ એચ૫ એન૧) એક અત્યધિક રોગજનક સ્ટ્રેન છે તેને બર્ડ ફલુ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેણે છેલ્લા ત્રણ વર્ષમાં લાખો પક્ષીઓ અને અનેક સસ્તન પ્રાણીઓને મારી નાખ્યા હતા. હવે તેના નવા સ્ટ્રેને ભય ઉભો કર્યો છે.

### છેલ્લા ત્રણ દાયકામાં વિશ્વમાં સરેરાશ આયુષ્યમાં વધારો

# ૧૯૯૦ની તુલનામાં ભારતીયોનું આયુષ્ય ૮ વર્ષ વધ્યુ!

**જો કોરોના ન આવ્યો હોત તો આયુષ્યનું પ્રમાણ આથી પણ વધુ હોતઃ ડાયેરિયા, સ્ટ્રોક, હૃદયરોગ જેવી બીમારીથી મોતમાં ઘટાડો આયુષ્યની વૃદ્ધિનું મુખ્ય કારણઃ 'લેન્સિટ'ના રિપોર્ટમાં ખુલાસો**



નવી દિલ્હી તા.૫

ભારતમાં ૧૯૯૦ની તુલનામાં હાલ લોકો ૭.૯ વર્ષ વધુ જીવી રહ્યા છે. 'લેન્સિટ'માં પ્રકાશિત અભ્યાસમાં આ ખુલાસો થયો છે. અધ્યયન અનુસાર મહામારીના ઝટકા છતાં ગત ત્રણ દાયકામાં ભારત સહિત પૂરી દુનિયામાં જીવનનું પ્રમાણ વધ્યું છે. દુનિયાભરમાં લોકો ૧૯૯૦ની તુલનામાં ૨૦૨૧માં સરેરાશ ૬.૨ વર્ષ વધુ જીવી રહ્યા છે.

મુખ્ય બીમારીઓથી મોતમાં ઘટાડો મુખ્ય કારણ: જીવનનું પ્રમાણ વધવાનું મુખ્ય કારણ ગંભીર બીમારીઓથી થતા મોતમાં ઘટાડો જણાવાયો છે, જો કે ગંભીર બિમારીઓ આજે પણ તે છે જે ૧૯૯૦માં હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડાયેરિયા, શ્વાસમાં સંક્રમણ, સ્ટ્રોક અને ઈસ્કેમિક હૃદય રોગ જેવી બીમારીઓથી થતા મૃત્યુમાં ઘટાડો થયો છે. સંશોધનમાં એ પણ કહેવામાં આવ્યું છે કે ૨૦૨૦માં કોરોના મહામારી ન આવી હોત તો જીવનનું પ્રમાણ હજુ પણ વધુ હોત.

જીવનનું પ્રમાણ સરેરાશથી વધુ: ભારતમાં ત્રણ દાયકામાં જીવનના પ્રમાણમાં ૭.૯ વર્ષનો વધારો થયો છે. દક્ષિણ એશિયાના દેશોમાં ૧૯૯૦ અને ૨૦૨૧ (૭.૮ વર્ષ) દરમિયાન જીવનના પ્રમાણમાં દુનિયાના અન્ય ભાગોની તુલનામાં બીજી સૌથી મોટી વૃદ્ધિ થઈ છે જેનું મુખ્ય કારણ ડાયેરિયાથી થતા મૃત્યુમાં ભારે ઘટાડો છે.

કોરોના મહામારીએ કરી મોટી અસર: કોરોના મહામારીના કારણે ૨૦૧૯ અને ૨૦૨૧ વચ્ચે દુનિયાભરમાં જીવનના પ્રમાણમાં ૧.૬ વર્ષનો ઘટાડો થયો છે. દુનિયાના અલગ અલગ ભાગોમાં જીવનના પ્રમાણમાં ઘણો ઉતાર-ચડાવ પણ નજરે પડયો હતો. દક્ષિણ-પુર્વ એશિયા, પુર્વી એશિયા અને ઓશિનિયામાં કુલ મળીને ૮.૬ વર્ષની વૃદ્ધિ નોંધાઈ હતી. આ ક્ષેત્રમાં કોરોના (૦.૪ વર્ષ)ના કારણે જીવનના પ્રમાણમાં સૌથી ઓછો ઘટાડો આવ્યો. કોરોનાના કારણે સૌથી વધુ ૩.૬ વર્ષ જીવનની હાનિ લેટિન અમેરિકા અને કેરેબિયનમાં થઈ હતી.

દક્ષિણ એશિયાના દેશોમાં જીવનનું પ્રમાણ: ભૂતાનમાં ૧૩.૬ વર્ષ, બાંગ્લાદેશમાં ૧૩.૩, નેપાળમાં ૧૦.૪, ભારતમાં ૭.૯ અને પાકિસ્તાનમાં ૨.૫ વર્ષનું જીવનનું પ્રમાણ વધ્યું છે. અર્થાત ભૂતાનમાં સૌથી વધુ ૧૩.૬ વર્ષ અને પાકિસ્તાનમાં સૌથી ઓછુ ૨.૫ વર્ષ જીવનનું પ્રમાણ વધ્યું છે.

### રાજકોટથી જ રણનીતિ : ભાજપે ટીકીટ રદ્દ ન કરતા હવે નિર્ણાયક લડતનો મિજાજ

# રૂપાલા વિવાદ : ક્ષત્રિય સમાજની 'કોર કમીટી'ની કાલે રાજકોટમાં બેઠક

**સમિતિના ૧૫ સભ્યો કાલે રાજકોટ આવશે : સવારે ૧૧ વાગ્યે રજપૂતપરાની બોર્ડિંગમાં બેઠક : જીલ્લે-જીલ્લે સંમેલન-રેલી-આવેદન સહિતના આક્રમક કાર્યક્રમો નકકી થવાનો નિર્દેશ : કન્વીનર રમજુભા જાડેજાની 'સાંજ સમાચાર' સાથે વાતચીત**



રાજકોટ, તા.૫

ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ વિધાનો મામલે રાજકોટના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટીકીટ રદ્દ કરવાની માંગણીનો ભાજપ દ્વારા હજુ સ્વીકાર કરવામાં આવ્યો નથી ત્યારે હવે ક્ષત્રિય સમાજે નવી રણનીતિ નકકી કરવા આવતીકાલે રાજકોટમાં કોર કમીટીની બેઠક બોલાવવામાં આવી છે. જીલ્લે-જીલ્લે સંમેલન, રેલી સહિતના આક્રમક કાર્યક્રમો નકકી થયાની સંભાવના છે.

ક્ષત્રિય સમાજના મુખ્ય સંકલનકર્તા રમજુભા જાડેજાએ આજે 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં કહ્યું કે વિવાદાસ્પદ વિધાનો કરનારા રાજકોટના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટીકીટ રદ કરવાની સમાજની માંગ ભાજપે સ્વીકારી ન હોવાની છાપ છે. કારણ કે સમાજ દ્વારા ગુરૂવાર સાંજ સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું. ભાજપ તરફથી કોઇ જાહેરાત ન થતા ક્ષત્રિય સમાજ હવે રૂપાલા સામેના આંદોલનમાં આગળ ધપશે, ભાવિ આંદોલનની રણનીતિ રાજકોટમાં જ ઘડવાનો વ્યુહ અપનવવામાં આવ્યો છે. જે અંતર્ગત સમાજના ૧૫ સભ્યોની કોર કમીટીની બેઠક આવતીકાલે સવારે ૧૧ વાગ્યે રજપૂતપરામાં આવેલી ગરાસીયા બોર્ડિંગમાં રાખવામાં આવી છે તેમાં ભાગ લેવા માટે કોર કમીટીના તમામ ૧૫ સભ્યો રાજકોટ આવશે.

તેઓએ જણાવ્યું હતું કે પરસોતમ રૂપાલા સામેનો વિરોધ ચાલુ જ છે અને સમાજ દ્વારા કોઇ પીછેહઠ કરવામાં આવી નથી. મહેસાણા, ગોધરા સહિતના શહેરોમાં આવેદનપત્ર આપવા સહિતના કાર્યક્રમો આજે યોજાયા હતા. આવતીકાલે રાજકોટમાં કોર કમીટીની મીટીંગની સાથોસાથ આવેદનપત્રનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. બપોરે બહુમાળી ભવન ખાતે સમાજના લોકો એકત્રીત થઇને રેલી સ્વરૂપે આવેદનપત્ર આપવા જાય તેવો કાર્યક્રમ નકકી કરવામાં આવી રહ્યો છે.

તેઓએ સ્પષ્ટ કર્યુ કે અવિશ્વાસ ઉભો થાય તેવી વાતોને માની લેવાની જરૂર નથી. આવતીકાલની કોર કમીટીની બેઠકમાં આંદોલન સહિતની તમામ બાબતો નકકી થઇ જશે. સત્તાવાર વિધાનો કરવા માટે અર્ધો ડઝન આગેવાનોને જવાબદારી પણ સોંપવામાં આવી છે. મુખ્ય કન્વીનર રમજુભા જાડેજા ઉપરાંત સુખદેવસિંહ વાઘેલા, વાસુદેવસિંહ ગોહિલ, કરણસિંહ ચાવડા, તૃપ્તિબા રાઓલ વગેરે વખતોવખત સમાજના આંદોલન સહિતની માહિતી આપતા રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનો બાદ ક્ષત્રિય સમાજમાં જબરો આક્રોશ ઉભો થયો હતો. રૂપાલાના વિધાનો માફી આપવા લાયક ન હોવાનું જાહેર કરીને તેમની ટીકીટ રદ્દ કરવાની માંગ કરવામાં આવી હતી. રૂપાલાએ બે વખત તથા તેમના વતી ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પણ માફી માંગી હોવા છતાં સમાજ દ્વારા તે સ્વીકારવામાં આવી ન હતી. એટલું જ નહીં ભાજપના ક્ષત્રિય આગેવાનો સાથે બુધવારે સંકલન બેઠક કરવામાં આવી હતી. તેમાં પણ રૂપાલાની ટીકીટ રદ્દ કરવાની એક માત્ર માંગ રજૂ કરવામાં આવી હતી. જેને કારણે બેઠકમાં કોઇ પરિણામ આવ્યું ન હતું કે કોઇ સમાધાન શકય બન્યું ન હતું. ક્ષત્રિય સમાજે ગુરૂવાર સાંજ સુધીમાં રૂપાલાની ટીકીટ રદ્દ કરવાનું અલ્ટીમેટમ આપ્યું હતું પરંતુ ભાજપ દ્વારા આવી કોઇ જાહેરાત નહીં કરાતા હવે નિર્ણાયક લડતના મિજાજ સાથે રાજકોટથી જ રણનીતિ ઘડવાનો વ્યુહ નકકી કરવામાં આવ્યો છે.

### બે બહેનના એકના એક ભાઈએ જીંદગી ટૂંકાવતા ચકચાર

# લગ્નના ૧૩ દિવસ પૂર્વે યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

**રાજકોટના મહિકા રોડ, માધવ વાટિકા સોસાયટીનો બનાવ, મૃતક ૨૩ વર્ષીય નારણ દાણીધારીયા કારના સર્વિસ સ્ટેશનમાં નોકરી કરતો**



નારણભાઈ દાણીધારીયા

**આગામી ૧૮ એપ્રિલે લગ્ન હતા, આશાસ્પદ યુવાને અંતિમ પગલું ભરતા પરિવારમ ખુશીના માહોલ વચ્ચે કલ્પાંત છવાયો**

રાજકોટ, તા.૫

રાજકોટમાં લગ્નના ૧૩ દિવસ પૂર્વે ૨૩ વર્ષીય યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ છે. રાજકોટના મહિકા રોડ, માધવ વાટિકા સોસાયટીનો આ બનાવ છે. મૃતકના આગામી ૧૮ એપ્રિલે લગ્ન હતા. આશાસ્પદ યુવાને અંતિમ પગલું ભરતા પરિવારમાં ખુશીના માહોલ વચ્ચે કલ્પાંત છવાયો છે.

બનાવની વિગત મુજબ, નારણ લાલદાસ દાણીધારીયા(ઉ.વ.૨૩, રહે.મહિકા રોડ, માધવ વાટિકા સોસાયટી, રાજકોટ)એ ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા તબીબે તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં શોક છવાયો હતો. તેમના પરિવારજનોએ જણાવ્યું કે, નારણ તેના મામા બલરામભાઈ સાથે કારના સર્વિસ સ્ટેશનમાં નોકરી કરતો હતો. આગામી તા.૧૮ના રોજ તેના લગ્ન નિર્ધારિત થયા હતા. ઘરમાં ખુશીનો માહોલ હતો. ગત સાંજે ઘરે નારણ પોતાની બે બહેનો સાથે જમવા બેઠો હતો. જમીને પોતાના રૂમમાં પોતાની ભાવિ અર્ધાંગિની સાથે ફોનમાં વાતચીત કરવા ગયો હતો. ઘણો સમય થવા છતાં ભાઈ પોતાના રૂમમાંથી બહાર ન આવતા અને રૂમમાં અવાજ આવતા પરિવાર જોવા ગયો, પણ રૂમનો દરવાજો અંદરથી બંધ હતો. બારીમાંથી જોયું તો ગળાફાંસો ખાધેલી હાલતમાં નારણ જોવા મળ્યો. જેથી નાની બહેનને બારીમાંથી રૂમમાં મોકલી દરવાજો ખોલી તુરંત નીચે ઉતારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ અહીં રાત્રે ૧ વાગ્યા આસપાસ તેમનું મોત થયું હતું. આપઘાતનું કારણ જાણવા ન મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટના સામાકાંઠા વિસ્તારનો બનાવ

# સ્કૂલેથી પરત ફરતી ધો.૯ ની બે વિદ્યાર્થીની સાથે ત્રણ લુખ્ખાઓની છેડતીઃ નિર્લજ્જ હુમલો પણ કર્યો

**સાયકલ લઈ ઘરે આવતી વિદ્યાર્થીનીની પાછળથી એક્ટિવામાં આવેલા ત્રિપલ સવાર શખ્સોએ આંખથી ખરાબ ઈશારા કરી ગાળો આપી હાથ પકડ્યોઃ બહેનપણીને છોડાવવા વચ્ચે પડેલ તરૂણીને પણ વાળ પકડી ધક્કો મારી પાડી દીધી**

**તેમની પાછળ આવતાં તરૂણીના કાકાએ આરોપીને ટપારતાં ઝપાઝપી કરી નાસી છૂટ્યાઃ એકને પકડી પોલીસ હવાલે સોંપ્યો બાદ અન્ય બે આરોપી પણ દબોચાયા**

**બી. ડિવિઝન પોલીસે પોક્સો, છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી**

રાજકોટ. તા.૫

શહેરમાં લુખ્ખા તત્વોનો ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે અને કાયદાના ભય વગર રસ્તા પર જતી સગીરાઓ, યુવતીઓ અને મહિલાઓની છેડતી કરી નિર્લજ્જ હુમલા કરતાં હોય છે. ત્યારે નારી સુરક્ષા સામે પ્રશ્ન ઉભો થયો છે. થોડાં સમય પહેલાં સામાકાંઠા વિસ્તારમાં સ્કૂલે જતી વિદ્યાર્થીનિને બાઇકમાં ઘસી આવેલા શખ્સે બીભત્સ ગાળો આપી છેડતી કરી હતી અને પોલીસે તેની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું. ત્યારે ફરી એકવાર લુખ્ખાઓએ માથુ ઊંચક્યું હોય તેમ ગઈકાલે શહેરના સામાકાંઠા વિસ્તારમાં સાંજના સમયે સ્કૂલેથી ત્રણ વિદ્યાર્થીનીઓ સાથે સાયકલ લઈ ઘરે પરતી હતી ત્યારે પાછળથી એક્ટિવામાં ઘસી આવેલા ત્રણ લુખ્ખાઓએ એક વિદ્યાર્થીનિને આંખથી ખરાબ ઈશારા કરી ગાળો આપી હાથ પકડી છેડતી કરી હતી. બહેનપણીને છોડાવવા વચ્ચે પડેલ સગીરાને પણ માથાના વાળ પકડી છાતી પર સ્પર્શ કરી ધક્કો મારી પાડી દેતાં તેની પાછળ આવતાં સગીરાના કાકાને સાથે પણ ઝપાઝપી કરી હતી. બનાવ વખતે એક આરોપી સોહિલ સોલંકીને પકડી પોલીસના હવાલે કર્યો હતો જ્યારે અન્ય બે શખ્સોને પણ

(અનુસંધાન ૧૨ મા પાને)

### ગુજરાતની આર્થિક પ્રગતિને વધુ ગતિ મળી શકે

# વિરાટ વિમાન 777X અમદાવાદ એરપોર્ટથી ઓપરેટ થશે!



**સૌથી મોટા વિમાનની ખુબીઓ**

- ★ ૨૫૧ ફૂટ લાંબા વિમાનમાં ૧૬ ઈંચ પહોળી લકઝુરીયસ સીટ, બીઝનેસ, ફર્સ્ટ તેમજ ઈકોનોમી કલાસ હશે.
- ★ વિમાન એક સાથે ૧૩,૫૦૦ કી.મી.નું અંતર કાપી શકશે
- ★ **લેન્થ:** ૨૫૧ ફૂટ, ૯ ઈંચ, (૭૬.૭૨ મીટર)
- ★ **વિન્ગસ્પાન:** ૨૩૫ ફૂટ, ૫ ઈંચ, (૭૧.૭૫ મીટર)
- ★ ઓનગ્રાઉન્ડ: ૨૧૨ ફૂટ, ૯ ઈંચ (૬૪.૮૫ મીટર)
- ★ કેબીન: આરામદાયક ૧૬ ઈંચ પહોળી સીટ તેમજ બિઝનેસ, ફર્સ્ટ, ઈકોનોમીની કલાસ હશે.
- ★ **રૂપરેખાંકન:** ટવીન-એશીઅલ (વાઈડબોડી)
- ★ **એન્જીન:** GE9X.GE એવિએશન દ્વારા પુરૂ પાડવામાં આવશે જે અત્યાર સુધીનું સૌથી મોટુ એન્જીન હશે.

અમદાવાદ તા.૫

અમદાવાદ એરપોર્ટ પર બોઈંગનું મહાકાય ડબલ એન્જીન પર જેટ વિમાન 777X ના ઉતરાણ માટે તૈયારી શરૂ થઈ છે. દુનિયાભરમાં વિમાનો વેચતી અમેરીકન કંપની બોઈંગ કોર્પોરેશનની ટીમે અમદાવાદ એરપોર્ટની મુલાકાત લીધી હતી અને મહાકાય વિમાનનું ઉતરાણ શકય છે કે કેમ તેની સમીક્ષા કરી હતી.

૨૦૨૫ માં આવનાર બોઈંગનુ

(અનુસંધાન ૧૨ મા પાને)

**બોઈંગ કંપનીની ટીમે સમીક્ષા કરીઃ ૨૦૨૫ માં લોન્ચ થનાર વિશ્વનું સૌથી મોટુ વિમાન ભારતમાં સૌ પ્રથમ અમદાવાદ-એરપોર્ટે ઉતરાણ કરે તેવા સંકેત**

# વિસ્તારમાં કટોકટીના કારણે અનેક રૂટના ભાડામાં ત્રણ ગણો વધારો

**બે દિવસમાં વિસ્તારાની ૭૫ જેટલી ફ્લાઈટ્સ કેન્સલ થઈ**



નવી દિલ્હી, તા ૫

વિસ્તારમાં કટોકટીના કારણે ગુરુવારે અનેક રૂટ ના હવાઈ ભાડા માં ત્રણ ગણો વધારો થયો છે. જોકે, એરપોર્ટના ઓથોરીટી મુજબ શુક્રવારથી ભાડા સામાન્ય થઈ જવાની શક્યતા છે.

વિમાની કંપની વિસ્તારાના કેટલાક પાઈલોટ નવા પગાર માળખા સહિતની અનેક માંગણીઓને લઈને સામૂહિક રજા પર ઉતરી ગયા છે. જેના કારણે છેલ્લા બે દિવસમાં વિસ્તારાની ૭૫ જેટલી ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. જેના કારણે અનેક રૂટ પર પેસેન્જર ભાડા બમણાથી પણ વધી ગયા છે.

દિલ્હીથી લખનૌ, દિલ્હીથી કોલકાતા, દિલ્હીથી ગોવા અને દિલ્હીથી હૈદરાબાદ વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને ગુરુવારે બમણાથી વધુ ભાડું ચૂકવવું પડ્યું હતું. જોકે, દિલ્હી-બેંગ્લોર અને દિલ્હી-ચેન્નાઈ જેવા રૂટના ભાડામાં કોઈ ખાસ તફાવત જોવા મળ્યો નથી. મળતી માહિતી મુજબ વિસ્તારાની ફ્લાઈટ્સ કેન્સલ થવાને કારણે અમુક ચોક્કસ રૂટ પર ભાડામાં વધારો થયો છે.

દિલ્હી એરપોર્ટના સૂત્રોનું કહેવું છે કે વિસ્તારા રદ થવાને કારણે ફ્લાઇટની સંખ્યા હવે ઘટી રહી છે. જેના કારણે શુક્રવારથી ફ્લાઈટ્સ સામાન્ય થઈ જવાની શક્યતા છે. આ પછી, જે રૂટ

(અનુસંધાન ૧૨ મા પાને)

# વૈશાલી નગરની મેશન કલબ સહકારી મંડળી સામે ૩૩.૫૦ લાખની છેતરપીંડીની ફરિયાદ

**મંડળીના સંચાલક દંપતિએ રૈયારોડ પર રહેતા વૃદ્ધ દંપતિને ઉંચા વળતરની લાલચ આપી ૬ એફડીની થાપણ મુકાવી**

**દરમિયાન વૃધ્ધનું અવસાન થતાં માતા-પુત્ર થાપણ ઉપાડવા ગયા તો સંચાલક દંપતીએ જાનથી મારી નાખવાની ધમકી આપી પૈસા પરત આપવાની ના પાડી દીધી**

**ગાંધીગ્રામ પોલીસે મંડળીના સંચાલક પરાગ સોલંકી અને ડાયરેક્ટર તેની પત્ની ઊર્મિ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો**

રાજકોટ.તા.૫

વૈશાલી નગરમાં રહેતાં વૃધ્ધ દંપતીને ઊંચા વળતરની લાલચ આપી રૈયારોડની મંડળીના સંચાલક દંપતીએ રૂા.૩૩.૫૦ લાખની છેતરપીંડી આચરી રૂપિયા લેવા ગયેલા માતા-પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપી પૈસા પરત આપવાની ના પાડી દેતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે રૈયારોડ પર વૈશાલી નગરમાં આવેલ સાગર એપાર્ટમેન્ટમાં રહેતાં અરૂણાબેન મનસુખભાઈ પોરીયા (ઉ.વ.૭૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મેશન કલબ ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી લી. ના ચેરમેન પરાગ અનિલ સોલંકી અને ડાયરેક્ટર ઊર્મિબેન પરાગ સોલંકીનું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે છેતરપીંડી અને મારમારીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં બે પુત્ર છે. જેમાં મોટો પુત્ર પરિવાર સાથે જર્મની રહે છે. જ્યારે નાનો પુત્ર જયેશભાઈ (ઉ.વ.૪૮) તેમની સાથે રહે છે. તેમના પતિ ગઈ તા.૦૪/૧૦/૨૦૨૩ ના અવસાન પામેલ છે. તેમના પતિ બેંક ઓફ ઇન્ડીયામાં નોકરી કરતા હતા. તેમના પતિ હયાત હતા ત્યારે તેમણે જ્ઞાતીના પરાગ સોલંકીના કહેવાથી તેની મંડળીમાં અમારા બંનેના નામનું સંયુક્ત ખાતું તા.૦૩/૦૫/૨૦૧૬ થી ખોલાવેલ હતુ. પરાગ સોલંકી અવાર-નવાર અમારા ઘરે આવતા અને એક દિવસ દંપતીને વાત કરેલ કે, તમે મારી મંડળીમાં રોકાણ કરો તમને સારૂ એવુ વળતર વ્યાજ સહીત આપીશ અને તમે જયારે માંગો ત્યારે તુરંત વ્યાજ સહીતના તમે રોકેલ રૂપિયા એક દિવસમાં જ પરત આપી દઈશ અને એફ.ડી. મુજબ નક્કી થયેલ મુદ્દતે નક્કી થયેલ દરનુ વ્યાજ ચુકવીશ તેવો વિશ્વાસ આપેલ હતો.

જે બાદ રૈયારોડ પર વૈશાલીનગરમાં આવેલ મેસન કલબ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. નામની મંડળીમાં દંપતીને સંયુક્ત થાપણદાર તરીકે મુડીનુ રોકાણ કરેલ હતુ. ફીકસ ડીપોઝીટ તા.૦૬/૦૩/૨૦૨૦ મુદ્દત ૨૪ મહીના તથા વ્યાજ દર ૧૦.૫૦ ટકાના દરે થાપણની રકમ રૂા.૫ લાખનું રોકાણ કરેલ હતું. જેમાં વારસદાર તરીકે નાના પુત્ર જયેશનુ નામ તેની પાકતી મુદ્દત તા.૦૬/૦૩/૨૦૨૨ ની હતી. તેમજ બીજી ફીકસ ડીપોઝીટ તા.૦૬/૦૫/૨૦૨૦ મુદ્દત ૩૬ મહીના તથા વ્યાજ દર ૧૦.૪૩ ટકાના દરે રૂા.૩.૪૫ લાખનું રોકાણ કરેલ હતું. તેમજ ફીકસ ડીપોઝીટ તા.૦૬/૧૧/૨૦૨૦ મુદ્દત ૨૪ મહીના વ્યાજ દર ૧૦.૫૦ ટકાના દરે રૂ.૫,૯૮,૯૫૦નું રોકાણ કરેલ હતું. જેમની પાકતી મુદ્દત તા.૦૬/૧૧/૨૦૨૨ હતી. તેમજ ફીકસ ડીપોઝીટ તા.૦૬/૦૩/૨૦૨૦ અને મુદ્દત ૨૪ મહીના વ્યાજ દર ૧૦.૫૦ ટકાના દરે રૂા.૫ લાખનું રોકાણ કરેલ અને તેની પાકતી મુદ્દત તા.૦૬/૦૩/૨૦૨૨ હતી. તેમજ ફીકસ ડીપોઝીટ તા.૦૬/૦૩/૨૦૨૧ અને મુદ્દત ૧૨ મહીના વ્યાજ દર ૧૦ ટકાના દરે રૂા.૫ લાખ મૂડી રોકાણ કરેલ અને તેની પાકતી મુદ્દત તા.૦૬/૦૩/૨૦૨૨ હતી. તેમજ ફીકસ ડીપોઝીટ તા.૧૪/૦૪/૨૦૨૦ અને

(અનુસંધાન ૧૨ મા પાને)

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

ફ્રી ઝોન પ્લોટ
મોકાની જગ્યા વેચવાની છે
ભાવનગર હાઈવે ટચ ૪૦૦૦ વાર આસપાસ
સરધારથી ૨ કીમી રોડ ટચ, હોટલ તેમજ પેટ્રોલ પંપ માટે બેસ્ટ લોકેશન
જયેશઃ ૯૮૨૪૫ ૦૮૫૨૧

જોઈએ છે
બહેન ઘરકામ માટે
બ્રહ્મ સંબંધ હોય તેવા (વલ્લભીય વૈષ્ણવ) બહેન ગૃહકાર્યમાં મદદ કરી શકે તેવા સમય : 11 થી 5 (Two Wheeler વાળાને પહેલી પસંદગી) સંપર્ક :
82383 83839

